Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં

મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ

ग

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ४१ग/८

पंजिका संख्या 24630/22.3.2002

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मध्यकालीन गुजरात नी सामाजिक स्थिति

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ...
आगत सं० ...
तिथि ...
गुरुकुल ग्रन्थालय कांगड़ी

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા-ગ્રંથાંક ૧૩
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
કુલપતિ ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં

મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ

રામલાલ ચુનીલાલ મોદી
પાટણ-ગુજરાત

CHECKED 1973
Initial

पुस्तकालय
गुरुकुल कांगड़ी

પ્રકાશકઃ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકઃ રસિકલાલ છો. પરીખ, અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ

વિ. સં. ૧૯૯૮ આવૃત્તિ પહેલી ઇ. સ. ૧૯૪૨
પ્રત ૫૦૦

કીમત સવા રૂપિયો

મુદ્રકઃ મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ., આદિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાતી ભાષાદ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી, તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોંપ્યું હતું. ૧૯૩૯ના માર્ચમાં મુંબઈ સરકારે નીચે જણાવેલી યોજના મંજૂર કરી દેણગી આપી હતીઃ

૧. ભાષા અને સાહિત્ય (Language & Literature)

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઊગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ.

૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અધ્યયનાત્મક નિબંધ,

૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન (સોસાયટીના હાથપ્રત-સંગ્રહ તથા બીજેની હાથપ્રતોને આધારે);

૨. ઇતિહાસ (History)

૧. ઇતિહાસ-સાધન ગ્રંથો,

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સચિત્ર);

૩. સમાજશાસ્ત્ર (Sociology)

૧. ગુજરાતની ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ ઉપર નિબંધ.

તે અન્વયે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજ૦ વર્ના૦ સો૦ **અમદાવાદ** તા. ૧૦-૨-૧૯૪૨	**રસિકલાલ છોટાલાલ પરીખ** અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

અદ્યતન સંશોધનપૂર્વક મધ્યકાલીન ગુજરાતનો રાજકીય ઇતિહાસ રા. દુર્ગાશંકર શાસ્ત્રી પાસે લખાવીને ગુજરાત-વર્નાક્યુલર સોસાયટીએ બે વર્ષ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો, પરન્તુ ગુજરાતનો સામાજિક ઇતિહાસ હજી લખાવો બાકી છે. શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યનું સં. દ્વયાશ્રય મહાકાવ્ય તે માટે ઘણી સામગ્રી પૂરી પાડી શકે એમ છે. તે સામગ્રીનો ઉપયોગ કરીને તૈયાર કરેલું આ પુસ્તક સામાજિક ઇતિહાસ નથી, પરન્તુ એક જ ગ્રન્થમાંથી સામાજિક તત્ત્વોની તારવણીરૂપે છે. અલબત્ત કોઈ કોઈ સ્થળે પાદટિપ્પણોમાં અને પરિશિષ્ટોમાં અન્ય કાવ્યો, પ્રબંધો, અને ઉત્કીર્ણ લેખોમાંથી થોડીક વિશેષ હકીકત આપી છે ખરી, પણ આ પુસ્તક સામાજિક ઇતિહાસ નથી, બીજાં ઘણાં પુસ્તકોમાંથી આવી તારવણી કર્યા પછી જ સામાજિક ઇતિહાસ તૈયાર થઈ શકે.

આ તારવણી પણ સંપૂર્ણ હોવાનો લેખકનો દાવો નથી. આ મહાકાવ્ય સામાજિક તત્ત્વોનો રત્નાકર છે. તેનાં બધાં જ રત્નો અહીં બહાર લાવવામાં આવ્યાં છે એમ કહી શકાય નહિ. તારવણી કરનારને કેટલીક હકીકત અગત્યની ન લાગવાથી તેણે છોડી દીધી હોય, કેટલીક તેની ધ્યાન બહાર પણ રહી ગઈ હોય અને કેટલીકને માટે બહુ ઊંડી ડૂબકી મારવાની જરૂર હોય, પણ તે તેનાથી બની શક્યું ન હોય. વળી આ કાર્ય માટે જોઈતો અવકાશ અને સાધનો લેખકને મળી શક્યાં નથી. રાજકીય ઇતિહાસ રા. દુર્ગાશંકર ભાઈની આખી જિંદગીના શ્રમનું ફળ છે. તેની સરખામણીમાં આ લેખકને મળેલો અવકાશ બહુ થોડો છે. આથી આમાં રહી ગયેલી ખામીઓ પ્રત્યે લેખકનું ધ્યાન ખેંચવામાં આવશે, તો તેના ઉપર ઉપકાર થશે અને નવી આવૃત્તિમાં સુધારા-વધારા કરવામાં આવશે. રાજકીય ઇતિહાસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણીનું કાર્ય આ પુસ્તક કેટલેક અંશે કરશે એમ ધારું છું.

આ પુસ્તકમાં હકીકતો બને તેટલા સંક્ષેપથી આપવામાં આવી છે. જો વિસ્તાર વધારવો હોત તો સૂચિત શ્લોકોનાં અક્ષરશઃ ભાષાન્તર આપીને વધારી શકાત, પણ તેથી મહાકાવ્યની શૈલીનાં વર્ણનો વાંચતાં વાચક કંટાળી જાત. આથી માત્ર હકીકતો સંક્ષેપમાં જ નોંધવામાં આવી છે અને અભ્યાસીને મૂળ ગ્રન્થ જોવાનું સુગમ પડે તેટલા સારુ દરેક હકીકતની પછી કૌંસમાં કાવ્યનો સર્ગ અને શ્લોકનો અંક જણાવેલો છે. હકીકતો નોંધવામાં પણ કલ્પનાના ભભકભર્યા રંગો તેમાં ભેળવીને શૈલીને આકર્ષક બનાવવામાં આવી નથી, પરન્તુ વૈજ્ઞાનિક દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને નક્કર માહિતી જ આપવામાં આવી છે. કલ્પનાના રંગો પૂરવાનું કામ તો નવલ–નવલિકા–ચિત્રવાર્તા (cine story)ના લેખકોને માટે બાકી રાખ્યું છે. અત્યારે ઐતિહાસિક વાર્તાઓની પશ્ચાદ્ભૂમિ અને તેનું વાતાવરણ ઘણે ભાગે કલ્પિત હોય છે, તે આમાંની સામગ્રીનો ઉપયોગ કરવાથી સત્ય બનશે. નક્કર હકીકતોનો સંગ્રહ હોવા છતાં, આમાંની ઘણીખરી હકીકતો નવી હોવાથી क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः । એ ન્યાયે તે રમણીય લાગશે અને પુસ્તક વાંચવું ગમશે એમ હું ધારું છું.

કાવ્યમાંથી મળતી હકીકતો વિષયવાર ગોઠવીને જુદાં જુદાં પ્રકરણોમાં આપવામાં આવી છે. કેટલીક હકીકતોમાં વિસ્તારની આવશ્યકતા હોવાથી બીજાં સાધનોનો ઉપયોગ કરવાની જરૂર પડી છે, તે હકીકતો પરિશિષ્ટોમાં આપી છે. એક પરિશિષ્ટ આ મહાકાવ્યના પ્રણેતા શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજીનું સંક્ષિપ્ત ચરિત્ર અને દ્વયાશ્રય કાવ્યની મહત્તાના વિવેચન માટે રોકવામાં આવ્યું છે, જ્યારે બીજામાં આ કાવ્યનાં વિશેષ નામોની સૂચિ મૂળ સ્થળો અને મનુષ્યોના પરિચય સાથે આપવામાં આવી છે. એ પરિચય આપવામાં મુખ્ય રીતે ટીકા ઉપર આધાર રાખ્યો છે. મૂળ ગ્રન્થ બોમ્બે સંસ્કૃત સીરીઝમાં બે પુસ્તકમાં પ્રકટ થયો છે, છતાં પણ તેમાં સૂચિ નથી. વળી તે ગ્રન્થ પ્રકટ થયા પહેલાં સ્વ મણિલાલ નભુભાઇએ તેનું ગુજરાતી ભાષાંતર કરીને વડોદરા રાજ્યની ભાષાન્તરમાળામાં આજથી આશરે પચાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષ ઉપર પ્રકટ કર્યું હતું,+ તેમાં પણ સૂચિ આપવામાં આવેલી નથી. આથી અભ્યાસીઓને બહુ મુશ્કેલી પડતી હતી. આ મુશ્કેલી આથી દૂર થશે એમ હું ધારું છું.

મારી સૂચનાથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાત, રજપૂતાના, સિંધ, કચ્છ-કાઠિયાવાડ આદિના સર્વે ઑફ ઇન્ડિયાના લગભગ નેવું નકશા મોટા ખરચે મંગાવ્યા હતા. તેની મદદથી આ કાવ્યમાં જણાવેલાં કેટલાંક સ્થળોનો નિર્ણય કરવાને હું સમર્થ થયો છું. ખાસ કરીને મૂળરાજના સમયની જમ્બુમાલી નદી જે અત્યારે લુપ્ત થઈ હશે અથવા તો કવિકલ્પનાનું પરિણામ હશે એમ મનાય છે, તે હું શોધી કાઢવાને સમર્થ થયો છું. તેની વિસ્તૃત ચર્ચા પરિશિષ્ટ ગ માં કરી છે. દ્વયા. કા. માં રાજ્યાધિકારીઓની કેટલીક પદવીઓ જોવામાં આવે છે, પણ તેમના અધિકારોની તેમાં સ્પષ્ટતા નથી. આથી તે પદવીઓ અને તે ઉપરાંતની તે સમયની બીજી પદવીઓના અધિકારોનું સ્પષ્ટીકરણ ઉત્કીર્ણ લેખો ઉપરથી કરીને પરિશિષ્ટ ઘ માં તેની વિસ્તૃત ચર્ચા કરી છે. આ કાવ્યમાં સુવર્ણસિદ્ધિ અને શકપ્રવર્તન સંબંધી ઉલ્લેખ છે. આના ઉપર પરિશિષ્ટ ચ માં વિશેષ પ્રકાશ નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તકના પૃ. ૨૯ ઉપર લખ્યું છે કે દ્વયા. કા. રચાયું ત્યાંસુધી કુમારપાલે જૈન ધર્મનો અંગીકાર કર્યો નહોતો, તો તેણે જૈન ધર્મની ક્યારે દીક્ષા લીધી હતી, તે સંબંધી સંશોધન પરિશિષ્ટ છ માં કર્યું છે.

પાદટિપ્પણોમાં કેટલાકની નીચે શ્રી. ડોલરરાય રંગીલદાસ માંકડની સહી વાંચવામાં આવશે. એ સંબંધી ખુલાસો કરવાની જરૂર છે. આ પુસ્તકની હાથપ્રત તેમણે તપાસી હતી અને કેટલીક અગત્યની સૂચનાઓ તેમણે કરી હતી. તેથી તેમણે કરેલી સૂચનાઓની નીચે તેમની સહી મૂકવામાં આવી છે. તેમણે આ પુસ્તક સંબંધી આપેલો અભિપ્રાય છેવટે આપવામાં આવ્યો છે. તેમના જેવા બહુશ્રુત પુરાવિદ્ વિદ્વાને કરેલી સૂચનાઓ અને આપેલા અભિપ્રાય માટે તેમનો આભાર માનું છું.

+ભાષાંતર ઇ. સ. ૧૮૯૩માં પ્રકટ થયું હતું, જ્યારે મૂળ ગ્રન્થનો પહેલો ભાગ ઈ. સ. ૧૯૧૫માં અને બીજો ઇ. સ. ૧૯૨૧માં પ્રકટ થયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એક જ બાબત વિશે પ્રાચીન વિદ્યાઓમાં રસ લેતી સંસ્થાઓનું ધ્યાન ખેંચી આ પ્રસ્તાવના પૂર્ણ કરીશ. દ્વયાશ્રય કાવ્ય બહુ કઠિન કાવ્ય છે. ટીકાની મદદ વિના સમજી શકાય તેવું નથી. એથી એનું ભાષાન્તર કરવું કેટલું મુશ્કેલ થઈ પડે તે સમજી શકાય એમ છે. તે સમયે તેનું ભાષાન્તર સ્વ. મણિલાલ નભુભાઇ સિવાય અન્યના હાથે આવું સરસ થવું શક્ય નહોતું અને વળી ભાષાન્તર છાપેલી પ્રત ઉપરથી નહિ પરન્તુ એક જ હસ્તલિખિત પ્રત ઉપરથી કરવામાં આવ્યું હતું એમ જ્યારે જોઇએ છીએ, ત્યારે ભાષાન્તરકારના પાંડિત્ય અને શક્તિ માટે અસાધારણ માન ઉત્પન્ન થાય છે. પરન્તુ મારા અભ્યાસ દરમ્યાન મને જણાયું છે કે ભાષાન્તર એક જ ત્રુટિત પ્રત ઉપરથી થયેલું હોવાથી સાંગોપાંગ શુદ્ધ બન્યું નથી. વળી તે સમયે ગુજરાતના પુરાતત્ત્વનો આટલો વિકાસ થયેલો નહિ અને હાલમાં મળતાં ઘણાં ઐતિહાસિક કાવ્યો અને પ્રબન્ધો પ્રકટ થયેલા નહિ, તેથી ભાષાન્તરમાં પણ ઘણી ખામીઓ રહી ગઈ છે. આથી મારી પ્રતમાં મારે પુષ્કળ જગ્યાએ સુધારા-વધારા કરવા પડ્યા છે. તે ઉપરાંત ભાષાન્તરની શૈલી પણ જૂના વખતના શાસ્ત્રીઓ અને પુરાણીઓની શૈલીને મળતી હોવાથી ભાષાન્તરની ભાષા ક્લિષ્ટ બની છે. આ બધાં કારણોથી આ કાવ્યનું નવેસરથી ભાષાન્તર કરાવવાની જરૂર છે. હાલ આ ભાષાન્તરનું પુસ્તક વેચાતું મળતું પણ નથી. આથી કોઈ સંસ્થા તેનું ભાષાન્તર નવેસરથી કરાવીને બહાર પાડશે તો તેનો ઇતિહાસના અભ્યાસીઓ ઉપર અનુગ્રહ થશે.

સોનીવાડો, પાટણ
તા. ૧૦-૨-૧૯૪૨

રામલાલ ચુ. મોદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

		વિષય	પૃષ્ઠ
પ્રકરણ	૧	નગર અને નગરજનો	૩
પ્રકરણ	૨	અન્ન અને વસ્ત્રાદિ	૮
પ્રકરણ	૩	સાંસારિક રીતરિવાજ	૧૨
પ્રકરણ	૪	ઉત્સવો અને વિલાસો	૧૬
પ્રકરણ	૫	ચમત્કારો અને વહેમો	૧૯
પ્રકરણ	૬	વિદ્યા, કલા અને ધર્મ	૨૩
પ્રકરણ	૭	ખેતી, ઉદ્યોગ, વેપાર	૩૦
પ્રકરણ	૮	સૈન્ય અને શસ્ત્રાસ્ત્ર	૩૩
પ્રકરણ	૯	રાજકુલ અને ઐતિહાસિક તત્ત્વ	૩૭
પ્રકરણ	૧૦	ભૌગોલિક તત્ત્વ	૪૧
પરિશિષ્ટ	क	દ્વ્યા. કા. નાં વિશેષનામોની સૂચિ	૪૭
પરિશિષ્ટ	ख	શ્રી. હેમચન્દ્રાચાર્ય અને દ્વ્યા. કા.	૬૨
પરિશિષ્ટ	ग	જમ્બુમાલી નદી ક્યાં આવી ?	૬૬
પરિશિષ્ટ	घ	સોલંકી સમયના રાજ્યાધિકારીઓ	૬૮
પરિશિષ્ટ	च	સુવર્ણસિદ્ધિ અને સંવત્સરપ્રવર્તન	૭૪
પરિશિષ્ટ	छ	કુમારપાલ ક્યારે જૈન થયો હતો ?	૭૮
સૂચિ			૮૫
પૂર્તિ			૯૫
અભિપ્રાય			૯૬



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં

મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

નગર અને નગરજનો

પ્રજાની સામાજિક સ્થિતિમાં નગરરચના મુખ્ય સ્થાન ભોગવે છે. નગરરચના અને ગૃહવ્યવસ્થા ઉપરથી રાષ્ટ્રની પ્રગતિનું માપ જાણી શકાય છે. દ્વ્યાશ્રયમાં પાટણ અને પાટણવાસીઓના વર્ણન સંબંધી આખો પહેલો સર્ગ રોક્યો છે, પરન્તુ તે ઉપરથી પાટણની નગરરચના સંબંધી કશો ખ્યાલ બાંધી શકાતો નથી. તેનો વિસ્તાર લંકા કરતાં પણ વિશેષ જણાવ્યો છે (૧, ૩૨), તે તો અત્યુક્તિ જ જણાય છે. નગરનો આકાર ગોળાકાર હતો કે ચોરસ-લંબચોરસ તે જાણી શકવાનું પણ સાધન નથી. એક સ્થળે પાટણને પૃથ્વીના સ્વસ્તિકરૂપ કહ્યું છે (૧, ૪), એ ઉપરથી તેનો આકાર સાથિયા જેવો હશે એમ કોઈ માને, પરન્તુ ત્યાં તો શ્રેષ્ઠતાસૂચક ઉપમા જ છે. પ્રાચીન પાટણની અત્યારે કંઈ નિશાની રહી નથી, તેથી તેનો આકાર કેવો હતો, તે કહી શકાય એમ નથી. પાટણના રાજદુર્ગની નિશાનીઓ અત્યારે અસ્તિત્વમાં રહી છે, તે ઉપરથી તેનો આકાર ગોળ હતો એમ સ્પષ્ટ રીતે જાણી શકાય છે, પણ નગરદુર્ગની કંઈ નિશાની બચી નથી. નગરની આસપાસ કોટ હતો એ ચોક્કસ છે. એક શ્લોકમાં જણાવ્યું છે કે નગરની ચારે બાજૂ કોટ હતો, તેને શેષ નાગની ફણા જેવાં ધોળાં શિખરો (બુરજો) હતાં અને તેના ઉપર ધજાઓ ફરકતી હતી (૧, ૧૨૭). શેષ નાગની ફણાની સાથે બુરજો સરખાવ્યાં હોવાથી, ટીકાકાર હજાર બુરજો જણાવે છે, તે જોતાં કોટનો વિસ્તાર બહુ મોટો હશે એ નિઃશંક છે. એક સ્થળે કોટની સાથે ખાઈ (પરિખા)નો અને તેના ઉપરના પૂલનો ઉલ્લેખ પણ છે (૧૭, ૧૩૪).[1] ત્યાં

---

૧ વસન્તવિલાસમાં પણ પાટણને કોટ અને તેને ફરતી ખાઈ (પરિખા) હોવાનું જણાવેલું છે (૨, ૪૩).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખ્યું છે કે જેવી રીતે ઈંટો (इष्टिका)નો ઢગલો કોટ અને ખાઈ ને જોડી દે છે, તે પ્રમાણે કામદેવે કાન્તાઓ અને કાન્તોનું મિલન કરાવ્યું.

નગરરચના સંબંધી માહિતી મળતી નથી. રસ્તાઓ કેવા પ્રકારના હતા, બજારો કેવા પ્રકારનાં હતાં અને મહોલ્લાઓની રચના કેવી હતી તેના ઉપર આ કાવ્યથી કંઈ પ્રકાશ પડતો નથી. માત્ર એક જગ્યાએ ઉપાનસ નામના અનાજના બજાર (અટ્ટ-હટ્ટ-હાટ)ની નોંધ છે. કુમારપાળ જ્યારે પરણીને ઘેર જતો હતો, ત્યારે ઉપાનસના બજારમાંથી લોકોએ તેને જોયો હતો એમ જણાવ્યું છે (૧૯, ૧૩૧).[૧]

ઘરબાંધણી વિશે પણ વિગતો મળતી નથી. ઘરને બારીઓ તથા બારણાં તો હશે જ. તે ઉપરાંત એક સ્થળે ગવાક્ષ (ગોખ)નો ઉલ્લેખ પણ આવે છે. તેમાં એમ લખ્યું છે કે સ્ત્રીઓ ગોખમાંથી હરિયાળી ભૂમિ અને નદીનું દર્શન કરે છે (૧, ૨૫). આ ઉપરથી જણાય છે કે ઘરને એક કરતાં વધારે માળ હોવા જોઈએ.[૨] ઘર બાંધવામાં ઈંટોનો ઉપયોગ થતો હતો એમ આપણે ઉપર જોયું. ઘરમાં કેવા પ્રકારનું રાચરચીલું હતું તે કાવ્ય ઉપરથી જણાતું નથી. માત્ર એક સ્થળે લખ્યું છે કે શ્રીમંતોના ઘરમાં રત્નદીપો રહેતા (૧, ૮૦).

નગરની બહાર બગીચાઓ હતા અને તેમાં લોકો વસન્ત આદિ ઋતુઓમાં ફરવા જતા હતા (૧, ૧૧૨).[૩] નદી સુધી વિસ્તરેલો દશાવતારી મંદિરનો એક વિશાળ બગીચો હતો (૧૩, ૨૯) એમ અન્ય સ્થળે જણાવ્યું છે.

નગરમાં વસનારા લોકોમાં ચાર વર્ણના વારંવાર ઉલ્લેખો આવે છે. બ્રાહ્મણોમાં ગોત્ર પ્રમાણે ભેદ હતા એમ જણાય છે, પરન્તુ સ્થાન

---

૧ સમરરાસુમાં પાટણમાં ચોરાસી ચૌટાં હોવાની નોંધ છે (૫).

૨ વસન્તવિલાસમાં ઘરોને ચન્દ્રશાલા (અગાસી) હોવાની નોંધ છે (૨, ૨૮).

૩ સોમેશ્વર કીર્તિકૌમુદીમાં લખે છે કે નગરને ફરતા બગીચાઓ (વનાવલિ) હતા, તે જાણે નગરના કોટની છાયા જેવા દેખાતા હતા (૧, ૫૦). સરસ્વતી પુરાણમાં પણ સહસ્રલિંગ સરોવરની પશ્ચિમે વિશાળ બગીચો (મહાવન) હોવાનું જણાવ્યું છે (૧૬, ૨૬૦).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે ભેદ જણાતા નથી. હાલની ઔદિચ્ય, શ્રીમાળી, મોઢ, આદિ પૃથક્ પૃથક્ જ્ઞાતિઓની નોંધ મળતી નથી, પરન્તુ નાગર બ્રાહ્મણોનો ઉલ્લેખ એક સ્થળે આવે છે (૧૯, ૬૦). અહીં તેમને नागरेयक બ્રાહ્મણો કહ્યા છે. કુમારપાળના લગ્નવિધિ માટે રાજપુરોહિત તેમને ખાસ બોલાવી લાવે છે, એ ઉપરથી જણાય છે કે તેઓ તે સમયે ક્રિયાકાંડમાં બહુ કુશલ હશે. મૂળમાં તેમને સાકાંશ્ય (સાકાંશ્ય નગરના ઉચ્ચ બ્રાહ્મણો) બ્રાહ્મણોથી પૂજ્યતર કહેલા છે અને ટીકાકારે પણ લખ્યું છે કે નાગર બ્રાહ્મણો બીજા બ્રાહ્મણો કરતાં ઉત્કૃષ્ટ મનાય છે. એ ઉપરથી જણાય છે કે નાગર બ્રાહ્મણોની શ્રેષ્ઠતા પ્રાચીન સમયથી છે. તેમના પેટા વિભાગો—વડનગરા, વીસનગરા, પ્રશ્નોરા વગેરે—ની નોંધ કાવ્યમાં નથી. મૂળરાજના સમયમાં હિમાદ્રિથી બ્રાહ્મણો આવ્યા હતા તેવું એક સ્થળે જણાવ્યું છે (૬, ૯) અને અન્ય સ્થળે સિદ્ધરાજે બ્રાહ્મણોને સિંહપુર (કાઠિયાવાડનું સિહોર) અને તેની આજુબાજુનાં ગામડાં આપ્યાની હકીકત છે (૧૫, ૯૭). આ ઔદિચ્ય બ્રાહ્મણો હોવા જોઈએ, પણ તેમના નામવિશેષનો ઉલ્લેખ નથી. કેટલાક બ્રાહ્મણો સૈન્યમાં સૈનિક તરીકે નોકરી કરતા હતા. કુમારપાલનો સેનાપતિ અને દંડનાયક કાક નામનો બ્રાહ્મણ હતો, જેણે બલ્લાલ ઉપર વિજય મેળવ્યો હતો (૧૬, ૨૩). પરન્તુ સૈનિક બ્રાહ્મણો હલકા ગણાતા હશે, કેમકે તેમને બ્રાહ્મણક કહ્યા છે (૧૮, ૫૯). ટીકાકાર તેમને કાંડપૃષ્ઠ બ્રાહ્મણો કહે છે. કેટલાક ગામોમાં એકલા બ્રાહ્મણો જ રહેતા અને તે ગામનું રક્ષણ પણ બ્રાહ્મણો જ કરતા હતા. આ રક્ષક બ્રાહ્મણો કાંડપૃષ્ઠ બ્રાહ્મણો કહેવાતા એમ ટીકાકાર જણાવે છે.[1]

ક્ષત્રિયોના પેટાવિભાગો પણ બધા જણાવેલા નથી. ગુજરાતના રાજ્યકર્તા ચૌલુક્યો અને આબુના પરમારોના નામોલ્લેખ છે, અને નાડોલના અને શાકંભરીના રાજાઓનું વર્ણન આવે છે, પરન્તુ તેમને ચૌહાણ તરીકે ઓળખાવ્યા નથી. એ ઉપરાંત કંઈક હલકા પ્રકારના

---

૧ એક સ્થળે જૈન બ્રાહ્મણોનો ઉલ્લેખ છે (૧૫, ૧૭). અત્યારે જૈન બ્રાહ્મણોની કોઈ ન્યાત જણાતી નથી. કદાચ જૈન ભોજકોને બ્રાહ્મણો ગણ્યા હોય તો કોણ જાણે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષત્રિયોની નોંધ પણ મળે છે, જેવા કે માહેયા અને રાષ્ટ્રીયા (૧૬, ૬), ટક્કા (૧, ૫૪), ખસા (૬, ૨૬) અને હૂણ. રાષ્ટ્રીયા તે રાઠોડો તો ન હોય? માહેયા તે મહીડા હશે?[1] નવઘણની લોકકથામાં 'મહીડો મારવો છે' એવો ઉલ્લેખ આવે છે. ટક્કા તે ટાંક રજપૂતો હશે? ટક્કા વિશે લખ્યું છે કે તેઓ પરપુરુષોનો બોલ સાંખે નહિ તેવા તેજસ્વી હતા અને ચૌલુક્યોની સેવા કરતા હતા. ખસા ક્ષત્રિયો કેદારની આસપાસ રહેતા એમ લખ્યું છે, તેથી તેઓ પહાડી પ્રજા હશે એમ લાગે છે. હાલના આસામના ખાસિયા લોકો તેમનામાંથી ઊતરી આવ્યા હશે. હૂણો પરદેશી હોય, તોપણ તે સમયે ક્ષત્રિયોમાં ભળી ગયા હશે, કેમકે ક્ષત્રિયો સાથે તેમને લગ્નસંબંધ હતો. દુર્લભદેવીના સ્વયંવરમાં હૂણ રાજા પણ આવ્યો હતો (૭, ૧૦૨). એક સ્થળે મેદ લોકો વિશે નોંધ છે (૪, ૪૬). આ હાલના મેર લોકો હશે એમ જણાય છે, જો કે ટીકાકાર તેમને ભિલ્લ જણાવે છે. મેવાડ દેશ (મેદપાટ)નું નામ તેમના ઉપરથી પડેલું છે.

વણિકોની પેટાન્યાતોનાં નામ પણ આ કાવ્યમાં નથી[2]. એક સ્થળે સાંયાત્રિક અથવા પોતવણિક–વહાણવટું કરનાર વાણિયાનો ઉલ્લેખ આવે છે (૩, ૨૪). લશ્કરની સાથે પણ વાણિયાઓ રહેતા અને છાવણીમાં દુકાનો માંડતા હતા એમ અન્ય સ્થળે જણાવ્યું છે (૩, ૧૩૦). તેઓ કટકિયા વાણિયા કહેવાતા. પરન્તુ આ ધંધાર્થી વાણિયાનાં નામો હતાં, ન્યાતનાં નહિ. વાણિયાના સ્વભાવ વિશે પણ એક નોંધ છે. ત્યાં જણાવ્યું છે કે વાણિયો લાભાલાભની દૃષ્ટિએ કોઈ કામનો આરંભ કરે છે અને યુદ્ધ માટે કાયર છે. (૧૮, ૮–૯).

શૂદ્રોમાં કઈ ન્યાતો ગણાતી હતી તે આ કાવ્ય ઉપરથી જાણવામાં આવતું નથી.

---

૧ ટીકામાં **महियड्डा** તરીકે ઓળખાવ્યા છે.

૨ અન્ય સાધનોથી જણાય છે કે વાણિયામાં પોરવાડ, શ્રીમાળી, મોઢ, વાયડા આદિ પેટાવિભાગો પડી ચૂક્યા હતા. શ્રીહેમચન્દ્રાચાર્ય મોઢ, મુંજાલ પોરવાડ, ઉદયન શ્રીમાળી, પદ્મમંત્રી વાયડા વાણિયા હતા એમ જાણી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિશૂદ્રોમાં કસાઈઓ નદીએ જવાના રસ્તા ઉપર રહેતા હતા એમ જણાય છે (૧૩, ૧૩). ચાંડાલોને નગરની બહાર રહેવાનું હતું (૧, ૧૪૬), પરન્તુ તેઓ બલિષ્ઠ, દઢબાહુ અને તેજસ્વી હતા એમ જણાવેલું છે (૩, ૧૧૬). ચમારોના કુંડ પણ ગામબહાર રહેતા (૧૩, ૧૪).

ભાષાન્તરકાર મ. ન. દ્વિવેદી જણાવે છે કે 'દીનાર' શબ્દ હેમચંદ્રાચાર્યે એક સ્થળે વાપર્યો છે, તે ઉપરથી જણાય છે કે તેમના સમયમાં ગુજરાતમાં મુસલમાનો આવેલા તો ખરા જ (પ્રસ્તાવના). એક શ્લોકના ભાષાન્તરમાં તેમણે 'દીનાર' શબ્દ વાપર્યો છે ખરો (૧૭, ૧૦૦), પરન્તુ મૂળ શ્લોકમાં અગર ટીકામાં એ શબ્દ છે જ નહિ; મૂળમાં તો કશું નથી, પણ ટીકામાં પણ 'દીનાર' નથી, પણ 'દ્રમ્મ' શબ્દ છે. પરન્તુ ગ્રાહરિપુના સૈન્યમાં મ્લેચ્છો (મુસલમાનો) હતા એમ એક સ્થળે જણાવ્યું છે (૫, ૫૯), એ ઉપરથી કાઠિયાવાડમાં મુસલમાનો આવ્યા હતા એ ચોક્કસ છે, પરન્તુ ગુજરાતમાં તેમનો પ્રવેશ થયો હતો કે નહિ એ સંદેહ પડતી વાત છે; કેમકે કાવ્યકારે સિંધના મુસલમાન હાકેમના સંબંધમાં લખ્યું છે કે તે રાત્રિએ ભોજન કરે છે (૬, ૧૯). મુસલમાનો રમઝાનમાં જ રાત્રિએ ભોજન કરે છે, કંઈ હંમેશાં રાત્રિએ ભોજન કરતા નથી. જો મુસલમાનો ગુજરાતમાં આવ્યા હોત તો કાવ્યકાર આવું અજ્ઞાન બતાવે નહિ.[૧]

---

૧ પ્ર. ચિ. ના માંગૂ ઝાલાના પ્રબંધમાં લખ્યું છે કે ગુજરાતના કોઇ રાજાના વખતમાં મુસલમાનોએ પાટણ લીધું હતું અને રાજા નાસી ગયો હતો. આ હકીકત ભીમદેવ પહેલાને લાગુ પડે છે. પણ મુસલમાનો પાટણમાં કાયમ માટે વસ્યા હોય તેમ જણાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

અન્ન અને વસ્ત્રાદિ

તે સમયે લોકોનો ખોરાક શો હતો તે સંબંધી થોડી થોડી માહિતી મળે છે. પ્રથમ આપણે ધાન્યનો વિચાર કરીએ. એક સ્થળે તે વખતના ખેતીના પાક ગણાવ્યા છે—મુદ્ગ, શાલિ, યવક, યવ, વ્રીહિ, ષષ્ઠી, અણુ, માષ, ઉમા, ભંગા, તિલ અને અલાબૂ (૧૮, ૧૮-૧૯).[1] આમાં મુદ્ગ તે મગ, શાલિ તે ચોખા, યવ તે જવ, વ્રીહિ તે ડાંગર, ષષ્ઠિ તે સાઠી ચોખા, માષ તે અડદ અને તિલ તે તલ એ સ્પષ્ટ છે. પરન્તુ યવક તે ઝીણા જવ હશે કે જુવાર? અણુ તે સરસવ હશે? ટીકાકાર મણિચવ્ય પાઠભેદ પણ નોંધે છે તો તે શું હશે? ઉમાનો અર્થ સંસ્કૃત કોશમાં હળદર આપેલો છે, પણ ટીકાકાર 'અતસ્ય:' કહે છે. ભંગાને ટીકાકાર સણધાન્ય કહે છે, તે કયું ધાન્ય? અલાબૂને ટીકાકાર તુમ્બકર કહે છે, તેથી તે તુવેર તો નહિ હોય? અલાબૂનો અર્થ સંસ્કૃતમાં દૂધી થાય છે. પાછળ ઉપાનસના બજારનો ઉલ્લેખ આવ્યો છે. એ કયું ધાન્ય હશે? ટીકાકાર ઉપાનસને એક જાતનું અન્ન કહે છે, તેથી ખાવાની વાની પણ હોય. એક સ્થળે તાંદળા (તંદુલ)ની પણ નોંધ છે (૧૭, ૧૨૪). આ તાંદળા બંટીના હશે? ગુડધાના (ગોળધાણા)ની નોંધ પણ એક સ્થળે છે (૧૯, ૭૯).

ખાવાની વાનીઓમાં મોદક અને અપૂપના ઉલ્લેખ વારંવાર

---

૧ નાભિનંદનોદ્ધાર પ્રબંધમાં ગુજરાતમાં મગ, તુવેર, અડદ, ઘઉં, ડાંગર અને જુવાર એ ધાન્ય તથા નારંગી, લીંબુ, જાંબુ, કેળ, કોઠાં, કરમદાં, ચારોળી, પીલુ, કેરી, સીતાફળ, બીજોરાં, ખજૂર, દ્રાક્ષ, શેરડી, ફણસ એ ફળો થતાં હતાં એમ જણાવ્યું છે (ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, ભા. ૨, પૃ. ૪૪૪). આ ઉપરાંત પ્રા. દ્વ્યા. માં સોપારી, શ્રીફળ, દાડમ, આમળાં અને બોર એ ફળો, અને ધાન્યમાં ચણાનો ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે (૧૭, ૪૦-૧૨૪; ૧૯, ૫૭). મોદક (લાડુ) તે તો આર્યાવર્તનું મુખ્ય મિષ્ટાન્ન છે. અપૂપને કેટલાક માલપૂડો ગણે છે, પણ ટીકાકાર તેને पिष्टकणिक्काघृतदध्यादि કહે છે. તેથી દહીં નાંખીને ચોખાની કણકીના લોટનો બનાવેલો પુલ્લો પણ વખતે અપૂપ કહેવાતો હોય. આપટેના કોશમાં તેને 'વડા' (મરાઠી) કહે છે. પરન્તુ વડાંને તો આ કાવ્યમાં વટક કહ્યાં છે (૩,૧૪૧) અને તે અડદના લોટનાં બનતાં એમ પણ જણાવ્યું છે. એ જ શ્લોકમાં કિલાટનો ઉલ્લેખ પણ છે, તેને ટીકાકાર क्षीरविकारविशेषः અથવા દૂધની ખાસ બનાવટ કહે છે. તેને હું માવો સમજું છું. હિંદીનો 'ખોહા' શબ્દ તેના ઉપરથી આવ્યો હોય એમ લાગે છે. એની પહેલાંના શ્લોકમાં મંડ આવે છે. તેને ટીકાકાર પોલિકા કહે છે, એટલે એ પોળી અથવા રોટલી જણાય છે. મરાઠીનો 'માંડે' અને ગુજરાતીનો 'માંડો' તે ઉપરથી થયા છે. દૂધની અન્ય વાની 'આમિક્ષા'ની નોંધ પણ મળે છે (૧૭, ૧૨૩). ટીકાકાર લખે છે કે शृते क्षीरे दधि क्षिप्तम् आमिक्षा-અર્થાત્ ઊકળતા દૂધમાં દહીં નાંખવાથી આમિક્ષા બને છે. તેથી એમ લાગે છે કે તે કદાચ બાસૂંદી હોય. એક સ્થળે ધાના અને શષ્કુલીનો ઉલ્લેખ છે (૫, ૧૧૬). ટીકાકાર ધાનાને भृष्टाः यवाः કહે છે, એટલે તે જવની ધાણી હોવી જોઈએ, પરન્તુ શષ્કુલી એટલે શું તે જણાવ્યું નથી, માત્ર તે પ્રસિદ્ધ ખાદ્ય છે એમ જણાવ્યું છે. ભાષાન્તરકાર તેને જલેબી કહે છે તે શા આધારે તે સમજાતું નથી. આપટેના કોશમાં તેનો અર્થ baked cake એટલે ભાખરી-દશમી આપ્યો છે. ટીકાકારે 'ખાદ્ય' શબ્દ વાપર્યો છે, તેથી તે ખાજું તો નહિ હોય ?[1] એક શ્લોકમાં ઊર્ણાયુ અને વટીનો ઉલ્લેખ કરેલો છે. (૧૮, ૭૩). ત્યાં લખ્યું છે કે અર્ણોરાજ શત્રુઓને ઊર્ણાયુ અને વટી જેવા માનીને હણતો હતો. વટીને ટીકાકાર એક પ્રકારનું વ્યંજન (ફરસાણ) કહે છે, તેથી તે આપણી વડી છે એ નિઃસંદેહ, પરન્તુ ઊર્ણાયુને ટીકાકાર ઉરણક (ઘેટું) અને ભાષાન્તરકાર

---

૧ પ્રબન્ધચિન્તામણિમાં એક સ્થળે કંદોઇની દુકાન (कान्दविकापण)નો ઉલ્લેખ આવે છે (કુમારપાલપ્રબંધ-૧)તેથી મીઠાઇઓ તે વખતે વિવિધ પ્રકારની થતી હશે એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોળીઓ (ઊર્ણનાભ) કહે છે તે બરાબર નથી. અહીં સહેલાઈથી ચાવી શકાય તેવા ખાદ્ય પદાર્થ માટે વડીની સાથે 'ઊર્ણાયુ' શબ્દ યોજેલો છે, તેથી તે ઊર્ણા (ઊન)ના જેવો ખાદ્ય પદાર્થ સૂતરફેની કે સેવ (ઘઉંની કણેકના તાર વણીને બનાવવામાં આવે છે તે) હશે એમ ધારું છું. એક જગ્યાએ જણાવ્યું છે કે તાપ લાગ્યો હોય તો કરંભક ખાવામાં આવે છે (૩, ૧૩૪). તેનો અર્થ ટીકાકારે દધિ–સક્તુ એટલે દહીં અને સાથવો લખ્યો છે. એક સ્થળે ભાક્તશાલિ એટલે ભાગેલા–ખાંડેલા ચોખાનો નિર્દેશ છે, તેથી આપણો 'ભાત' શબ્દ ભાક્ત ઉપરથી થયો હશે એમ જણાય છે, અથવા તે સમયે 'ભાત' શબ્દ વપરાતો હોય અને તેનું સંસ્કૃત નામ કાવ્યકારે યોજ્યું હોય એમ પણ બને.

પહેરવેશમાં પ્રથમ સ્ત્રીનાં વસ્ત્રો લઈશું. કુલવતી સ્ત્રીઓ સર્વ અંગ ઢંકાય તેવાં વસ્ત્રો પહેરતી હતી (૧, ૫૦). વળી એક સ્થળે લખ્યું છે કે ઊંચા કુલની સ્ત્રીઓ 'નીરંગી' નામના કપડાથી મુખ ઢાંકતી હતી (૭, ૮૬); એટલે તે વખતે ગુજરાતમાં પણ પડદાનો રિવાજ પ્રચલિત હોય એમ જણાય છે. સ્ત્રીઓના પોશાકમાં અધોવસ્ત્ર અને ઉત્તરીય બંને જણાવેલાં છે (૧૦, ૩૭), તેથી એમ જણાય છે કે તે વખતે ચણિયો[1] અને સાડી (૫, ૧૩૦ની ટીકામાં શાટિકા શબ્દ છે) બંને પહેરવામાં આવતાં હતાં. ચોલી (ચોલક) અને કાંચળી (કંચુકી) એ બંનેનો સ્ત્રીઓનાં વસ્ત્રોમાં સમાવેશ થતો હતો. કુમારી કન્યાઓ કાંચળીઓ પહેરતી નહિ, પણ પીઠ ઢંકાય તેવી ચોળીઓ પહેરતી હતી (૯, ૧૪૫). વિધવા સ્ત્રીઓ ચામડું ઓઢતી એમ એક સ્થળે નોંધ છે (૪, ૬૫), પણ તે ગ્રાહરિપુના સૈન્યના વર્ણનમાં નિર્દેશ છે, એટલે સોરઠની અમુક કોમમાં તે રિવાજ હશે એમ સમજાય છે. સ્ત્રીઓ રંગબેરંગી અને કીમતી વસ્ત્રો પણ વસાવતી. મજીઠના ઉલ્લેખો ઘણા મળે છે. કસૂંબાના રંગથી રંગેલાં અને સો રૂપિયા કરતાં પણ વધારે કીમતનાં સ્ત્રીનાં વસ્ત્રોની નોંધ છે (૧૭, ૭૬–૭૭). સ્ત્રીઓ

---

૧ પ્રબંધચિંતામણિમાં 'ચંડાતક' (ચણિયો ?)નો ઉલ્લેખ છે. (સિ. પ્ર. ૪૯) ભા. કા. તેનો અર્થ ટૂંકો ઘાઘરો કરે છે. આ વસ્ત્ર પુરુષના પરિધાનમાં (યોગી વેષ) જણાવ્યું છે, તેથી તે વખતે ચડ્ડી પણ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન વગેરે ઉત્સવોમાં પગની પાનીઓ કુંકુમ (કેસર અથવા કંકુ)થી રંગતી હતી (૯, ૧૬૯), પણ મેંદીનો ઉપયોગ તે કાળમાં થતો હોય તેમ જણાતું નથી. સ્ત્રીઓનાં અન્ય પ્રસાધનો (toilet) સંબંધી માહિતી મળતી નથી. વિશિષ્ટ પ્રકારના અલંકારો પણ કાવ્યકાર જણાવતા નથી.

પુરુષોના પોષાકમાં કિનારીવાળાં અને કિનારીવિનાનાં ધોતિયાંનો ઉલ્લેખ મળે છે (૨૦, ૨૯). ધોતિયાં પગની પાની સુધી નીચાં પહેરવામાં આવતાં હતાં એવી પણ નોંધ છે (૧૮, ૨૩), એથી એમ જણાય છે કે તે કાળે મારવાડ–મેવાડના લોકોની માફક કછોટો મારવાનો રિવાજ ગુજરાતમાં નહિ હોય. એક સ્થળે સોરઠના પુરુષોને સ્ત્રીવેષવાળા કહ્યા છે (૫, ૧૩૦), તેનો ખુલાસો ટીકાકારે એવો કર્યો છે કે સોરઠના લોકો કાછડી ઘાલતા નથી, પણ પાની સુધી સાડીની માફક વસ્ત્ર પહેરે છે. આ ઉપરથી જણાય છે કે ગુજરાતમાં કાછડી ઘાલવાનો રિવાજ હશે, પણ સોરઠમાં નહિ હોય.[1] પુરુષો પાવડીઓ (અનુપદીનિકા) પહેરતા (૧૮, ૨૩) અને તડકામાં મોરનાં પીંછાંની બનાવેલી છત્રીઓ ઓઢતા હતા (૯, ૧૨),[2] તેમ જ મૂછ–શ્મશ્રૂ (ટી. દંષ્ટ્રિકા) અને કૂર્ચ (ટી. દાઢિકા) રાખતા હતા એવા ઉલ્લેખો છે. (૮, ૧૨) (૭, ૧૨૮).

---

૧ વિક્રમાંકદેવચરિતના कक्षावन्धं विदधति न ये વાળા પ્રસિદ્ધ શ્લોકમાં બિલ્હણે કહ્યું છે કે ગુર્જરો કાછડી ઘાલતા નથી, તે કાઠિયાવાડના લોકોને ઉદ્દેશીને હશે અથવા તો રજપૂતાના–માળવા આદિના લોકોના કાછોટાનો તેમાં અર્થ હશે એમ લાગે છે. જો ગુજરાતીઓમાં કાછડી ઘાલવાનો રિવાજ ન હોત તો કાવ્યકાર સોરઠીઓની મશ્કરી કરત નહિ.

૨ ચોમાસામાં ઓઢવાની છત્રી વાંસની થતી હશે એમ પ્ર. ચિં. માં સંગૃહીત નીચેના પ્રાકૃત શ્લોકના ઉત્તરાર્ધથી જણાય છેઃ—

छित्तुण रायवंसे इक्कं छत्तं कयं जेण । (પૃ. ૧૨૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩

સાંસારિક રીતરિવાજ

સાંસારિક રિવાજોમાં મુખ્ય લગ્નનો રિવાજ ગણી શકાય. તે વખતે હાલની માફક ઘણી કન્યાઓનો બાપ કમનસીબ ગણાતો (૧૮, ૬૨). લગ્નવિધિમાં પ્રથમ ઉદ્વાહમંગલની ક્રિયા થતી. તે પ્રસંગે વરને ભેટો આપવામાં આવતી હતો (૧૯, ૨૩–૨૪). ઓગણીસમા સર્ગમાં લગ્નક્રિયાનું વિસ્તારથી વર્ણન છે. વર પરણવા માટે સાસરે જાય તે વખતે શુકનમાં યવથી ભરેલાં માટીનાં વાસણો આગળ રાખવામાં આવતાં હતાં અને કન્યાપક્ષ તરફથી પણ માટીનાં વાસણો સામાં મોકલીને સત્કાર થતો હતો (૫૫). બારણા આગળ કન્યાપક્ષની સ્ત્રીઓ વરને 'દધિમય' તિલક કરતી (૫૬). 'દધિમય'નો અર્થ ટીકાકાર દધિસ્વરૂપ કરે છે એટલે દહીં જેવું ધોળું. આથી એમ સમજાય છે કે સાક્ષાત્ દહીંનું તિલક તો નહિ જ થતું હોય, કદાચ કંકુના તિલક ઉપર અક્ષત કે મોતી ચોઢવાથી દહીં જેવું લાગતું હશે. ત્યારપછી વર સંપુટને ભાગીને ઘરમાં પ્રવેશ કરતો (૫૮). ટીકામાં સંપુટને लवणाग्निगर्भं शरावम् કહ્યું છે, તેથી સંપુટ હાલની માફક બે માટીનાં કોડિયાંની વચમાં મીઠાનો ગાંગડો મૂકીને બનાવતા હશે. ઘરમાં દાખલ થયા પછી વર માતૃવેશ્મમાં (માતૃગૃહ–માહ્યરું) જતો (૫૯). ત્યારપછી પુરોહિત વિદ્વાન્ બ્રાહ્મણોને લઈને ત્યાં આવતો (૬૦). પછી કન્યાને ત્યાં લાવવામાં આવતી અને પુરોહિત હસ્તમેલાપ કરાવતો (૬૧–૬૨). અન્યસ્થળે મધુપર્કની ક્રિયાનો પણ ઉલ્લેખ છે. આ ક્રિયા જે બ્રાહ્મણો અન્નનો ત્યાગ કરી માત્ર દૂધનો જ આહાર કરતા હોય તેઓ જ કરાવતા (૭, ૧૧૧). તે વખતે બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરતા અને સ્ત્રીઓ ધવલ (ધોળ) ગાતી (૧૯, ૬૩–૬૪). આમાંના એક ધવલનો ભાવાર્થ આપવામાં આવ્યો છે–'વજ્ર જેવા કઠિન હાથથી પદ્મ જેવા કોમળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથને ગ્રહણ કરતો ચોર આપણી સખીને ચોરી જાય છે' (૬૫). આ ધવલનો ભાવાર્થ આપણા હાલના ગીત 'આવ્યો આવ્યો ચૌટાનો ચોર, લાખેણી લાડી લેઈ ગયો રે' ને મળતો જ છે. તે વખતે અણવર (અનુવર) લાડુ માગતો હતો (૬૭). અણવરની મશ્કરીનાં ગીતો પણ ગવાતાં હતાં (૬૭ થી ૭૧). ત્યારપછી પુરોહિત અગ્નિ પ્રગટાવતો અને બ્રાહ્મણો આહૂતિ આપતા (૭૨-૭૩). વરકન્યા અગ્નિની પ્રદક્ષિણા કરતાં અને સ્ત્રીઓ મંગલ ગાતી (૭૫). અહીં ચોરી બાંધવાનું લખ્યું નથી, પણ આ ક્રિયા ચોરીના મંગળ ફેરાની જ સમજાય છે. મંગળ ફેરા ફરી રહ્યા પછી વરનો સાળો વરનો અંગૂઠો પકડીને તેની પાસે ભેટ માગતો (૭૬. ૭૮) 'તારે ગોળ ધાણા જોઇએ છે?' એમ કહીને વર તેની મશ્કરી કરતો (૭૯). પણ છેવટે તેને પોતાની સ્થિતિ પ્રમાણે ભેટ આપતો. (૮૩) કન્યાપક્ષ તરફથી પણ વરને પહેરામણી મળતી (૮૪-૮૫). ત્યારપછી હાથેવાળો છોડવામાં આવતો (૮૮) અને બ્રાહ્મણોને દક્ષિણા આપી લગ્નવિધિની સમાપ્તિ કરવામાં આવતી. વરને સાસરામાં પોંખવાનો રિવાજ જણાતો નથી, પણ પરણીને ઘેર આવતો તે વખતે પોતાના ઘેર પોંખવામાં આવતો. પોંખવામાં ઇંડી, પીંડી, ધૂસળ, મૂસળ, આદિ પોંખણાંનો ઉપયોગ થતો હોય તેમ જણાતું નથી, પરન્તુ કુમારિકાઓએ કાંતેલા સૂતરથી પોંખવામાં આવતો. મૂળમાં પોંખવાની ક્રિયાને માટે मेयास શબ્દ વાપરેલો છે, પણ ટીકામાં તેનો અર્થ 'પુંખણ' આપ્યો છે. તે વખતે લૂણ ઉતારવાની ક્રિયા પણ થતી હતી. મૂળમાં તો લૂણ ઉતારવાનું નથી, પણ ટીકાકારે લખ્યું છે કે સ્ત્રીઓ વરની આગળ ઊભી રહી નજર (દષ્ટિદોષ) ન લાગે તેટલા માટે લૂણ ઉતારતી (लवणोत्तारण) અને ગીતો ગાતી (૯, ૧૬૯). આ લૂણ ઉતારવું એટલે માથે મીઠું ઉતારી ફેંકી દેવાની ક્રિયા જણાય છે. હાલની માફક તાંબાની લોટીમાં મીઠું નાખી વરની બેન પરણવા જતી વખત તેના માથા ઉપર ખખડાવે છે, તેવી ક્રિયા જણાતી નથી.

મયણલ્લાને કર્ણને પરણાવવા અને ઝલ્હણાને કુમારપાલને પરણાવવા વરના ગામમાં મોકલવામાં આવે છે, તેથી શું એમ ધારવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે વખતે પરગામની કન્યાએ પરણવાને વરના ગામમાં આવતી હશે અને વરની જાન સાસરાને ગામ નહિ જતી હોય ? હું ધારું છું કે તેવો ખાસ ઊલટો રિવાજ નહિ હોય, પરન્તુ રાજાએ અન્ય રાજ્યમાં પરણવા જાય તો દગાફટકાની દહેશતને લીધે આમ કરવામાં આવ્યું હશે. તેમાંએ કુમારપાલથી તેનો સસરો અર્ણોરાજ હાર્યો હતો, તે માટે સવિશેષ સાવધ રહેવાની જરૂર હતી. રજપૂતોમાં ખાંડું મોકલી પરણવાનો રિવાજ પણ આ હેતુસર પડ્યો હશે એમ જણાય છે.

પરન્તુ દુર્લભરાજનું લગ્ન સાસરાના ગામમાં થયું હતું, કારણ કે તે સ્વયંવરથી પરણ્યો હતો. તે વખતે સ્વયંવરનો રિવાજ ખરેખર[૧] પ્રચલિત હશે ખરો કે મહાકાવ્યમાં સ્વયંવરનું વર્ણન હોવું જોઈએ એમ સમજીને આવું વર્ણન કરવામાં આવ્યું હશે ? કારણ કે આ વર્ણન પ્રાચીન કાળના સ્વયંવરના વિધિ જેવું જ છે, તેમાં ખાસ વિશિષ્ટતા જણાતી નથી.

સીમંતના વિધિનો કોઈ સ્થળે ઉલ્લેખ નથી. મયણલ્લા ગર્ભવતી થઈ ત્યારે કર્ણે તેના દોહદ પૂર્યા હતા એમ લખ્યું છે, પણ સીમંત-સંસ્કારનો ત્યાં નિર્દેશ નથી. (૧૧, ૬). પ્રસવ સુખરૂપ થાય તેટલા માટે બ્રાહ્મણો પાસે હોમહવન અને જપધ્યાન કરાવવામાં આવતાં (૧૧, ૧૧–૧૨). તે ઉપરાંત ગર્ભવિઘ્નના નિવારણ માટે ગાયોને જમીન ઉપર દોહવામાં આવતી–દૂધની સીધી ધારાઓથી પૃથ્વીને તૃપ્ત કરવામાં આવતી (૧૧–૧૦). એક બે શ્લોકમાં ગર્ભવતી સ્ત્રીએ પાળવાના નિયમો આપ્યા છે, તે જાણવા જેવા છેઃ—બહુ ધીમેથી બોલવું, નીવી નરમ બાંધવી, દારૂ આદિનો કેફ કરવો નહિ, બહુ ચાલવું નહિ, ચરણ પ્રસારવા નહિ, મદ્યભૂમિમાં ફરવું નહિ કે ત્યાં કંઈ બોલવું નહિ અને ઋતુમતી સ્ત્રીની પાસે જવું નહિ કે તેની સાથે સંભાષણ કરવું નહિ (૧૧, ૧૩–૧૪). પુત્રજન્મ વખતે કુંકુમ ઘોળીને ઉત્સવ કરવામાં આવતો (૧૧, ૨૪) અને વિદ્યાર્થીઓ પાસે સૂતમાતૃકાનો

---

[૧] પૃથ્વીરાજની પત્ની સંયુક્તાનો સ્વયંવર થયો હતો એમ 'પૃથ્વીરાજ રાસા'માં જણાવ્યું છે, પણ એ કાવ્યની હકીકત વિશ્વસનીય નથી એમ સિદ્ધ થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ કરાવવામાં આવતો અને નામકરણનો વિધિ થતો (૧૧, ૩૮–૩૯). રાજકુમારો અને પૈસાદારોનાં બાલકો માટે ધાવો રાખવામાં આવતી (૨૦–૬૫). આ ધાવો દારૂ ન પીનારી અને દારૂડિયાનો સંગ ન કરનારી પસંદ કરવામાં આવતી (૧૧, ૪૨),

શ્રીમંત લોકો ત્રણ કે ચાર સ્ત્રીઓ પરણતા હતા (૨, ૯).[1]

---

૧ હાલ જે ન્યાતોમાં બે સ્ત્રીઓ કરવાનો રિવાજ નથી (વડનગરા નાગર બ્રાહ્મણો અને વાયડા વાણિયા), તેમનામાં પણ તે કાળે બે ત્રણ સ્ત્રીઓ પરણવાનો રિવાજ હોય એમ જણાય છે. વડનગરા નાગર બ્રાહ્મણ કી. કૌ. ના કર્તા સોમેશ્વરના એક પૂર્વજને ત્રણ સ્ત્રીઓ હતી (सुरथोत्सव) અને વાયડા વાણિયા પદ્મમંત્રીને પણ તેટલી સ્ત્રીઓ હતી. (पद्मानंदकाव्य)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪

ઉત્સવો અને વિલાસો

સામાજિક જીવનમાં ઉત્સવો અને વિલાસો અગત્યનું સ્થાન રોકે છે. આ કાવ્યમાં કેટલાક ઉત્સવોનું વર્ણન છે. કાર્તિક સુદ એકમે બલિમહ-નો ઉત્સવ થતો હતો (૩. ૩૨). મૂળમાં એમ છે કે તે દિવસે સ્ત્રીઓ પોતાના પુત્રો અને પુત્રવધૂઓને ચિરંજીવી અને સમૃદ્ધિમાન્ થવાના આશીર્વાદ આપતી. ટીકામાં એમ છે કે કાર્તિક વદ અમાસે (પૂર્ણિ-માન્ત માસગણના પ્રમાણે, અમાન્ત પ્રમાણે આસો વદ અમાસ) અને કાર્તિક સુદ એકમે લોકો સારાં કપડાં લત્તાં પહેરીને અને તાંબૂલ–ભક્ષણ કરીને પોતાની બહેનો વગેરેને નમસ્કાર કરતા અને તેઓ તેમને ચન્દનથી વધાવીને આશીર્વાદ આપતી, જેથી આખું વર્ષ આનન્દમાં પસાર થાય. દિવાળીના દિવસો કેવી રીતે ઊજવવામાં આવતા તેનો ઉલ્લેખ નથી. વસન્તોત્સવની હકીકત પણ થોડે અંશે મળે છે. મૂળમાં એમ છે કે ચારે વર્ણોના લોકો ગ્રીષ્મદોલામાં શંકરનાં દર્શન કરતા હતા (૫, ૧૪૧). ટીકામાં લખ્યું છે કે ફાગણની પૂનમે ગ્રીષ્મપર્વ ગણાય છે. તે દિવસે ઢૂંઢા નામની રાક્ષસીનો ઉપદ્રવ બાળકો લાકડાની તલવારના પટા ખેલીને નિવારે છે અને ચારે વર્ણના લોકો ગ્રીષ્મના ઉતારને માટે લોકાચાર પ્રમાણે સોમનાથની વિશેષ પૂજા કરે છે. તે દિવસે હોળી સળગાવવામાં આવતી હતી કે કેમ તે કંઇ જણાવ્યું નથી. ચૈત્ર સુદ ૧૪ ના દિવસે શંકર–પાર્વતીને દોલામાં ઝુલાવીને ધામધૂમપૂર્વક દોલોત્સવ ઊજવવામાં આવતો. અત્યારે ફાગણ વદ ૧ ના રોજ વિષ્ણુનાં મંદિરોમાં દોલોત્સવ ઉજવાય છે. આમલકી એકાદશી ફાગણ સુદ ૧૧ મહા પર્વનો દિવસ ગણાતો (૨૦, ૫). તે દિવસે વિષ્ણુની મહાપૂજા થતી હતી એમ ટીકાકાર કહે છે, તે દિવસે કસાઈને ત્યાં પશુઓ વેચવા લઇ જતા માણસને જોઇને કુમારપાળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંસાનો નિષેધ કર્યો હતો. આસો માસમાં નવરાત્રિનું પર્વ ઉજવાતું. તે પર્વમાં બ્રાહ્મણો સપ્તશતી (ચંડીપાઠ)નું પારાયણ કરી યજમાનોને આશીર્વાદ આપતા હતા (૩, ૬). તે સમયે માતાના મંદિરમાં પશુ-વધ થતો હોય તેમ જણાતું નથી. આસો માસની સુદ આઠમથી પૂનમ સુધીમાં ઇન્દ્રમહોત્સવ કરવામાં આવતો હતો (૩, ૮). તે ઉત્સવમાં એક ઊંચા સ્તંભ ઉપર મોટી ધજા ચઢાવવામાં આવતી અને લોકો તેનાં દર્શન કરતા હતા. અત્યારે આ ઉત્સવ ગુજરાતમાં થતો નથી, માત્ર જૈનોના જલજાત્રાના ધાર્મિક વરઘોડામાં આરંભમાં ઇન્દ્ર-ધજા રાખવામાં આવે છે, એટલી નિશાની એ ઉત્સવની રહી ગઈ છે. આ ઉત્સવ ક્યારે બંધ થયો હશે ? ભાગવતમાં કથા છે કે કૃષ્ણે ઇન્દ્રમહોત્સવ બંધ કરાવી ગોવર્ધનમહોત્સવ ચાલુ કર્યો હતો. કાર્તિક સુદ એકમે હજી પણ વૈષ્ણવ મંદિરોમાં ગોવર્ધનપૂજા થાય છે. આથી મારું ધારવું એવું છે કે ગુજરાતમાં વૈષ્ણવધર્મના પ્રચાર પછી ઇન્દ્ર-મહોત્સવ બંધ થયો હશે. આ વાર્ષિક ઉત્સવો ઉપરાંત બે માસિક ઉત્સવોના ઉલ્લેખો મળે છે. દર મહિનાની સુદ બીજના દિવસે લોકો કલ્યાણને માટે ચન્દ્રદર્શન કરતા હતા અને તે તિથિ કલ્યાણીદ્વિતીયા કહેવાતી હતી (૨૦, ૩). કેટલાક એમ ધારે છે કે સુદ બીજના દિવસે ચન્દ્રદર્શન કરવાનો રિવાજ મુસલમાનોના અનુકરણરૂપે છે, તે મંતવ્ય આથી નિર્મૂળ સિદ્ધ થાય છે. પ્રતિમાસની સુદ તેરસથી પૂનમ સુધીમાં યાત્રામહોત્સવ થતો અને તે જોવા આઠદશ ગાઉથી લોકો રાજધાનીમાં આવતા હતા (૩, ૬૭). આ ઉત્સવ ઊજવવાની રીત ટીકાકારે જણાવી નથી અને અત્યારે આ ઉત્સવ પણ પ્રચાર-માંથી નીકળી ગયો છે.

લોકોના વિલાસોમાં મદિરાપાન મહત્ત્વનો ભાગ ભજવતું. રતિ-પ્રસંગે તેનો ખાસ ઉપયોગ થતો (૧, ૫; ૧૭, ૧૧૨–૧૧૪). રાજ-મહેલમાં મદ્યને માટે અલગ જગ્યા રહેતી, જે મદ્યભૂમિ કહેવાતી અને રાણીઓ પણ છૂટથી મદિરાપાન કરતી (૧૧, ૧૩–૧૪). દારૂ જેમ વધારે જૂનો હોય, તેમ વધારે સારો ગણાતો (૧૮, ૧૨), હાલા નામનો દારૂ ચોખામાંથી બનતો હતો (૧૭, ૧૭૯). હાલ પણ 'સાકે'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનો દારૂ જાપાનમાં ચોખામાંથી બનાવવામાં આવે છે. રાજધાનીમાં દારૂનાં પીઠાં મોડી રાત સુધી ઉઘાડાં રહેતાં અને ત્યાં દારૂડિયા ભેગા થઇને ગામગપાટા મારતા હતા (૧૩, ૬–૭).

જુગારની બદી દારૂ જેટલી તો નહિ, પણ કંઇક અંશે લોકોમાં ફેલાયેલી હતી. સ્ત્રીઓ પણ જુગાર રમતી હતી (૪, ૪૪). પંચિકા નામનો જુગાર પાંચ સળીઓ કે પાસાથી રમાતો હતો. કાઠિયાવાડમાં છોકરીઓ પાંચિકાની રમત રમે છે, તે આમાંથી ઊતરી આવેલી જણાય છે. ચોપાટ, શેતરંજ કે દશાવતારી પાનાની રમત રમાતી હોય તેમ જણાતું નથી.[1] એક ચૂતભંજિકા નામની રમતનો ઉલ્લેખ મળે છે (૫, ૬૬). ટીકાકારે તેનો ખુલાસો કર્યો નથી, પણ કેરી ભાગવાની કોઈ રમત હશે એમ લાગે છે.

ઘર બહારની રમતોમાં ગામડિયાઓ ગેડીદડાની રમત રમતા હતા અને મુષ્ટિયુદ્ધ કરતા હતા (૩, ૧૦). શહેરના લોકો આખલાની સાઠમારી (Bull-fight) કરતા હતા અને વાહનો દોડાવવાની શરતો કરતા હતા (૧, ૬૧).

શિકારનો શોખ પણ લોકોમાં તે વખતે ઘણો હોય તેમ જણાય છે. શિકારીઓ કૂતરાઓ રાખતા અને તેનાથી મૃગોનો શિકાર કરતા (૨, ૮૬). દંતાળિયા સૂવરોને કૂતરાઓ પાસે પકડાવી તેમને બાણોથી વીંધી નાખવામાં આવતા (૩, ૨૩૧).

લોકો ગામ બહાર બગીચાઓમાં ફરવા જતા હતા એ વાત પહેલા પ્રકરણમાં જણાવી છે. સ્ત્રીઓ પણ બગીચાઓમાં ફરવા જતી હતી એવો અન્ય સ્થળે ઉલ્લેખ છે (૧, ૧૧), તેમ જ જલાશયોમાં સ્ત્રી પુરુષો સાથે જલક્રીડા પણ કરતાં હતાં (૧૭, ૩૫ ૭૧). આ ઉપરથી જણાય છે કે સહક્રીડા અને સમૂહવિહારની ભાવના આપણામાં તે કાળમાં પણ હતી.

---

૧ પ્ર. ચિં. માં સોગઠાં (શાર)ની રમતનો ઉલ્લેખ છે (કુ. ૫.–શ્લો. ૩૩). આ કઈ રમત હશે—ચોપાટ કે શેતરંજ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫

ચમત્કારો અને વહેમો

લોકમાનસ સમજવાને તેમનામાં ચાલતી ચમત્કારોની કથાઓ અને વહેમોનો અભ્યાસ નૃવંશવિદ્યાનો એક ભાગ છે. તેથી આ કાવ્યમાં આવતા ચમત્કારો અને જનસમાજમાં પ્રચલિત વહેમોનું નિરીક્ષણ આપણે કરીશું.

આ કાવ્યમાં અમાનુષી ચમત્કારોનું વર્ણન ત્રણ સ્થળે છે.[૧] બારમા સર્ગમાં બર્બરક સાથે સિદ્ધરાજના યુદ્ધનું વર્ણન છે. બર્બરકને રાક્ષસ કહેવામાં આવ્યો છે. તેણે સિદ્ધરાજ ઉપર શિલાઓ અને તરુખંડોનો વરસાદ વરસાવ્યો હતો. તે સમુદ્ર આદિ જલાશયોમાં પાણીની અંદર ફરી શકતો એમ પણ જણાવ્યું છે. બર્બરક પાસે શિલાક્ષેપક યંત્ર (catapult) અને બૂડબોટ (submarine) જેવાં સાધનો હોય તો અત્યારે આપણે તેને ચમત્કાર ન ગણી શકીએ, પરન્તુ તે સમયે તો આ અમાનુષી ચમત્કાર ગણાતા અને તેથી જ તેને રાક્ષસ કહેવામાં આવ્યો છે. તેરમા સર્ગમાં નાગકુમારોનો વૃત્તાન્ત છે.[૨] હુલ્લડ નામનો નાગ કાશ્મીરમાં રહેતો હતો. તેની સેવામાં પાતાલની ભોગવતી નગરીમાંથી એકેક નાગને વારા ફરતી જવાનું હતું,

---

૧ દેવો પ્રત્યક્ષ દર્શન આપતા એમ પણ કાવ્યમાં નોંધ છે. કર્ણને મહાલક્ષ્મીએ અને સિદ્ધરાજને સોમનાથે પ્રત્યક્ષ દર્શન આપ્યાં હતાં. પ્ર. ચિ. આદિ પ્રબન્ધોમાં તો આવા ઘણા ચમત્કારોનો ઉલ્લેખ છે.

૨ કાવ્યાનુશાસનના ઉપોદ્‌ઘાતમાં રા. રસિકલાલ પરીખ આ પ્રસંગમાં જામે–ઉલ્–હિકાયતમાંના ખંભાતના મુસ્લિમ ખતીબના પ્રસંગનું સૂચન હોવા વિશે તર્ક કરે છે. પણ ખતીબ ઉપર અગ્નિપૂજકોના અત્યાચારની નોંધ છે. આમાં તો નાગકુમારને કાશ્મીરમાં જવાને માટે જોઇતા ઊસનો ઉલ્લેખ છે, તેથી તેમનો તર્ક બરોબર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરન્તુ કાશ્મીરની 'અસહ્ય ઠંડીથી રક્ષણ કરવાને પાટણના અમુક કૂવાનો હિમઘ્ન ઊસ શરીરે ચોપડવાની જરૂર હોવાથી એક નાગકુમાર આવ્યો હતો. પરન્તુ તે કૂવામાં પુષ્કળ મધમાખીઓ હોવાથી તેનાથી તેમાં ઉતરી શકાયું નહિ, તેથી સિદ્ધરાજે તે કૂવામાંથી તેને ઊસ લાવી આપ્યો હતો. અત્યારે આપણે જાણીએ છીએ કે નાગ લોકો મનુષ્ય જાતિના હતા, પરન્તુ તે સમયે તો તે અમાનુષી જાતિના ગણાતા હતા. ચૌદમા સર્ગમાં ઉજ્જયિનીની યોગિનીઓનો પ્રસંગ છે. તેમાં એવું વર્ણન છે કે યશોવર્મરાજા ઉપર ચઢાઈ ન કરવાને માટે સિદ્ધરાજને ડરાવવા અને નાશ કરવાની ધમકી આપવાને એક યોગિની પાટણમાં આવી હતી, પરન્તુ સિદ્ધરાજે તેનું કહ્યું ન માનવાથી તે આકાશમાં ઊડીને જતી રહી. સિદ્ધરાજ જ્યારે માળવા ઉપર ચઢાઈ લઈ ગયો, ત્યારે તે યોગિનીઓની આગેવાન કાલી કે કાલિકા સાથે તેણે યુદ્ધ કર્યું હતું અને તેને હરાવી હતી.

આવી ચમત્કારપૂર્ણ આખ્યાયિકાઓ એક સમકાલીન ગ્રંથમાં હોય એ આશ્ચર્યકારક લાગે છે. ગ્રંથકાર પોતે આવી આખ્યાયિકાઓને સત્ય માનતા હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે; પરન્તુ તેમણે તે કલ્પિત ઊભી કરી હોય તેમ હું માનતો નથી. લોકોમાં પ્રચલિત આખ્યાયિકાઓનો ઉપયોગ કાવ્યમાં ચમત્કૃતિ લાવવાને તેમણે કર્યો છે એમ હું ધારું છું.

સિદ્ધરાજને વિક્રમ જેવા થવાના કોડ હતા, તેથી તેણે આવી આખ્યાયિકાઓ પ્રચલિત કરી હશે. લોકમાનસ ઉપર પ્રભાવ પાડવાને માટે રાજાઓ પોતાની આસપાસ ચમત્કારપૂર્ણ પ્રભામંડળ ઊભું કરતા હતા. સિદ્ધરાજ ગુપ્તપણે રાત્રિચર્યા કરીને લોકોની છાની વાતો જાણી લેતો અને પ્રભાતમાં સૌથી વહેલો ઊઠીને ગામમાં હાથી ઉપર બેસીને ફરવા નીકળતો; તેથી લોકો તેની રાત્રિચર્યાની વાત જાણતા નહિ અને છાની વાતોનો પછી રાજસભામાં ઉપયોગ કરતો, તેથી લોકો તેનામાં અમાનુષી શક્તિનું આરોપણ કરતા અને તેને વિદ્યાધર કલ્પતા એમ આ કાવ્યમાં જ જણાવ્યું છે (૧૪, ૧–૩). આથી હું એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનું છું કે આ ચમત્કારોની આખ્યાયિકાઓ હેતુપુરઃસર પ્રચારમાં મૂકવામાં આવી હતી.[1]

ભૂતપ્રેતના વહેમો લોકોમાં બહુ ચાલતા હતા.[2] એક સ્થળે ટીકાકાર અઢાર જાતનાં ભૂતો ગણાવે છે:—(૧) સુર, (૨) અસુર, (૩) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કશ્મલ, (૬) ભસ્મક, (૭) પિતૃ, (૮) વિનાયક, (૯) પ્રલાપ, (૧૦) પિશાચ, (૧૧) અન્ત્યજ, (૧૨) યોનિજ, (૧૩) ભૂત, (૧૪) અપસ્માર, (૧૫) બ્રહ્મરાક્ષસ, (૧૬) ક્ષત્રરાક્ષસ, (૧૭) વૈશ્યરાક્ષસ, (૧૮) શૂદ્રરાક્ષસ (૫, ૬). બીજા પણ કેટલાક વહેમોના ઉલ્લેખો મળે છે. કોઈ પણ પ્રતિજ્ઞા લેતી વખતે દેવમૂર્તિને નવરાવીને તે પાણી પીવામાં આવતું. આને દિવ્યજલપાન કહેતા હતા (૮, ૫૩). રાજાથી રેવા નદી ન ઓળંગી શકાય તેવું મંતવ્ય હતું (૯, ૫૪). રાજા યુદ્ધક્ષેત્રમાં દક્ષિણ દિશા તરફ મુખ રાખીને ઊભો રહે, તો તે પરાજય પામે એમ મનાતું (૪, ૮૯). દિવસે તારા દેખાય તો તે અરિષ્ટસૂચક (આફતકારક) ગણવામાં આવતું (૧૮, ૪૦). આવો દેખાવ ખગ્રાસગ્રહણ વખતે જ શક્ય છે, તેથી ખગ્રાસગ્રહણ પણ આપત્તિકારક મનાતું હશે એમ લાગે છે. દીવાની અને ખાટલાની છાયા તથા બકરાં, ગધેડાં અને સાવરણીની રજ લક્ષ્મીનો નાશ કરે છે, એવો વહેમ હતો (૧, ૮૦)[3]. કેવાં શુકન શુભ મનાતાં તેની પણ નોંધ એક સ્થળે મળે છે, તે એવી કે દૂધ ઝરતી સવત્સા ગાય, જળથી ભરેલા કુંભ કે ઘી લઇને આવતી સ્ત્રીઓ, એ સામાં મળે

---

૧ અર્થશાસ્ત્ર (કૌટિલ્ય)માં રાજાએ આવી આખ્યાયિકાઓ પ્રચલિત કરવી જોઇએ એમ જણાવ્યું છે (અધિકરણ ૧૩) (શ્રી. ડો. ૨ં. માંકડ)

૨ યુદ્ધમાં પિશાચણીઓ, રાક્ષસીઓ અને વંતરીઓ આવે છે એવી વહેમવાળી વાતો લોકો સહેજે માની બેસતા (૩, ૫૯–૬૧).

૩ નજર લાગવાનો વહેમ આ કાવ્યમાં નથી, પણ પ્ર. ચિ.માં છે. તેમાં લખ્યું છે કે નજર લાગવાથી ભીમનો પુત્ર મૂળરાજ મરણ પામ્યો હતો અને રામચંદ્રસૂરિની એક આંખ ફૂટી ગઇ હતી.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા તો ડાબે પડખે બરાડતો આખલો નીકળે તો સફળતા અવશ્ય મળે.[1] (૩, ૮૮-૯૧)

---

૧ પ્ર. ચિં. માં નોંધ છે કે આખલો ઇશાન ખૂણામાં બરાડે તો સારાં શુકન ગણવાં (કુમારપાલ-પ્રબન્ધ-૪૫). વળી ત્યાં ઉલ્લેખ છે કે દુર્ગાદેવીના મંદિરમાં શુકન જોવામાં આવતાં હતાં એટલે અમુક કામ સફળ થશે કે નહિ, તે આરંભમાં શુકન જોઈને નક્કી કરવામાં આવતું.

દુર્ગા (ભૈરવ-ચીબડી કે શિયાળ) જમણી બાજૂએ બોલે તો અપશુકન ગણાતું (પ્ર. ચિં. કુ. પ્ર. ૫૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

વિદ્યા, કલા અને ધર્મ

પાટણની પાઠશાળાઓમાં કઈ કઈ જાતની વિદ્યાઓનું શિક્ષણ અપાતું તેની હકીકત બે ત્રણ સ્થળે નોંધાઈ છે. કુમારપાળનો અભિષેક કરનાર બ્રાહ્મણોમાં તંત્ર જાણનાર, ગૌતમશાસ્ત્ર (ન્યાયશાસ્ત્ર કે ગૃહ્યસૂત્ર) જાણનાર, કઠ (ઋગ્વેદની સંહિતા) જાણનાર અને તાંડ્ય (સામવેદનો બ્રાહ્મણ ગ્રન્થ) જાણનાર વિદ્વાનો હતા (૧૬, ૧). નગર વર્ણનમાં લખ્યું છે કે પાટણના વાઙ્મયસદ્મ (સાહિત્યમંદિર) માં વ્યાકરણના જ્ઞાન વિનાનો માણસ પણ ષટ્દર્શન (જૈન, બૌદ્ધ, સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક, જૈમિનીય) થોડા સમયમાં શીખી જાય છે (૧, ૩૯). સહસ્રલિંગ સરોવરના કાંઠા ઉપર બાંધેલા વિદ્યામઠોમાં[૧] અને સુર-ગૃહોમાં નીચે પ્રમાણે વિદ્યાઓનો અભ્યાસ થતો હતોઃ—સૂત્રો (ગૃહ્ય કે વેદાન્ત), વાર્તિક (અર્થશાસ્ત્ર), કલ્પસૂત્રો (જૈનશાસ્ત્ર), આગમો, સાંસર્ગવિદ્યા (સુવર્ણસિદ્ધિ આદિ રસાયનશાસ્ત્ર), ત્રૈવિદ્યા (દંડનીતિ–રાજનીતિ), આંગવિદ્યા (શરીર લક્ષણજ્ઞાન Physiology), ક્ષાત્રવિદ્યા (યુદ્ધવિદ્યા), ધર્મવિદ્યા (સ્મૃતિશાસ્ત્રો), લૌકાયતિક (ચાર્વાક) મતનો પરિહાર, યજ્ઞશાસ્ત્ર, ઐાકૃથિકશાસ્ત્ર (ટીકામાં ખુલાસો નથી), શતપથ આદિ બ્રાહ્મણો, અનુબ્રાહ્મણો (ઉપનિષદો) અને વ્યાકરણ શાસ્ત્ર. આ ઉપરથી જણાશે કે તે સમયે પાઠશાળાઓ હતી અને તેમાં માત્ર ધાર્મિક જ્ઞાન અપાતું નહોતું, પણ ઐહિક વિદ્યાઓનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું (૧૫, ૧૨૧—૧૨૨)[૨].

---

૧ ઉપાધ્યાયો (અધ્યાપકો) અને છાત્રો (વિદ્યાર્થીઓ)ના ભોજન અને વસ્ત્રોની વ્યવસ્થા સાથે શ્રીમંતોએ (ઇશ્વરોએ) બાંધેલા મકાનને વિદ્યામઠ કહેતા હતા એમ ટીકાકાર જણાવે છે (૧, ૭).

૨ પ્રભાવકચરિતના હેમસૂરિ પ્રબંધમાં લખ્યું છે કે સિદ્ધરાજે વ્યાકરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનુર્વિદ્યાના અભ્યાસની પદ્ધતિ વિશે એક સ્થળે સૂચના છે. આ અભ્યાસને ઘટગ્રહ કહેવામાં આવતો (૧૧, ૫૦). ઘટગ્રહની રીત ટીકાકાર આવી રીતે સમજાવે છેઃ—બે છેડે અને વચમાં કાણાંવાળું ઊંટના બરડા જેવું વાંકું લાકડું લઈને તેને એક છેડે દોરડું બાંધવું અને બીજે છેડો રેતીથી ભરેલા ઘડાને બાંધવો, ત્યારપછી તે લાકડાને ખેંચી જમણા કાન સુધી એવી રીતે લઇ જવું કે પેલો ઘડો ડાબા હાથ આગળ આવે.

એક સ્થળે લખ્યું છે કે શિષ્યને ગુરુ કમ્બા (સોટી)થી મારતા હતા (૧૭, ૩૯), તેથી શારીરિક શિક્ષા તે કાળે પણ અસ્તિત્વમાં હોય એમ લાગે છે. આઠમના દિવસે પાઠશાળાઓમાં અનધ્યાય (અભ્યાસસંબંધી–રજા) રાખવામાં આવતો હતો (૧૩, ૪૯). એક સ્થળે કાઠિયાવાડમાં યવન–લિપિ પ્રચારમાં હોવાની નોંધ છે (૪, ૭૬). અન્ય સ્થળે નાગરલિપિનો ઉલ્લેખ મળે છે (૧, ૩૮). નાગરલિપિ એટલે દેવનાગરી, તે જૈનલિપિ કરતાં જુદી તે સમયે પણ હશે એમ સમજાય છે. યવનલિપિ કઇ હશે? ખરોષ્ટ્રી, ગ્રીક કે અરબી? ટીકામાં પ્રકાશ નથી.

થોડીક બાબતો વિલક્ષણ લાગે છે, તેનો ઉલ્લેખ અહીં કરવાની જરૂર છે. એક સ્થળે લખ્યું છે કે ઘોડાઓને આંખનો રોગ ન થાય તેથી હયશાળામાં વાંદરો બાંધવામાં આવતો હતો.[1] (૮, ૧૧). એક ઠેકાણે આકાશમાં થતી વીજળીના રંગ ઉપરથી હવામાન સૂચવવામાં

શીખવવા પાઠશાળા કાઢી હતી અને કકલ નામના કાયસ્થને અધ્યાપક નીમ્યો હતો. તેમાં દરેક માસની સુદ પાંચમે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાઇ ઈનામો આપવામાં આવતાં હતાં. (શ્લો. ૧૧૨–૧૧૫)

૧ આને માટે પંચતંત્રમાં પણ ઉલ્લેખ છે. જુઓ નીતિમાન્ વાનરની વાર્તામાં આપેલો શાલિહોત્રનો મંત્રઃ—

कपीनां मेदसा दोषो वह्निदाहसमुद्भवः ।
अश्वानां नाशमभ्येति तमः सूर्योदये यथा ॥

(શ્રી. ડો. રં. માંકડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું છે. કપિલ રંગની વીજળી વાયુનું ચિહ્ન છે, લાલ વીજળી તાપસૂચક છે, પીળી વર્ષાની સૂચક છે અને ધોળી દુકાળસૂચક છે (૩, ૨૬). મોતીની ઉત્પત્તિ માછલીમાં થાય છે એ આપણે જાણીએ છીએ, તેમ જ હાથીના ગંડસ્થળમાંથી પણ મોતી નીકળે છે (ખાસ કરીને સિંહલદ્વીપમાં) એમ પણ સાંભળ્યું છે. તે ઉપરાંત આ ગ્રંથમાં તેની ઉત્પત્તિ કૂતરાની અને સૂવરની દાઢમાંથી, મેઘમાંથી, સર્પમાંથી અને વાંસમાંથી પણ થાય છે એમ જણાવ્યું છે (૬, ૧૩). આ બાબતો ઉપર આધુનિક વિજ્ઞાને પ્રકાશ પાડયો નથી, તેથી તે વૈજ્ઞાનિક તપાસ માગે છે.

કલાઓમાં ચિત્રકલાનો સારો વિકાસ થયો હોય એમ જણાય છે. છબીચિત્રોની કલા તે સમયે ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી. કર્ણની છબી મયણલ્લાને અને મયણલ્લાની છબી કર્ણને દેખાડવામાં આવી હતી, જે જોઇને એકબીજા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો હતો તેમ સ્પષ્ટ રીતે નોંધ છે (૯, ૯૫–૧૦૮). વળી, માત્ર છબીમાં જોયેલી મયણલ્લાને કર્ણ લતાગૃહમાં ઓળખી કાઢે છે (૯, ૧૩૮), એ ઉપરથી જણાય છે કે મુખાકૃતિ ચિત્રમાં સંપૂર્ણરૂપે યથાસ્થિત ચિતરાતી હોવી જોઇએ. આ છબીઓ કપડામાં ચિતરાતી હશે, કેમકે મૂળમાં આલેખ્ય-પટ અને ચિત્રપટ શબ્દો લખેલા છે. એક સ્થળે ચિત્રમાં સેના આલેખેલી હોવાનો ઉલ્લેખ છે (૧૮, ૩૦), એ ઉપરથી જણાય છે કે તે સમયે ભિત્તિચિત્ર અને સમૂહચિત્રની કલા પણ સારી ખીલી હતી.

શિલ્પ અને સ્થાપત્યકલા સંબંધી નોંધ મળતી નથી, પરન્તુ નગરનો કોટ અને તેના બુરજો, સહસ્રલિંગ સરોવર, કીર્તિસ્તંભ અને દેવમંદિરોના ઉલ્લેખો આવે છે, તે ઉપરથી તે કલા પણ ઉત્કૃષ્ટ દશાએ પહોંચી હશે એમ લાગે છે. એક સ્થળે ટીકામાં ચન્દ્રવેશ્મ એટલે એક રાતમાં બંધાયેલા મકાનની નોંધ છે (૨૦, ૯૨). આથી એમ અનુમાન કરી શકાય કે તે સમયે શીઘ્રસ્થાપત્ય પણ સારી રીતે વિકસ્યું હતું.

કાવ્યમાં સંગીતકલાના ઘણા ઉલ્લેખો મળે છે. તે સમયે ભેરી–શરણાઈ (૩, ૬૬), ઢક્કા–ઢોલ, આનક–નગારું, શંખ (૧૮, ૪૦) અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકતંત્રી (એકતારો) અને અનેકતંત્રી–સિતાર કે વીણા (૨૦–૨૯) એ વાદ્યો વપરાશમાં હતાં. તે સમયે સૂરોનું પણ સારું જ્ઞાન પ્રચલિત હતું, એટલું જ નહિ પણ જુદાં જુદાં પ્રાણીઓના અવાજોને જુદા જુદા સૂરો સાથે સરખાવવામાં આવતા હતા. કોયલનો સૂર પંચમ, મોરનો ષડ્જ અને સારસનો મધ્યમ મૂળ કાવ્યમાં કહ્યો છે. ટીકામાં ઉમેરેલું છે કે ગાયનો ઋષભ, અજાવિકનો ગાંધાર, ઘોડાનો ધૈવત અને હાથીનો નિષાદ છે (૧, ૬૭). આ વર્ગીકરણ વૈજ્ઞાનિક છે કે કાલ્પનિક તે સંગીતકારોએ નક્કી કરવાનું છે. આપણી ગરબીઓ પણ તે સમયે પ્રચલિત હતી એમ એક શ્લોક ઉપરથી જણાય છે. ગરબીના કાવ્ય અને નૃત્ય એ બેને માટે જુદા શબ્દો હતા. ગરબીના કાવ્યને રાસ કહેતા रासो गेयकाव्यविशेषः (એક ખાસ પ્રકારનાં ગેય કાવ્ય તે રાસ અને ગરબીના નૃત્યને 'હલ્લીસ' કહેતા—हल्लीसं नारीणां मण्डलीनृत्तम् (૧૦, ૨૨). આથી જણાશે કે ગરબીના કાવ્યને આપણે રાસ કહીએ છીએ તે બરાબર છે, પરન્તુ ગરબી ગાવાના કૃત્યને રાસ કહીએ છીએ તે ખોટું છે—'ચાલો રાસ જોવા જઇએ' એ શબ્દપ્રયોગ ખોટો છે.

આ કાવ્યમાં નૃત્યકલાનું સૂચન જણાતું નથી, પરન્તુ એક શ્લોકમાં કૃશાશ્વ અને કાપિલેયનાં નટસૂત્રોનો તે કાળે અભ્યાસ થતો હતો એમ જણાવેલું છે (૧૬, ૯૧), તેથી નૃત્યકળા પણ પ્રચારમાં હતી એમ લાગે છે.

તે સમયે ગુજરાતમાં બે ધર્મો પ્રચલિત હતા–જૈન અને આર્ય. એક સ્થળે બોધિસત્ત્વનો ઉલ્લેખ છે (૨૦, ૫૦). ત્યાં કુમારપાળને બોધિસત્ત્વ જેવો સરળસ્વભાવનો કહ્યો છે. એથી એમ જણાય છે કે ગુજરાતમાં તે કાળે બૌદ્ધધર્મ પ્રચારમાં તો નહિ હોય, પરન્તુ બુદ્ધ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ હતી. જૈન ધર્મના બે સંપ્રદાયોનો ઉલ્લેખ નથી, તેથી એમ લાગે છે દિગંબર સંપ્રદાય તે કાળે પણ ગુજરાતમાં બહુ વિસ્તાર પામ્યો નહિ હોય. તે સમયે આર્યધર્મમાં વૈદિક કર્મકાંડનું બહુ પ્રાબલ્ય હતું, કેમકે યજ્ઞયાગાદિકની પરિભાષા આ કાવ્યમાં પુષ્કળ સ્થળે વપરાઈ છે. એ ધર્મના સંપ્રદાયોની પણ નોંધ નથી, જો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકર, વિષ્ણુ અને દેવીનાં મંદિરોના ઘણા ઉલ્લેખો છે.[૧] સહસ્રલિંગના કાંઠા ઉપર દશાવતારી મંદિર હોવાનું લખ્યું છે (૧૫, ૧૧૯). એ ઉપરથી લાગે છે કે તે સમયે વિષ્ણુના દશે અવતારોની મૂર્તિઓનું પૂજન થતું હશે. અત્યારે ગુજરાતમાં માત્ર ત્રણ અવતાર–નૃસિંહ, રામ અને કૃષ્ણની મૂર્તિઓનાં મંદિરો છે. વળી એ જ સ્થળે દેવીઓનાં એકસો આઠ મંદિરો હોવાનું જણાવ્યું છે (૧૫, ૧૧૮), એ ઉપરથી તે સમયે શક્તિપૂજા ગુજરાતમાં ખૂબ ફેલાયેલી હશે એમ લાગે છે. એ ઉપરાંત નગરમાં મહાલક્ષ્મીનું મંદિર હોવાનું જણાય છે. ચૌલુક્ય રાજાઓ પ્રયાણમાં નીકળતી વખતે મહાલક્ષ્મીનાં દર્શન કરવા જતા હતા અને સિદ્ધરાજે પુત્રપ્રાપ્તિ માટે મહાલક્ષ્મીનું તપ કર્યું હતું (સર્ગ ૧૦), તે ઉપરથી એમ લાગે છે કે મહાલક્ષ્મી કાં તો નગરની અધિષ્ઠાત્રી દેવી હશે કે ચૌલુક્યોની કુલદેવી હશે. એક નિમ્બજા દેવીનો ઉલ્લેખ આવે છે. તે દેવી રક્ષણ કરનારી મનાતી હતી (૭, ૪૨). આશ્ચર્યકારક એક વાત એવી જણાય છે કે તે વખતે યમની પૂજા પણ પ્રચારમાં હતી,[૨] કેમકે એક શ્લોકમાં જણાવ્યું છે કે ચિત્રમાંની સેના, ધ્વજામાંના વાઘ અને મંદિરમાંના યમથી ગભરાવાની જરૂર નથી (૧૮, ૩૦)[૩].

તે સમયે જૈન અને આર્ય ધર્મો પાળનારાઓ વચ્ચે સારો એખલાસ હતો. બંને એકબીજાનાં મંદિરોમાં દર્શન કરવા જતા હતા.

---

૧ તે ઉપરાંત એક શ્લોકમાં બ્રહ્મા, સૂર્ય, ચન્દ્ર અને સ્કન્દ (કાર્તિકસ્વામી)નાં મંદિરોનો ઉલ્લેખ છે (૧, ૪૬), વળી સરસ્વતી પુરાણમાં વિનાયક (ગણપતિ)ના મંદિરનો ઉલ્લેખ છે (૧૬, ૧૯૮).

૨ એક સ્થળે જણાવ્યું છે કે પાટણમાં છન્નુ પાખંડો—એટલે ધાર્મિક સંપ્રદાયો હતા (૧, ૧૨૮). ટીકાકાર કહે છે કે ષડ્દર્શનની બહારનો સંપ્રદાય તે પાખંડ.

૩ પ્રાચીન કાળમાં યમપૂજા પ્રચલિત હતી તે વાત मुद्राराक्षसના (૧,૧૬) નીચેના શ્લોક ઉપરથી જણાશેઃ—

प्रणमत यमस्य चरणौ किं कार्यं देवकैरन्यैः ।
एष खल्वन्यभक्तानां हरति जीवं परिस्फुरन्तम् ॥

(શ્રી. ડો રં. માંકડ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજ સોમનાથની યાત્રાએથી પાછો ફરતાં ગિરનાર અને શત્રુંજયનાં જૈનતીર્થોની યાત્રાએ ગયો હતો અને હેમચંદ્રાચાર્યે સોમનાથ મહાદેવનાં દર્શન કરી તેમની સ્તુતિ કરી હતી. એ ઉપરાંત તેમણે આ કાવ્યમાં વૈદિક પ્રક્રિયાઓ અને આર્યધર્માચરણોનું ઠામ ઠામ પૂજ્યભાવ સાથે વર્ણન કર્યું છે. રાજાઓ બંને સંપ્રદાયનાં મંદિરો બંધાવતા હતા. સિદ્ધરાજે સિદ્ધપુરમાં રુદ્રમહાલયના મંદિરની સાથે મહાવીર સ્વામીનું મંદિર પણ બંધાવ્યું હતું (૧૫, ૧૬), કુમારપાળે પણ પ્રભાસમાં સોમનાથના મંદિરના જીર્ણોદ્ધારની સાથે પાર્શ્વનાથનું ચૈત્ય પણ બંધાવ્યું હતું (૨૦, ૯૯). પાટણમાં પણ કુમારવિહારનું જૈનમંદિર અને કુમારેશ્વર મહાદેવનું મંદિર તેણે બંધાવ્યાનો ઉલ્લેખ છે (૨૦, ૧૦૦–૧૦૧).

અહીં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે કુમારપાળે જૈનધર્મની દીક્ષા લીધાનું આ કાવ્ય ઉપરથી સિદ્ધ થાય છે ખરું ? કુમારપાળે અમારિ (અહિંસા)-નો પડો વજડાવ્યો હતો ખરો એમ વીસમા સર્ગમાં ઉલ્લેખ છે, પણ તે કંઈ જૈનદીક્ષાના પરિણામે હોય એમ જણાતું નથી. વિષ્ણુપર્વણી આમલકી એકાદશીના દિવસે એક મનુષ્યને કસાઈને ત્યાં પશુઓ વેચવા જતો જોઇને તેના હૃદયમાં જીવહિંસા પ્રત્યે ઘૃણાની લાગણી ઉત્પન્ન થાય છે અને તેના પરિણામે જીવહિંસાનો નિષેધ કરે છે (૨૦, ૫). જો તેણે જૈનધર્મના ઉપદેશના પરિણામે એ કાર્ય કર્યું હોત તો તે સંબંધી અવશ્ય નોંધ થઈ હોત. અમારિઘોષણાથી જૈન ધર્મનો વિજય થયો એમ પણ કાવ્યમાં સૂચન કરવામાં આવ્યું નથી. એમાં તો કુમારપાળે જે સામાજિક સુધારા કર્યા હતા, તેની સાથે કુમારપાળના હિંસાનિષેધનું વર્ણન છે. અમારિઘોષણા પછી તરત જ પરદારાગમનનો નિષેધ (૨૦, ૨૧), બલપૂર્વક પશુનું દૂધ દોહવાની મનાઈ (૨૦, ૨૪) અને દારૂબંધી (૨૦, ૩૬) આદિ સામાજિક સુધારાનાં ફરમાનો કુમારપાળે કાઢ્યાં હતાં એમ જણાવ્યું છે.[1] આથી અમારિઘોષણા

૧ કુમારપાળે રુદતીવિત્ત (પુત્ર વિનાની વિધવાનું ધન) રાજ્યની તિજોરીમાં લેવામાં આવતું હતું, તે રિવાજ પણ બંધ કર્યો હતો (૨૦, ૮૬), આ પણ એક સામાજિક સુધારો જ ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જૈનધર્મદીક્ષાના પરિણામે થઈ નથી, પણ તે કુમારપાળનો એક સામાજિક સુધારો છે એમ સ્પષ્ટ જણાય છે. અલબત્ત કુમારપાળને ધર્મલાભનો આશીર્વાદ કાવ્યના અંતે આપવામાં આવ્યો છે (૨૦, ૯૮), પણ તે ઉપરથી તો એમ જ જણાય છે કે કુમારપાળ જૈન ધર્મની ભવિષ્યમાં દીક્ષા લે તેવી કાવ્યકારની ઇચ્છા છે. આ બધા ઉપરથી જણાય છે કે કાવ્ય રચાયું ત્યાંસુધીમાં કુમારપાળે જૈનધર્મની દીક્ષા લીધી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭

ખેતી, ઉદ્યોગ, વેપાર

આ ગ્રંથમાં ખેતી અને ખેતરો સંબંધી માહિતી થોડીક મળે છે. ખેતરોની માપણીનાં નામ વીઘા–વસા તે વખતે હોય તેમ જણાતું નથી. જમીનની માપણી એક હળથી, બે હળથી, ખેડી શકાય તેવી રીતે થતી હતી.[1] સિદ્ધરાજની જન્મકુંડળી કરનાર જોશીને કર્ણે સો હળથી ખેડી શકાય તેટલી જમીન દાનમાં આપી હતી (૧૧, ૨૩). ખેતીનું મહત્ત્વ તે કાળે પણ ઘણું હતું. ગાય, વત્સ અને હળ પ્રજા-જીવનમાં અગત્યનાં ગણાતાં હતાં (૬, ૧૦૧)[2]. હાલની માફક અનાજોનાં ખળાં હતાં અને તે સાચવવાને કૂતરા રાખવામાં આવતા હતા (૧૫, ૫૯). ખેતીમાં કયો કયો પાક થતો તે આપણે પાછળના પ્રકરણમાં જોયું છે.

ઉદ્યોગનાં કોઈ કારખાનાંનો ઉલ્લેખ મળતો નથી. ઘણું ખરું તો બધી વસ્તુઓ ગૃહઉદ્યોગથી બનતી હશે. વેપારીઓ અને રાજપ્રાસાદ માટેની વસ્તુઓ મોટા પ્રમાણમાં ઉત્પન્ન કરવાને ઘણા કારીગરો રાખીને કારખાનાં પણ વખતે ચલાવવામાં આવતાં હશે, પણ કંઈ નોંધ મળતી નથી. મોંઘી કીમતના કાપડનો ઉલ્લેખ પાછળ આવી ગયો છે. આમાંનો કેટલોક ભાગ ગુજરાત બહારથી આવતો હશે, પણ મોટો ભાગ તો ગુજરાતમાં જ બનતો હશે એમાં શંકા નથી, પણ બનાવટનાં સ્થળોની વિગત મળતી નથી.

વેપારની વસ્તુઓ ઊંટ, બળદ અને ગાડાં મારફતે આવતી જતી હતી. પાછળ વહાણવટી વાણિયાઓનો ઉલ્લેખ આવ્યો છે, તે ઉપરથી જણાય છે કે દરિયા મારફતે પણ વેપાર ચાલતો હતો.

---

૧ ઉત્કીર્ણ લેખોમાં આને માટે હળવા (हलवाह) શબ્દ જોવામાં આવે છે.
૨ ખેતીનાં ઓજારોમાં દંતાળી (ષડંગુલ)ની નોંધ છે (૨૦, ૧).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાવ્યમાં તોલ, માપ અને નાણાંના સિક્કાઓના પુષ્કળ ઉલ્લેખો છે, તે ઉપરથી વેપાર ઉદ્યોગની વિશાળતાનો ખ્યાલ આવે છે.

તોલમાપમાં આઢકી નાનામાં નાનું માપ હતું. તેનું વજન કેટલું હતું તે જાણી શકવાનું સાધન નથી[1]. ચાર આઢકીઓનો એક દ્રોણ થતો અને સોળ દ્રોણની એક ખારી થતી (૧૭, ૯૬–૯૬). એક સ્થળે આચિત નામનું વજન જણાવેલું છે અને આચિતનું વજન દસભાર હતું એમ નોંધ છે. ભાર એટલે રૂપિયાભાર સમજવો કે કેમ તે સ્પષ્ટ સમજાતું નથી (૪–૪૫). અન્ય સ્થળે લોહિત નામના માપનો પણ ઉલ્લેખ મળે છે (૧૭, ૮૨). આ લોખંડનું કોઈ વજન હશે એમ લાગે છે.

સોનું તોળવાનાં માપ પણ હતાં. તેમનાં નામ–પણ અથવા કાર્ષાપણ, પાદ અને માષ આપેલાં છે. માષ તે માસો હશે. કાર્ષાપણ અનેક સુવર્ણ માષનો થતો (૪, ૫૫) અને પાદ તે માષનો ચોથો ભાગ હતો એમ ટીકાકાર જણાવે છે (૧૭, ૮૭). આ ઉપરાંત કર્ષ નામનું માપ પણ સોનું જોખવામાં વપરાતું હતું (૧૭, ૭૯)[2], કર્ષ અને કાર્ષાપણ એક જ હશે.

નાણાંમાં કાકિણી (ખાંખણી) નાનામાં નાનો સિક્કો હોય એમ જણાય છે. તેની કીમત વીસ કોડી હતી (૧૭, ૮૮). બીજો નાનો સિક્કો શૂર્પ હતો. ફૂલની માળાની કીમત બે શૂર્પ જણાવી છે (૧૭, ૪૮). એ ઉપરાંત પ્રસ્થ (૧૭, ૮૮) અને દ્રમ્મ (દામ) (૧૭, ૧૦૦ ટીકા)

---

૧. 'ગણિતસાર' નામના ગ્રન્થમાં ૨ અધવાલિ એટલે એકવાલ=એક કુડવ, ૪ કુડવ=એક પ્રસ્થ અને ૪ પ્રસ્થ=એક આઢક જણાવેલાં છે. (રા. ભોગીલાલ સાંડેસરાનો બારમા સાહિત્ય સંમેલનનો લેખ) એટલે એક આઢક બરાબર એક ગદિયાણો, એક દ્રોણ બરાબર બે તોલા અને એક ખારી બરાબર બત્રીસ તોલા થાય.

૨. 'ગણિતસાર' પ્રમાણે પાંચ રતિનો માષ અને સોળ માષનો એક કર્ષ એટલે એક કર્ષ ૧॥।~ ગદિયાણા જેટલો થાય અને કર્ષ અને બિસ્ત સરખા વજનના હતા (સોળ માષ). ચાર કર્ષનો એક પલ થતો. તેથી પલ એટલે ૭॥ ગદિયાણા જેટલું વજન ગણાય. ધાન્ય વગેરેમાં જુદો કર્ષ વપરાતો. તેનું વજન હાલના અઢી શેર જેટલું થાય., ૪ પાલી=૧ કરસુ (કર્ષ)=માણઉ: ૪ માણઉ=૧ સેઇ; ૧૬ સેઇ=૧ કળશી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના પણ બે સિક્કાના ઉલ્લેખ છે. આ સિક્કા કઈ ધાતુના હતા તેની નોંધ મળતી નથી. રૂપિયા અને અર્ધા રૂપિયાના સિક્કા પણ પ્રચારમાં હતા. રૂપિયાના સિક્કાને રૂપક અને અર્ધા રૂપિયાના સિક્કાને ભાગિક કહેવામાં આવતા (ટી. ૧૭, ૯૪). આ ચાંદીના સિક્કા હશે એમ લાગે છે. તે ઉપરાંત વીસ અને ચાળીસ રૂપિયાની કીમતના સિક્કાનાં નામ મળે છે (૧૭, ૮૧). આ સોનાના સિક્કા હોવા જોઈએ. સોનાના બીજા સિક્કાનાં નામ બિસ્ત અને નિષ્ક જણાવેલાં છે. નિષ્કનું વજન એકસો અને આઠ સુવર્ણપલ જેટલું (૧૭, ૮૩–૮૪) અને બિસ્તનું વજન સોળ માષ જણાવેલું છે (૪, ૪૫). પલનું કેટલું વજન હતું તેનો ઉલ્લેખ ગ્રન્થમાં નથી, પણ ભાષાન્તરકાર બે રૂપિયાભાર કહે છે. જો આ ખરું હોય તો નિષ્ક બહુ મોટા કદનો સિક્કો (મહોર) હોવો જોઈએ.

તે સમયે નાણાં ઉપરાંત વસ્તુવિનિમય પણ પ્રચારમાં હશે એમ લાગે છે. ધાન્યના બે દ્રોણથી, છ આખલાથી અને ઊનના સો કામળાથી એક ઘોડી ખરીદી શકાતી (૪, ૪૫)[૧]. ઘોડીની કીમત એક સ્થળે બે કે ત્રણ હજાર રૂપિયા જણાવેલી છે (૧૯, ૮૩). આથી તે સમયે બહુ ઊંચા ખમીરની ઘોડીઓ મળતી હશે અને તે ખરીદનારા શોખીન લોકો પણ હશે એમ જણાય છે.

તે કાળે વ્યાજવટંતરનો ધંધો પણ ચાલતો હશે એમ લાગે છે. વ્યાજનો દર એક સ્થળે અર્ધો, પાંચ કે છ ટકા જણાવેલો છે (૧૭, ૨૧, ૨૨)[૨]. લહેણદાર દેવાદારને બંધનમાં પણ નખાવી શકતો. બંધન બે પ્રકારનાં હતાં—એક ગુપ્તિ (કેદખાનું) અને બીજું ક્રૌંચબંધ (૧૪, ૧૬). આ ક્રૌંચબંધ ક્રૌંચ નામના પક્ષીના આકારનું હતું, તેથી તે બેડી હોય કે જૂના વખતની 'હેડચ' હોય.

---

૧. એક સ્થળે દ્વચા. કા. માં ત્રણ સુંદર સ્ત્રીઓ (રંભોરૂ) અથવા છ સાત યુવાનોના બદલામાં ખરીદાતા ઘોડાઓનો ઉલ્લેખ છે (૪,૯૨), તેથી તે સમયે ગુલામીની કંઈક પ્રથા હોવાનો ભાસ થાય છે.

૨. લેખપદ્ધતિ (પૃ. ૩૩)માં વ્યાજનો દર ચોવીસ ટકા જણાવ્યો છે. (ગુજ. નો મ. કા. સ. ઇતિહાસ, પૃ. ૪૫૦).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮

સૈન્ય અને શસ્ત્રાસ્ત્ર

દ્વ્યાશ્રયના કાળમાં પણ સૈન્ય ચતુરંગી હતુ-એટલે તેમાં પાયદળ (પત્તિ), ગજદળ, હયદળ અને રથદળનો સમાવેશ થતો હતો, તે ઉપરાંત તેમાં ઊંટીસવારો પણ હતા. પરન્તુ એક સ્થળે તેના છ પ્રકાર જણાવ્યા છે-(૧) મૌલબલ, (૨) ભૃતકબલ, (૩) શ્રેણિબલ, (૪) અરિબલ, (૫) સુહૃદ્બલ, અને (૬) આટવિકબલ. આ વિભાગ કેવા પ્રકારના હતા તેનો ખુલાસો ટીકાકારે આપ્યો નથી (૬, ૭૧).[૧]

યુદ્ધમાં સૈનિકો એક બીજાની સામે આવી દ્વંદ્વયુદ્ધ કરતા અને સરખા દરજ્જાના એક બીજાની સામે થતા. રાજાઓ પણ પ્રત્યક્ષ રીતે યુદ્ધમાં ઊતરતા અને શત્રુરાજાની સાથે યુદ્ધ કરતા. રાજા ઘણુંખરું હાથી ઉપર બેસીને યુદ્ધ કરતો અને તે જો મરણ પામે અથવા કેદ પકડાય તો સૈન્યનો પરાજય થતો. ચૌલુક્ય સૈન્યના સૈનિકો શેકુ પક્ષીના ચિહ્નવાળી ધ્વજાઓ ડાબા હાથમાં રાખતા (૩, ૩૧૨). આ કયું પક્ષી હશે તે સમજાતું નથી, પરન્તુ વાગ્ભટાલંકારમાં સિદ્ધરાજને તામ્રચૂડધ્વજ કહ્યો છે, તેથી તે કૂકડાની જાતનું કોઈ પક્ષી કદાચ હશે. સૈન્ય રસ્તે જતાં ખેતરો વગેરેને કંઇક નુકસાન પણ કરતું હશે, કેમકે ભીમનું સૈન્ય ચેદિ તરફ ગયું, ત્યારે તેણે માર્ગમાં કંઈ પણ નુકસાન કર્યું ન હતું એમ એક સ્થળે નોંધ છે (૯, ૩). સૈન્યને આવતું સાંભળીને શત્રુના પ્રદેશના લોકો ગભરાઇ જતા અને સ્ત્રીઓ નાસભાગ

---

૧ કૌટિલીય અર્થશાસ્ત્રમાં આની સમજૂતી આપી છે (અધિ. ૯, અધ્યાય ૧, પ્રકરણ ૧૩૭–૩૯):—મૌલબલ–આનુવંશિક વિશ્વાસુ સૈન્ય; ભૃતકબલ–પગારદાર સૈન્ય; શ્રેણિબલ–જાનપદ (ગામડાં ?)ના માણસોનું સૈન્ય; મિત્રબલ–મિત્રોનું સૈન્ય; અમિત્ર (અરિ)બલ–લડાઇમાં પકડાયેલું શત્રુનું સૈન્ય: અટવીબલ–અટવી(જંગલ)નાં માણસોનું સૈન્ય. (શ્રી. ડો. રં. મા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી. જ્યારે ચામુંડે લાટ ઉપર આક્રમણ કર્યું, ત્યારે સાબરમતી નદીથી માંડી લાટની રાજધાની સુધી આવી અવ્યવસ્થા પ્રવર્તી હતી (૬, ૪૬–૫૬).[1] સૈન્ય દરરોજ આઠ કોશ ચાલીને મુકામ કરતું હતું (૧૪, ૨૧). છાવણીની ગોઠવણ પણ એક સ્થળે જણાવી છે. પાછળના ભાગમાં જળાશય રાખી અને એક બાજૂ હયશાળા અને બીજી બાજૂ ગજશાળા ગોઠવીને છાવણીની વ્યવસ્થા થતી હતી (૧૪, ૨૯). સૈનિકોની સાથે તેમની સ્ત્રીઓ પણ રહેતી હતી અને તેમની સાથે છાવણીના પડાવમાં જલક્રીડા આદિ વિહાર કરવાની છૂટ તેમને હતી (૩, ૧૫૯; ૧૭, ૧). પરન્તુ આ સ્ત્રીઓ મોટા હોદ્દેદારોની હશે એમ લાગે છે, કારણ કે તેઓ જલક્રીડા કર્યા પછી હાથી કે ઘોડા ઉપર બેસીને છાવણીમાં જતી હતી (૧૭, ૭૨). સૈન્યમાં માંસ રાંધવામાં કુશળ સ્ત્રીઓ રાખવામાં આવતી (૬, ૯૮) અને વેશ્યાઓના પણ છાવણીમાં નિવાસો રહેતા (૧૭, ૩૦–૩૧), એથી એમ લાગે છે કે સામાન્ય સૈનિકોના મોજશોખ પૂરા પાડવાની તે કાળે પણ જરૂર મનાતી. વાહન ઉપરથી ઘાયલ થઈ જમીન ઉપર પડેલા શત્રુ ઉપર પ્રહાર કરવો અનુચિત મનાતો હતો (૧૮, ૬૨). અત્યારે શરણે આવનાર શત્રુ ધોળી ધજા દેખાડે છે, તેમ તે કાળે તાબે થવા ઇચ્છનાર સૈનિક મુખમાં તૃણ ધારણ કરતો હતો (૧૯, ૧૧૬), એ ઉપરથી આપણી કહેવત 'દાંતે તરણું લેવું' પડી હશે. યુદ્ધ ક્ષેત્રમાં સૈન્યની વ્યૂહરચના થતી અને સામો પક્ષ તે વ્યૂહ ભેદવાને પ્રયત્ન કરતો હતો. કુમારપાલના સૈન્ય સામે માળવાના બલ્લાલે એ નાવના આકારની વ્યૂહરચના કરી હતી, જેને તોડીને કુમારપાલના સૈન્યે અર્ધનાવ જેવી બનાવી હતી (૧૯, ૧૨૪).

હવે યુદ્ધમાં વપરાતાં શસ્ત્રાસ્ત્રોનું નિરીક્ષણ કરીએ. ટીકાકારે એક સ્થળે નીચે પ્રમાણે છત્રીસ આયુધોની ટીપ (૧૧, ૫૧) આપી છેઃ– (૧) ચક્ર, (૨) ધનુષ, (૩) વજ્ર, (૪) ખડ્ગ, (૫) ક્ષુરિકા (કટાર કે જમૈયો ?), (૭) તોમર, (૭) કુન્ત, (૮) ત્રિશૂલ, (૯) શક્તિ (સાંગ ?), (૧૦) પરશુ (ફરસી ?), (૧૧) મક્ષિકા, (૧૨) ભલ્લિકા (ભાલો ?),

---

૧ સિંધણનું સૈન્ય બીજા ભીમદેવના સમયમાં ગુજરાત ઉપર ચઢી આવ્યું, ત્યારે પણ લોકોમાં નાસભાગ થઇ હતી એમ કીર્તિકૌમુદીમાં નોંધ છે (૪,૪૩–૪૬).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૩) ભિન્દિમાલ, (૧૪) મુષ્ટિ, (૧૫) લુંઠિ, (૧૬) શંકુ, (૧૭) પાશ (બાંધવાનું દોરડું ?), (૧૮) પટ્ટિશ, (૧૯) ઋષ્ટિ, (૨૦) કણય, (૨૧) કંપન, (૨૨) હલ, (૨૩) મુશલ, (૨૪) ગુલિકા (ગોફણની ગોળી ?), (૨૫) કર્તરી (કાતર ?), (૨૬) કરપત્ર, (૨૭) તરવારિ, (૨૮) કુદ્દાલ (કોદાળી ?), (૨૯) દુસ્ફોટ, (૩૦) ગોફણિ (ગોફણ ?), (૩૧) ડાહ, (૩૨) ડચ્ચૂસ, (૩૩) મુદ્‌ગર (મગદળ ?), (૩૪) ઘન (ઘણ–હથોડો), (૩૫) ગદા, (૩૬) કરવાલિકા. આ આયુધો પ્રાચીન કાળનાં છે; કાવ્યના સમયે તે બધાં વપરાતાં હશે કે કેમ તે શંકાભરેલું છે.

આ ઉપરાંત બીજાં પણ કેટલાંક આયુધોના ઉલ્લેખો જોવામાં આવે છે. ગ્રાહરિપુના હથિયારનું નામ 'દલ્મિ' લખેલું છે. આ કેવી જાતનું હથિયાર હતું તેની સ્પષ્ટતા કરેલી નથી (૨, ૬૪). શતઘ્ની નામના અસ્ત્રનો ઉલ્લેખ કેટલાક સ્થળે કરેલો છે (૨, ૭૬; ૧૧, ૪૬). શતઘ્ની એટલે એકી સાથે સો મનુષ્યનો ઘાત કરનાર. આ અસ્ત્ર પત્થર ફેંકનારું શિલાવર્ષણયંત્ર (Catapult) નહિ હોય એમ લાગે છે, કારણ કે એક પથ્થરથી સો માણસોનો ઘાત થાય નહિ અને બારમા સર્ગમાં લખ્યું છે કે બર્બરકે સિદ્ધરાજના સૈન્ય ઉપર પથ્થરો અને ઝાડનાં થડોનો વરસાદ વર્ષાવ્યો હતો, ત્યાં પણ આવા યંત્રનો ઉલ્લેખ નથી, તેમ જ જો શતઘ્ની અસ્ત્રથી બર્બરકે તેમ કર્યું હોત તો તેનું સૂચન તેમાં જરૂર હોત. શતઘ્ની તે તોપ પણ ન હોઈ શકે; કેમકે આ કાવ્યમાં અથવા તો તે સમયના સાહિત્યમાં દારૂ–ગોળાનો કંઈ પણ ઉલ્લેખ જાવામાં આવતો નથી. જો ફોડવાનો દારૂ તે વખતે જાણીતો હોત, તો અવન્તી નગરીનો કોટ સિદ્ધરાજે તોડચો, ત્યારે તેનો ઉપયોગ સુરંગથી પથ્થર તોડવામાં જરૂર થયો હોત, પણ ત્યાંતો લખ્યું છે કે કોટ તોડવામાં કુશી (કોશ), વગેરે પથ્થર તોડવાનાં યંત્રોનો ઉપયોગ સૈનિકોએ કર્યો હતો (૧૪, ૩૨–૩૩). શતઘ્ની એવી જાતનું યંત્ર હોવું જોઈએ કે જેમાંથી એકી સાથે સો બાણો કે છરીઓ દૂર સુધી ફેંકી શકાય.[૧]

---

૧. રઘુવંશમાં પણ 'શતઘ્ની'નો ઉલ્લેખ છે (૧૨, ૯૫). મલ્લીનાથ તેને अयसः शङ्कुभिः कीलैश्चितां कीर्णां અને હેમાદ્રિ लोहकण्टककीलितयष्टि-विशेषा કહે છે, તે મારા અનુમાનને ટેકો આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી સૈનિકો ક્ષિપકા નામનું અસ્ત્ર વાપરતી હતી, એવી એક સ્થળે નોંધ છે (૫, ૧૫). આ કેવી જાતનું હથિયાર હતું તે સમજાતું નથી, પરન્તુ તે ઉપરથી એટલું જણાય છે કે સ્ત્રીઓ પણ તે સમયે યુદ્ધમાં સૈનિકો તરીકે ભાગ લેતી હતી. અન્ય સ્થળે લખ્યું છે કે સોરઠમાં સ્ત્રીઓ મયા (ટીકાકાર તેને સંઢી કે વેસરી કહે છે, તેથી તે કદાચ સાંઢણી હશે) નામના પશુ ઉપર બેસી, હાથમાં પાણીની દતિ (દોણી? શિરોહી?) લેઈ સૈનિકોને પાણી પાવા જતી (૪,૫૭). ઘાયલ થયેલા સૈનિકોની શુશ્રૂષા કેવી રીતે થતી હતી, તેનું કંઈ સૂચન મળતું નથી. સોરઠમાં વપરાતા બીજા આયુધ કુશની નોંધ પણ મળે છે (૪, ૫૨). ટીકાકાર કહે છે કે તે લોખંડ અને લાકડાનું બનતું હતું. જો કુશ નામના ઘાસને મળતું તે હોય તો તે પાતળા લાંબા પાના વાળી લાકડીમાં રખાતી ગુપ્તિના જેવું કંઈ હથિયાર હશે. મૂળરાજના સૈન્યમાં શલ્યી નામનું શસ્ત્ર પણ વપરાતું હતું. ત્યાં લખ્યું છે કે કેટલાક સૈનિકો ત્રણ શલ્યીઓ ઉપાડતા હતા (૪, ૪૫). આથી એમ લાગે છે કે તે કોઈ વજનદાર હથિયાર હશે. અર્ણોરાજ કૌક્ષેય નામનું હથિયાર વાપરતો હતો (૧૬, ૧૦). ટીકાકાર લખે છે કે કંક નામના પ્રાણીની કુખ(કુક્ષિ)માં ઘાલીને તેના લોહીથી પાયેલી તલવાર તે હતી. લોખંડ પાવાની આ કોઈ વિલક્ષણ રીત જણાય છે. તેમાં કંઈ વૈજ્ઞાનિક સત્ય હશે ખરું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯

રાજકુલ અને ઐતિહાસિક તત્ત્વ

આ કાવ્ય ઉપરથી તે વખતની રાજકુલની રહેણીકરણી ઉપર થોડોક પ્રકાશ પડે છે. રાજદ્વાર આગળ મહાપુરુષોનો સત્કાર કરવાને સ્વચ્છ મન અને વાણીવાળા દૃઢ પુરુષોને યોજવામાં આવતા હતા. (૧,૧૧૬). રાજપ્રાસાદ આગળ અંગરક્ષકો રહેતા અને કોઈને અંદર જવું હોય તો મહાપ્રતિહાર (वेत्रिणां पतिः) પ્રવેશ કરાવતો (૩,૬૩–૬૪). રાજાના પ્રયાણ વખતે બ્રાહ્મણો હાથી અને ઘોડાનું પૂજન કરતા (૩,૫૯). તે વખતે દ્વાર ઉપર કુંકુમ છંટાતું (૩,૭૩) અને સૂતો (ટી. ભટ્ટ–ભાટ કહે છે) અને બ્રાહ્મણોને દ્રવ્ય આપવામાં આવતું (૩,૬૬). રાજસભામાં રાજપુરોહિત રાજાને તિલક કરતો (૩, ૮૦). મહાલક્ષ્મી માતાનાં દર્શન કર્યા પછી રાજા પ્રસ્થાન કરતો (૩,૮૫). રાજમાર્ગમાં લોકો રાજાને ફળ (ટી. બિજોરું),[1] પુષ્પ અને ડાંગરથી વધાવતા (૩,૯૪). રસ્તામાં અધ્વ (માર્ગ)ના અધિષ્ઠાતા દેવતાની પૂજા કરવામાં આવતી (૭,૩૪). રાજાની સવારીની સાથે મશ્કરા (નર્મબંધુ) પણ રહેતા (૭,૬૯). પરરાજ્યની બાતમી મેળવવા જાસૂસો (ચર) રાખવામાં આવતા (૮,૪૦). ટીકાકાર ચરનો પર્યાય હેરિક આપે છે. આ ઉપરથી આપણી કહેવત 'હેરી વિના ચોરી નહિ'નો અર્થ સ્પષ્ટ સમજાય છે. –બાતમીદાર વિના ચોરી થવાનો સંભવ ઓછો ગણાય. રાજમહેલમાં ખુશાલીના પ્રસંગે કેદીઓને છોડી મૂકવાનો રિવાજ તે કાળે પણ હતો (૧૧,૩૫). રાજા લોકો પાસેથી ચોથા ભાગનો કર લેતો (૨,૭૦). આ કમાણીવેરો હશે ? કેદી થયેલા રાજાને મારી નાખવાની ધમકી

---

૧ અત્યારે પૂજાનૈવદ્યમાં અને હોમહવનમાં શ્રીફળનો ઉપયોગ થાય છે, પણ કાવ્યમાં તેનું નામ સુદ્ધાં જણાવ્યું નથી. પ્રાકૃત દ્વયાશ્રયમાં નારિયેળીના ઝાડનો ઉલ્લેખ છે, પણ શ્રીફળનો ઉપયોગ ધાર્મિક કાર્યમાં થતો હોવાનું જણાવેલું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપીને તેની પાસેથી દંડ લેવાની પદ્ધતિ મ્લેચ્છાચાર ગણાતો-અનુચિત વ્યવહાર મનાતો (૨,૮૫). પોતાના વિશે લોકો શું બોલે છે તે જાણવાને રાજા બુકાની (અવગુંઠન) બાંધીને અને નીલવસ્ત્રો પહેરીને રાત્રિચર્યા કરવા નીકળતો (૨૦,૪૦). રાજકુમારોને આયુધો કેમ વાપરવાં, મલ્લયુદ્ધ કેમ કરવું, હાથી ઉપર અને ઘોડા ઉપર કેવી રીતે સવારી કરવી, તથા શિકાર કેમ ખેલવો તેનું શિક્ષણ અપાતું. (૧૧, ૪૬-૫૪)[૧]

આ કાવ્યમાં આપેલી ઐતિહાસિક વિગતો સત્ય હોવાનું સિદ્ધ થયું છે. ઘણી વિગતો ઇતિહાસના ગ્રંથોમાં લેવામાં આવી છે, પરન્તુ કેટલીક રહી ગયેલી જણાય છે, તે અહીં ટાંકવાની જરૂર જણાય છે.

પાટણનો રાજા સુરાષ્ટ્ર અને સિન્ધુના રાજાઓને હરાવીને હાથીઓ લાવ્યો હતો એમ પહેલા સર્ગના નગરવર્ણનમાં એક નોંધ છે. (૧,૬૮). આ રાજા ભીમદેવ હતો એમ ટીકાકાર કહે છે, પણ તે મૂળરાજ હતો એમ હું માનું છું, કેમકે ભીમદેવે સુરાષ્ટ્રના રાજાને હરાવ્યા સંબંધી કોઇ ઉલ્લેખ મળતો નથી, જ્યારે મૂળરાજની સુરાષ્ટ્રની

૧ કુમારપાલની રાજસભાનું વર્ણન પ્રાકૃત દ્વયાશ્રયમાં આપેલું છે, તે ઉપરથી તે સમયની રાજસભાનો કંઈક ખ્યાલ આવે છે. (સર્ગ ૬) રાજા કનકમંડપિકામાં બેસતો, પુરોહિત રાજાના શ્રેય માટે મંત્રપાઠ કરતો, રાજાના આગળ ચામરધારિણી દાસીઓ ઊભી રહેતી. પછી તૂરી (શરણાઈ) વગાડવામાં આવતી, વારાંગનાઓ નીરાજનવિધિ (આરતી ઉતારવી) કરતી, બીજા રાજાઓ હાથ જોડીને ઊભા રહેતા, રાજાની નજીકમાં રત્નનાં આભૂષણો પહેરીને મહાજનના શેઠિયાઓ બેસતા, છેવટે સાંધિવિગ્રહિક આદિ રાજપુરુષોના નિવેદનથી સભાના કાર્યનો આરંભ થતો. પહેલા સર્ગમાં રાજાનો પ્રાતર્વિધિ જણાવ્યો છે. -રાજાને બ્રાહ્મણો આશીર્વાદ આપતા, પુરોહિત તિલક કરતો, રાજા લોકોની અરજો સાંભળતો, તિથિશ્રવણ કરતો (દૈનિક પંચાંગની હકીકત ?), માતાઓના નિવાસમાં જતો, તેમને રત્નોની ભેટ આપતો, દેવ-દેવીઓની આગળ ગીત ગાવામાં આવતાં, કુલની વૃદ્ધ સ્ત્રીઓને તે ધન આપતો, મહાલક્ષ્મીનું પૂજન કરતો, પછી વ્યાયામશાળામાં જઇને કુસ્તી કરતો અને શસ્ત્રાસ્ત્રો વાપરવાનો મહાવરો કરતો. ત્યારપછી હાથી ઉપર બેસી દેવદર્શન માટે જતો. ત્યાંથી અશ્વ ઉપર બેસીને ધવલગૃહ (રાજમહેલ)માં પાછો આવતો. સાયંકાળે બગીચામાં ફરવા જતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત પ્રસિદ્ધ છે અને તેણે સિન્ધના રાજાને હરાવ્યો હતો એવું એક શ્લોકમાં સૂચન છે (૬,૧૯). મૂળરાજે જ ગ્રાહરિપુને ગાદી ઉપર બેસાડ્યો હતો (૨,૫૯). એ શ્લોકમાં એમ છે કે મેં સ્થાપેલા (ટી. પ્રતિષ્ઠિત) ગ્રાહરિપુનો હું કેવી રીતે નાશ કરું ? કોઈ પોતે વાવેલા વૃક્ષનો પોતે જ નાશ કરે ? ગ્રાહરિપુએ ઉત્તર અને દક્ષિણના રાજાઓને હરાવ્યા હતા (૨,૭૧). તેમાં ઉત્તરનો રાજા તે સિંધનો રાજા હોવો જોઈએ, કારણકે આગળ લખવામાં આવ્યું છે કે તેણે સિંધના રાજાને હરાવી તેની પાસેથી ગજ, અશ્વ અને બળદ દંડરૂપે લીધા હતા. (૨,૮૩), પણ દક્ષિણનો રાજા કોણ ? ભરૂચનો રાજા હશે ? મૂળરાજે મન્દેહ નામના દૈત્યને માર્યો હતો (૨, ૫–ટીકા). આ મન્દેહ મનસુર નામનો કોઈ મુસલમાન સરદાર હશે કે કોઈ જંગલી જાતિનો નાયક હશે ? લાખાએ મુસલમાનોથી કચ્છનું રક્ષણ કર્યું હતું (૨,૧૦૫). મૂળમાં त्राता तुरुष्कानपि कच्छदेशात् । પાઠ છે, તે અર્થવિનાનો છે. હું તેને બદલે त्राता तुरुष्कादपि कच्छदेशान् । એ પાઠ હોવો જોઈએ એમ માનું છું. ગ્રાહરિપુના સૈન્યમાં મુસલમાનો પણ હતા (૫,૫૯). બારપ દરદ રાજાની પુત્રી દત્તાનો પતિ હતો અને તેની મા વિદિશાની હતી એમ લખ્યું છે (૬, ૪૨–૪૫), પરન્તુ તેનો બાપ ક્યાંનો હતો, તે જણાવ્યું નથી. આથી મને લાગે છે કે તેને જમાઈ તરીકે લાટની ગાદી મળી હશે. દરદ તે દદ્દ તો નહિ હોય ? મૂળરાજના સમયમાં મથુરાનો રાજા મુસલમાન બાદશાહ સાથે લઢ્યો હતો (૭,૧૩૭). આ બાદશાહ કોણ ? ભીમ જે ભોજની સુવર્ણમંડપિકા લાવ્યો હતો, તે તેને કલચૂરિ કર્ણ તરફથી મળી હતી (૯,૫૭). મયણલ્લા કર્ણને પરણી ત્યારે યુવતી હતી–અર્થાત્ વીસ વર્ષ ઉપરની ઉમરની હતી (૯,૧૦૨–૩) અને તે કુરૂપ નહોતી પણ સુંદર હતી (૯,૧૩૬). બર્બરકને સિદ્ધરાજે પોતાના પાયદળ લશ્કરનો ઉપરી બનાવ્યો હતો (૧૨,૭૭;૧૩,૨) અને તે સમુદ્ર આદિ જલાશયોમાં પેસી તેના તળિયે ફરી શકતો હતો (૧૩,૪). પ્રભાસના ગંડનો અર્થ પુરાધ્યક્ષ (mayor) થાય છે (૧૫,૩૯). સિદ્ધરાજે શતરુદ્ર, અતિરુદ્ર, આદિ મોટા યજ્ઞો કર્યા હતા (૧૫,૧૦૫–૧૦૬) સિદ્ધરાજે અર્ણોરાજને નમાવ્યો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હકીકતને દ્વયાશ્રયનો પણ ટેકો છે (૧૬,૨૦) અને સિદ્ધરાજનો તે જમાઈ હતો એમ પણ કંઈક અસ્પષ્ટ સૂચન છે (૧૮,૧૦૩), કારણ કે ત્યાં કને કુમારપાલે અર્ણોરાજને પૂજ્ય કહ્યો છે. કુમારપાલના શરીરે ઘણા વાળ હતા અને તેને દદ્રુ (દાદર)નું દરદ હતું (૧૮, ૮૦).[૧] કુમારપાલના પક્ષમાં અર્ણોરાજના પક્ષમાંથી એક ગોવિંદરાજ ગયાનો ટીકામાં ઉલ્લેખ છે (૧૮, ૯૭). આ ગોવિંદરાજ તે પૃથ્વીરાજ ચૌહાણના પ્રતિસ્પર્ધી જયચંદ રાઠોડનો પિતા હશે? કદાચ તે કાળથી જ અજમેર અને કનોજને વેર બંધાયું હોય. કુમારપાલના પક્ષમાંથી અર્ણોરાજના પક્ષમાં જનાર ચાહડને અર્ણોરાજનો અંગરક્ષક (આત્મયોધ) કહ્યો છે (૧૮,૧૦૩), એથી તે માવત તો નહોતો એમ લાગે છે.[૨] કુમારપાલના સામન્તો વિજય અને કૃષ્ણને બલ્લાલે ફોડયા હતા (૧૯,૯૮). આ કોણ? વિજય તે મેવાડનો ગુહિલ વિજયસિંહ (સં. ૧૨૨૦) અને કૃષ્ણ તે નાડોલનો કેલ્હણ (સં. ૧૨૨૧થી ૧૨૪૯) ધારું છું: કદાચ કુમારપાલનો બનેવી મોઢેરાનો મંડળેશ્વર કાન્હડદેવ પણ હોય.

---

૧. પ્ર. ચિ. માં લખ્યું છે કે કુમરપાલને 'લૂતા' રોગ થયો હતો (કુ. પ્ર.—૪૧) 'લૂતા' એટલે કોઢ. દાદરના દરદમાંથી આ રોગ પાછળથી ઉદ્ભવ્યો હોય, તો આ હકીકતને દ્વા. કા. નો આધાર છે.

૨. ચાહડને હું સિદ્ધરાજનો દૌહિત્ર અને અર્ણોરાજનો પુત્ર સોમેશ્વર સમજું છું (ચર્ચા માટે ફા. સ. ત્રૈમાસિકના અંકો જુઓ વ. ૩–૪.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦

ભૌગોલિક તત્ત્વો

આ કાવ્યમાં ભૌગોલિક માહિતી કેટલીક મળે છે, તે જાણવા જેવી છે. આબુ પર્વત તે કાળે પણ શીતળતા અને આરોગ્યવર્ધકતા માટે જાણીતો હતો (૧૬, ૪૩). કચ્છના બળદો અને સિંધના ઘોડા વખણાતા હતા (૧૬, ૩૧). કોલ્હાપુરનો રાજા ગુજરાતના રાજાને પદ્મરાગમણિ (માણેક ?) ભેટ મોકલે છે (૬, ૨૨). એ ઉપરથી જણાય છે કે એ કીમતી ઝવેરાત કોલ્લાપુરની આજુબાજુ મળી આવતું હશે. લાટમાં મજીઠનો રંગ સારો થતો હતો (૬, ૪૨). ત્યાંના લોકોમાં ત્રણ દોષ હતા—કાપથ (દુરાચાર), કાપૌરુષ (બાયલાપણું) અને કાક્ષ્ય (ભયવિહ્વલતા) (૬, ૯૫). સુરાષ્ટ્રના લોકોને ગાયો ઉપર બહુ પ્રીતિ હતી (૫, ૭૯). ત્યાંના લોકો બહુ દારૂ પીતા હતા (૪, ૭–૨૩). ગિરનાર પર્વત ઉપર તે કાળે ચમરીવાળી ગાયો મળી આવતી (૨, ૮૬). અત્યારે હિમાલય પર્વત ઉપર જોવામાં આવે છે. બેટ શંખોદ્ધારનું પાણી પાકી શેલડીના રસ જેવું મીઠું હતું (૪, ૧૩). મારવાડમાં પાંદડાંવાળાં વૃક્ષો થતાં નહિ (૧૮, ૭૭). કેક્કાણ દેશ (બલુચિસ્તાન ?)-ના ઘોડા ઉત્તમ ગણાતા (ટી. ૧૯, ૨૩), હાલ જેમ દિલ્હીનો ઠગ કહેવાય છે, તેમ તે કાળે કાશીના લોકો ઠગ કહેવાતા (૨૦, ૪૬). વનવાસ (ઉત્તર કાનડાનો સીરસી તાલુકો)માં સુવર્ણની ખાણો હતી (૬, ૨૦).

એક બે જગ્યાએ ભૌગોલિક સ્થળોનાં અંતર જણાવેલાં છે. કચ્છથી સૌરાષ્ટ્ર આઠ યોજન દૂર હતું (૨, ૧૦૬). આ અંતર બરોબર છે, કારણકે માળિયા આગળનું કચ્છનું રણ છત્રીસ માઈલથી વધારે નથી (૨૩°, ૧૫' થી ૭૦°, ૪૫' અક્ષાંશ–રેખાંશ–સર્વે ઑફ ઇન્ડિયાનો નકશો No. 41 I) પરન્તુ બીજે સ્થળે જણાવેલું અંતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરોબર નથી. ત્યાં લખ્યું છે કે વામનસ્થલી (વંથળી)થી પર્વત એક ક્રોશ અને સમુદ્ર એક યોજન દૂર છે (૨, ૧૦૧). પરન્તુ વંથળીથી ગિરનાર લગભગ દશ માઇલ અને સમુદ્ર બાવીસ માઇલ દૂર છે. ટીકાકાર અનુક્રમે સાત ક્રોશ અને પાંચ યોજન અંતર જણાવે છે. આ ઉપરથી આપણે ક્રોશ અને યોજનનું માપ જાણી શકીએ છીએ કે ક્રોશ એટલે આપણો ગાઉ (દોઢ માઇલ) અને યોજન એટલે સાડા ચાર માઈલ. ટીકાકાર ચાર ક્રોશનો યોજન ગણે છે, પરન્તુ તેનું ખરું માપ ત્રણ ક્રોશનો યોજન થાય છે.

હવે કેટલાંક ભૌગોલિક સ્થળોનાં સ્થાન નક્કી કરવાનું રહે છે. દ્વયાશ્રય કાવ્યનાં ઘણાં સ્થળો કાલ્પનિક હોય તેમ જણાય છે, કેટલાંક સ્થળો જાણીતાં છે, કેટલાંકનો પત્તો લાગી શકે છે, જ્યારે બાકીનાં વિશે અનુમાન કરવાનું રહે છે.

પ્રથમ આપણે જમ્બુમાલી નદી વિશે વિચાર કરીશું, મૂળરાજે સોરઠના ગ્રાહરિપુ ઉપર ચઢાઈ કરી, ત્યારે તેણે જમ્બુમાલી નદી ઉપર પડાવ નાંખ્યો હતો (૪, ૮૧). હાલમાં કાઠિયાવાડમાં આ નામની કોઇ નદી નથી. તેને માટે અત્યાર સુધી સ્થાન નક્કી થયું નથી, તે નક્કી કરવા આપણે પ્રયત્ન કરીશું. ગ્રાહરિપુ મૂળરાજના સામો આવે છે, ત્યારે ભદ્રા (હાલની ભાદર)નદી પાર કરે છે (૪, ૭૬). આ ઉપરથી જમ્બુમાલી ભાદરની ઉત્તરે હોવી જોઈએ એ નક્કી છે. જમ્બુમાલીને એક સ્થળે ગિરિનદી કહી છે (૪, ૬). એથી જણાય છે કે તે નદી ડુંગરોની વચમાં હોવી જોઇએ. રાજકોટની પૂર્વમાં આવેલા આનન્દપુર અને ચોટીલાના પર્વતો જ્યાં મળે છે, ત્યાં **જંબુરી** નામની નદી છે, તે જ જમ્બુમાલી હોવાનું નિશ્ચિત થાય છે. રાસમાળામાં લખ્યું છે કે મૂળરાજ અને ગ્રાહરિપુ વચ્ચેનું યુદ્ધ આટકોટ પાસે થયું હતું એમ જનશ્રુતિ છે. જંબુરી નદી આટકોટની ઉત્તરે પચીસેક માઈલના અંતરે આવેલી છે. આ કારણ પણ તેને જમ્બુમાલી ઠરાવે છે. (આ સંબંધી વિસ્તૃત ચર્ચા પરિશિષ્ટ ગ માં છે.)

બીજી એક દ્રુમતી નદીનું પણ સ્થાન નક્કી થઈ શકે છે. સિદ્ધરાજ શત્રુંજય પર્વત ઉપર ચઢે છે, ત્યારે તેની સાથે દ્રુમતીનો રાજા હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૫, ૯૦). દ્રુમતીને ટીકાકાર નદી જણાવે છે. આ નદી તે મોરબી રાજ્યમાં આવેલી દેમઈ નદી જણાય છે. તે વખતે સિદ્ધરાજની સાથે ઉદુમ્બર, કૌશાંબી, મધુમતી અને વિસવાન્ના રાજાઓ પણ હતા એમ એ જ શ્લોકમાં જણાવેલું છે. કૌશાંબીનો પત્તો લાગતો નથી. તે સૂરત પાસેનું કોસંબા તો ન જ હોઇ શકે. મધુમતી તે ભાવનગર રાજ્યનું મહુવા હોવું જોઈએ. ઉદુમ્બર તે ભાવનગર રાજ્યની રેલ્વેના ઢસા જંકશનની પૂર્વે આવેલું ઉમરડા અને વિસવાન્ તે જૂનાગઢ પાસેનું વિસાવદર હોવાનો સંભવ છે.

શત્રુંજય પાસેનું સિંહપુર અને તેની આજુબાજુનાં ગામો વલ્ય, ચુલ્ય, અન્હ, સાખેય અને સાખિદત્તેય બ્રાહ્મણોને સિદ્ધરાજે દાનમાં આપ્યાનું જણાવેલું છે (૧૫, ૯૭–૯૮). આમાં સિંહપુર તે તો ભાવનગર રાજ્યનું શિહોર છે એમાં શંકા નથી. વલ્ય તે શિહોરની પશ્ચિમે આવેલું વલાવદ, સાખેય તે તેની પશ્ચિમે આવેલું સખાવદ અને અન્હ તે રામધરી તળાવની દક્ષિણે આવેલું અનીડા કદાચ હોઈ શકે (સર્વે ઑફ ઇન્ડિયાનો નકશો નં. 41 I. & P.)

બીજાં પણ ત્રણ સ્થળોનું સ્થાન નિશ્ચિત છે. નાન્દીપુર (૧૬, ૨૩) તે રાજપીંપળા સંસ્થાનનું નાંદોદ છે, નડ્વલ (ટી. ૭, ૭૩) અને પલ્લી (૨૦, ૩૩) તે મારવાડમાં આવેલાં નાડોલ અને પાલી છે.

બાકીનાં સ્થળો વિશે અનુમાન કરવાનું રહે છે. ગ્રાહરિપુની પીઠદેવીઓ સૈકોત્તરમાંથી આવી હતી એમ એક સ્થળે લખ્યું છે (૪, ૪૯). ટીકાકાર તેને સમુદ્ર અંદરનો પર્વત ગણે છે. તે એડનની પૂર્વે આવેલો સોકોટ્રાનો ટાપુ તો નહિ હોય? કન્થાગામ (૧૬. ૧૪) તે પાટણ પાસેનું કંથારી, વસાતી (૧૫, ૮૭) તે વિજાપુર પાસેનું વસઈ, શાર્કર (૧૫, ૯૩) તે સિંધુ નદીનો સક્કર બેટ, શિવશાણ (૮, ૫૪) તે મારવાડમાં ઝાલોર પાસેનું સિવાના, શૈરીષક (૧૫, ૯૨) તે કલોલ પાસેનું સેરીસા, શૃગાલગર્ત (૧૬, ૩૨) તે કાઠિયાવાડની દક્ષિણે આવેલો શિયાળ બેટ, સ્થળી (૧૬, ૨૪) તે રાધનપુર તરફનું થળી ગામ કદાચ હોઈ શકે, પણ કંઇ નક્કી કહેવાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परिशिष्ट क

દ્વયાશ્રય કાવ્યમાં આવેલાં વિશેષ નામોની સૂચિ

अङ्ग	૬, ૧૬; ૭, ૯૭–૧૩૪; ૧૫, ૮૬	દેશ
अचलेश्वर	૧૬, ૪૮	આબુ ઉપરનું શિવમંદિર
अजिरवती	૬, ૬૨	નગરી–રાજકોટની આજી નદી ઉપર હશે.
अणहिल्लपाटक	૧, ૪	ચૌલુક્યોની રાજધાની
अतिराज	૫, ૪૫	શ્રીમાલનો રાજા–ટી૦ આબુનો રાજા.
अन्तर्घण	૧૨, ૬૬	દેશ
अन्ध्र	૭, ૧૦૫–૧૩૮; ૮, ૪૮	દેશ–આન્ધ્ર મદ્રાસ ઇલાકાનો ઉત્તર પ્રદેશ
अन्ह	૧૫, ૯૮	શિહોર પાસેનું ગામ–અનીડા?
अपरेषुकामशमी	૧૬, ૧૫	ગામ
अभिजित्य	૧૯, ૯૮	અભિજિતનો પુત્ર
अभिसार / अभिसारगर्त	૧૬, ૨૪	દેશ–ઝેલમ અને ચિનાબ વચ્ચેનો પ્રદેશ (પ્રા. ભૂ. પૃ. ૬૬૮)
अर्जुन	૯, ૩૯	ટી૦ સહસ્રાર્જુન–પ્રાચીન રાજા
अर्बुदाचल	૧૬, ૩૩	આબુ પર્વત
अर्बुदेश्वर	૫, ૪૨	આબુનો રાજા
अरीहणक	૧૫, ૯૬	દેશ
अलंकारवती	૬, ૬૨	નગરી–સિકન્દરે સિંધુના તીરે વસાવેલું અલકંદ તો નહિ હોય?
अवन्ती	૧૪, ૫; ૧૯, ૧૨૫	નગરી–ઉજ્જેન
अश्वपालिक	૧૪, ૭૪	રાજા–અશ્વપાલીનો પુત્ર
अश्म	૩, ૮૪	દેશ
अश्मक	૧૫, ૧૦૧	દેશ કે નગર–મલકન્દ ઘાટ પાસેનો કિલ્લો? (પ્રા. ભૂ. પૃ. ૬૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अहीवत्तिका	२, ६१	નદી–નાગમતી ?
आन्न	१६,७–१३; १८,६–४३	અર્ણોરાજ–અજમેરનો રાજા.
आभीर	२, ६२	દેશ
आयामुख	१६, ३२	ગામ–काशिकाમાં અયોમુખા જણાવ્યું છે રાયબરેલી જિલ્લાનું પ્રતાપગઢ. (પ્રા. ભૂ. પૃ. ૪૪૩)
आश्वत्थिक	१५, १०१	દેશ કે નગર
आह्‌वजाल	१६, २०–२१	ગામ
इक्कट्टिक	१५, १०१	દેશ કે નગર
इन्दुवक्र	१६, २६	દેશ
इक्ष्वाकु	१६, ३२	દેશ
उज्जयंत	१५, ६०	ગિરનાર પર્વત
उत्तरकोसल	१, १४९	દેશ–અયોધ્યાનો પ્રદેશ
उत्स	१६, ५२	દેશ–ઉચ્છ (પંજાબ) જેલમ અને ચિનાબના સંગમ ઉપર (પ્રા. ભૂ. ૨૭૭)
उर्दि	१६, १०	દેશ
उशीनर	१६, २०	ગામ
ऋषीवती	२, ६१	નદી
ऐरावत	१६, २४	દેશ
औत्स	१४, ४१	ઉત્સદેશનો રાજા
औदपान	,,	ઉદપાન દેશનો રાજા
औदुम्बर	१५, ९०	ઉદુમ્બર નગરનો રાજા–ઉમરડા ? (કાઠિયાવાડ)
औदुम्बरि	१५, ३८	પ્રભાસનો પુરાધ્યક્ષ–ગંડ
औपगवाः	१४, ३८	ઉપગવ ઋષિના શિષ્યો–યશોવર્માના સૈનિકો
कच्छ	२, १०५; ५, १२१	દેશ
कटवर्तक	१६, ३२	દેશ
कदम्बकुल	९, १५३	રાજવંશ–મીનળદેવીના પિતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कनकचूड	૧૩, ૪૫	નાગ
कन्था	૧૬, ૧૪	સરોવર
कर्ण	૯, ૪૧-૭૧	ચેદિ દેશનો રાજા
कर्ण	૯,૭૪-૧૫૭;૧૧,૬૫-૧૧૫	ચૌલુક્ય-સિદ્ધરાજનો પિતા
कलचूरि	૯, ૨૮	ચેદિદેશનો રાજવંશ
कलिङ्ग	૯, ૩૬; ૧૨, ૬	દેશ-રાજમહેન્દ્રીની આસપાસનો પ્રદેશ-આન્ધ્રની પશ્ચિમે (પ્રા. ભૂ. પૃ. ૫૯૧)
कश्मीर	૧૩, ૮૮	દેશ-કાશ્મીર
कश्यक	૧૫, ૧૦૧	દેશ અથવા નગર
काक	૧૬, ૨૩(ટી૦)	કુમારપાલનો બ્રાહ્મણ સેનાપતિ
काकन्दकी	૧૬, ૨૨	નગરી
काण्डाग्नि	૧૬, ૨૬	દેશ
कापिश्या	૧૬, ૧૧(ટી૦)	નદી અથવા નગરી-કાબૂલ (પ્રા. ભૂ. પૃ. ૬૭૨)
काम्पील्य	૬, ૨૬	પાંચાલદેશનું નગર-ફરૂકાબાદ જિલ્લાનું કંપીલ (પ્રા. ભૂ. પૃ. ૭૦૪)
कार्त्रायणि कार्मायणि	૧૫, ૧૭	જૈન બ્રાહ્મણો
कारन्तप	૧૬, ૨૦	ગામ
कारीषगन्धी	૪, ૯૪	કોઈ રાણીનું નામ
काली कालिका	૧૪, ૧૩-૧૪	અવન્તીની યોગિની
काशि	૯, ૩૩	કાશીનો રાજા
काशिल	૧૫, ૯૫	નગર
काशीश्वीय	૧૫, ૧૦૦	નગર
कीर	૬, ૨૩	કાશ્મીરનો રાજા
कुन्तल	૭, ૩૫	દેશ-કર્ણાટક
कुमारपाल	૧૫, ૫૫-૧૨૩;૧૬-૧	પાટણનો રાજા
कुरुजंगल	૨૦, ૪૪	દેશ
कुमारचैत्य	૨૦, ૧૦૦	જૈનમંદિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुमारपालेश्वर	૨૦, ૧૦૧	શિવમંદિર
कुमुदिक	૧૫, ૧૦૧	દેશ
कृकण	૧૬, ૩૪	દેશ
कृष्ण	૧૯, ૯૮	રાજાનું નામ–કુમારપાલનો સામન્ત અને બલ્લાલના પક્ષમાં જનાર
केकाण	૧૯, ૨૩(ટી૦)	દેશ–બલુચિસ્તાન ?
केदार	૨૦, ૯૦	તીર્થસ્થાન
केदारदेव	૧૫, ૧૪	,,
कैतवायनि	૧૫, ૧૫	મુનિ
कोटरावण	૬, ૬૧	વન–કાઠિયાવાડનું કોટડા ?
कोल्लापुर	૬, ૨૨	નગર
कौण्डेयक / कौणेयक	૧૬, ૯	આન્ધ્રદેશની કુંડયા નદી કે નગરીનો રાજા, કુણ્યા નદી કે નગરીનો રાજા
कौमुदिक	૧૫, ૧૦૨	દેશ અથવા નગર
कौलक	૧૬, ૨૫	સૌવીરના કૂલગામનો રહેવાસી
कौशाम्बी	૧૫, ૯૦	નગરી–પ્રયાગના નૈર્ઋત્ય ખૂણે ૩૦ માઈલ દૂર આવેલું કોસમ આ ન હોય–આ કાઠિયાવાડમાં હોય એમ લાગે છે.
कौशल्यायनि	૧૫, ૧૬	બ્રાહ્મણ (જૈન)
क्षीरसमुद्र	૮, ૪૨–૪૩–૪૪(ટી.)	સમુદ્ર
क्षेमराज	૯, ૭૦–૭૨–૭૩	રાજા–સિદ્ધરાજનો કાકો
क्षौद्रकमालवी	૧૫, ૪૮	માળવાની સેના
खइरालु	૨, ૫૬(ટી૦)	ગામ–ખેરાળુ
खरशाला	૧૬, ૫૮	ગામ
खस / खसाः	૨૦, ૯૦	દેશ અથવા જાતિ
खाण्डवक	૧૫, ૯૬	દેશ
गजवन्ध	૯, ૩૪(ટી૦)	દેશ કે નગર
गन्ति	૯, ૩૬	રાજાનું નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गंगमह	५, २	રાજાનું નામ
गंगाद्वार	५, २	દેશ–હરદ્વાર (પ્રા. ભૂ. પૃ. ૭૨૬)
गंगापारपति	५, ३५	કાશીનો રાજા
गिरिनदी	४, ६	નદી–જમ્બુમાલી
गुर्जरत्रा	५, १२१, १६, ११(टी.)	દેશ–ગુજરાત
गुर्जरेश	७, १०६	ગુજરાતનો રાજા
गुर्जर	१८, २०–४६	ગુજરાતનું
गोद्रौ	३, ८४	ગોદ્ર ગામનો રાજા
गोष्ठाः	१६, १५	ગોષ્ઠ્યા ગામનો રાજા
गोनर्दीय	१६, १७	અવન્તીના ગોણુદપત્તનનો રાજા-બલ્લાલ પૈઠણથી શ્રાવસ્તીના માર્ગ ઉપર—(પ્રા. ભૂ. પૃ. ૭૨૬)
गोविन्दराज	१८, ९७ (टी.)	રાજા–અર્ણોરાજના પક્ષમાંથી ફૂટી કુમારપાલના પક્ષમાં આવેલો.
गोस्थान	१६, ५८	દેશ
गोशाल	,,	દેશ
गौड	९, ३८	દેશ–પશ્ચિમ બંગાળ
गौधार	१४, ७४	રાજાનું નામ
गौमती	१६, १५	ગોમતી નદીનો રાજા
चक्रवर्त	१६, २७	દેશ
चण्डिका / चाण्डालदेवी	१, १८८	મૂળરાજની માતા
चन्द्रपुर	९, ९९	કદમ્બવંશની રાજધાની
चामुण्डराज	६,१;७, ३१(टी.)	પાટણનો રાજા
चारण	१६, ४६	જાતિ
चाहड	१६, १४; १८, ९७–१०३ (टी.)	કુમારપાલનો સામન્ત
चीन	८, ५८	દેશ
चुल्य	१५, ९८	શિહોર પાસેનું ગામ
चेदि	९, १,	દેશ–બુંદેલખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चेदिप	૯, ૧૩	ચેદિદેશનો રાજા
चौलुक्य	૭, ૧૧૨ ૧, ૨-૩-૧૩૫	સોલંકી વંશ
छाग्यायनि	૧૫, ૧૬	જૈન બ્રાહ્મણ
जम्बुमाली	૩, ૧૫૩; ૪, ૮૧; ૫, ૩૭;	નદી-જંબુરી (કાઠિયાવાડ)
जम्बक	૨, ૫૬	મૂલરાજનો મહામંત્રી
जेहुल	૨, ૫૬-૬૧	મૂલરાજનો સામન્ત-ખેરાળુનો રાજા
जर्त	૪, ૮	દેશ-કચ્છ
जयकेशी	૯, ૧૦૦-૧૫૪; ૧૪, ૫૦;	ચન્દ્રપુરનો રાજા-મીનળનો પિતા
जयसिंह	૧૧, ૩૯; ૧૪, ૧૪-૪૮; ૧૨, ૮૦;	પાટણનો રાજા-સિદ્ધરાજ
जह्लणा	૧૯, ૫૦;	કુમારપાલની રાણી-અર્ણોરાજની પુત્રી
जाङ्गल	૧૮, ૭૮;	દેશ
तन्ति	૯, ૩૬;	રાજાનું નામ
तार्णबिन्दवि तार्णबिन्दविक	૧૫, ૧૧;	રાજાનાં નામ
तार्क्ष्यायण	૧૫, ૮૮;	રાજાનું નામ
तुदी	૧૭, ૩,	દેશ
तुरुष्क	૨, ૧૦૫;	મુસલમાન
तुरुष्केश	૭, ૧૩૭;	મુસ્લિમ રાજા કે સરદાર
तेज	૮, ૫૮;	રાજાનું નામ
तैक	૧૬, ૧૫;	તૈકયા ગામનો રાજા
तैकायनि	૧૫, ૧૫-૩૮;	મુનિ
तैकायनीय	૧૫, ૧૪;	રાજાનું નામ
तृणसा	૧૫, ૯૫;	નદી
त्रिककुद्	૨૦, ૨૩;	લંકાનો પર્વત
त्रिगर्त	૧૬, ૨૪;	દેશ-રાવી, બિયાસ અને સતલજ વચ્ચેનો પ્રદેશ (પ્રા. ભૂ. પૃ. ૬૯૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्रिभुवनपाल ૧૧, ૧૪૪;
૧૫, ૫૫; કુમારપાલનો પિતા

दढक्क ૩, ૯૯; મૂળરાજનો કાકો

दत्ता ૬, ૪૧; લાટદેશની રાણી

दधीस्थली ૯, ૭૭; ગામ-દેથળી (સિદ્ધપુર પાસે)

दमनक ૧૩, ૭૨; નાગકુમાર

दर्व ૧૬, ૨૪; દેશ

दशावतार्या उद्यान ૧૩, ૨૯; પાટણના દશાવતારી મંદિરનો બગીચો

दशावतारी ૧૫, ૧૧૯; પાટણનું વિષ્ણુમંદિર

दशार्ण ૯, ૩૩; દેશ-મધ્યપ્રાંતમાં બેસનગરની આજુ-બાજુનો પ્રદેશ

दाक्षिकन्था, दाक्षिपलद, दाक્षिनगर, दाक्षिह्रद } ૧૬, ૩૨-૩૩; ગામનાં નામ

द्राग्व्यायनि ૧૫, ૧૬; બ્રાહ્મણ (જૈન)

दामोदर ૯, ૨૬-૬૧; ભીમનો સાંધિવિગ્રહિક

दारद ૬, ૪૫; લાટ-દરદ રાણીનો પતિ

दारद्य ૬, ૩૯; દરદ રાજાની પુત્રીનો પતિ-બારપ

दार्त्तेय ૧૪, ૬૮; દત્તારાણીનો પુત્ર

दुर्लभराज ૭, ૧૩; પાટણનો રાજા

दुर्लभदेवी ૭, ૯૨; દુર્લભરાજાની રાણી

देवदत्त ૧૯, ૮૩; કુમારપાલના સાળો-કદાચ અર્ણોરાજના પુરોહિતનો પુત્ર હશે અને લગ્નમાં તેણે સાળાનું કામ કર્યું હશે.

देवप्रसाद ૯, ૭૨; ૧૧, ૧૧૩; કુમારપાલનો પિતામહ

देविका ૨૦, ૩૦; નદી

दैवयातवक ૧૫, ૮૭; દેવયાતર્વાનો રાજા

द्रुणस ૪, ૨; ગ્રાહરિપુનો દૂત

द्रुमती ૧૫, ૯૦; નદી-દેમઈ (મોરબી રાજ્ય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दुहिणतनया ૬, ૧૦૭, નદી–સરસ્વતી
द्वारप ૬, ૨૭; લાટનો રાજા
द्वाराहक ૧૫, ૧૦૧; દેશ કે નગર
धारा ૧૪, ૭૦–૭૩; નગરી (માળવામાં)
धूम ૧૬, ૨૪; દેશ
नन्ति ૯, ૩૬; દેશ
नदसा ૧૫, ૯૫; નદી
नडकीय ૧૫, ૧૦૦; નગર
नड्वल ૭, ૭૩;(ટી.) દેશ–નાડોલ (મારવાડ)
नागराज ૭, ૨૦–૧૧૩–૧૧૭;
૮, ૧; ભીમદેવનો પિતા
नान्दीपुर ૧૬, ૨૩; નગર–નાંદોર
नापितवास्तु ૧૬, ૨૧; ગામ
नाभिसूनुः ૧૬, ૫૦; જૈન તીર્થંકર–ઋષભનાથ
निम्बजा ૭, ૪૨; દેવી
नीलहृद ૧૪, ૬૫; સરોવર–નર્મદાનો પુત્ર
नेमि ૧૫, ૬૩, જૈન તીર્થંકર–નેમિનાથ
नैकेती ૧૬, ૧૬; ગામ
पञ्चनद ૮, ૭૪; ૧૯, ૧૧૨; સિન્ધુનો પ્રવાહ
पत्तन ૭, ૩૧; (ટી) પાટણ
परमार ૫, ૪૭, આબુનો રાજા
पर्दि ૧૬, ૧૧; દેશ
पर्ण ૧૬, ૩૪; દેશ
पल्ली ૨૦, ૩૩; દેશ–પાલી (મારવાડ)
पाक्षायण ૧૫, ૯૯; દેશ
पाञ्चालायनि ૧૫, ૧૮; પાઞ્ચાલના રાજાનો પુત્ર
पाण्डु ૬, ૧૮; દેશ
पाटच्चर ૧૬, ૧૫; પટચ્ચર દેશનો રાજા
पाटलिपुत्र ૧૬, ૨૨; નગર (મગધમાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पाताल	૧૩, ૪૨;	પાતાળ
पान्थायन	૧૫, ૯૮;	ગામ
पारा	૧૬, ૮; ૭, ૩૫;	નદી (માળવા)
पालाशक	૧૫, ૧૦૧;	દેશ કે નગર
पिङ्गलिका	૧૨, ૭૬;	બર્બરકની પત્ની
पिप्पल कच्छ	૧૬, ૨૬;	દેશ
पुण्ड्र	૮, ૪૧;	દેશ–પૂર્ણિયા, દીનાજપુર અને રાજશાહી પરગણાંનો પ્રદેશ (પ્રા. ભૂ. પૃ. ૭૨.૩)
पुरगावण	૬, ૬૦;	પુરગામના વનનો રાજા
पूर्वभद्र	૧૬, ૧૫;	દેશ
पैङ्गल	૧૪, ૩૮;	પિંગલ ઋષિનો શિષ્ય
प्रक्षण	૧૫, ૯૫;	દેશ
प्रागर्बुद	૫, ૩૭;	દેશ–આબુની પૂર્વનો પ્રદેશ
प्राची	૬, ૧૦૭;	સરસ્વતી નદી
प्राची सरस्वती	૧૫, ૧૬;	પૂર્વાભિમુખી સરસ્વતી
प्लक्षकीय	૧૫, ૧૦૦;	નગર
फलकि	૧૫, ૯૫;	દેશ
फाण्टाहत, फाण्टाहृतायनी	૧૫; ૧૦	રાજા
फाल्गुनीवह	૧૬, ૧૩;	દેશ
फुल्ल	૨, ૧૦૬;	ફુલાણી–લાખાનો બાપ
बर्बर	૧૨, ૬૫;	બાબરો
बर्बरक	૧૨, ૩૩; ૧૩, ૧૦૬;	બાબરો
बर्बरराज	૮, ૫૮;	બર્બર દેશનો રાજા-સિંધમાં આવેલું ભંભોરા (પ્રા. ભૂ. પૃ. ૩૩૭)
बल्लाल	૧૬, ૮–૨૨; ૧૯, ૧૩–૯૭; (ટી.)	માળવાનો રાજા
बीज	૩, ૯૯; (ટી.)	મૂળરાજનો કાકો
बुधान्वय	૧૧, ૨૭;	(ચન્દ્રસુત) બુધનો વંશ
ब्राह्मी	૧૧, ૧૧૫;	નદી–સરસ્વતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भद्रभट　९, ३४;　ગજઅન્ધ દેશનો રાજા

भद्रा　४, ७६;　નદી—ભાદર

भागवित्तायन १५, ११;
भागवित्तिक १५, १२; } રાજાઓ

भीम ८, १-११९; ९, १-४-
४०-६३-७५; १४, ५० પાટણનો રાજા

भिल्ल　१, १७९;　જાતિ

भोगवती　१३, ४२;　પાતાલની નગરી

भौरिकविध
भौलिकविध } १५, ८९;　ભૌરિ(લિ)કોનું રાજ્ય

मण्डुकेश्वर　९, ७६; (टी.) દેથળી પાસેનું શિવમંદિર

मद्र　१६, २१;　દેશ—પંજાબમાં શિયાલકોટની આસપાસનો પ્રદેશ (પ્રા. ભૂ. પૃ. ६८६)

मथुरा　८, ४२; (टी.) નગર

मन्दाकिनी　१६, ४०-४३; આબુની નદી

मरुचण्डीश　८, ५३, (टी.) નગર

मधुमत्　१५, ९०;　મધુમાન્ દેશનો રાજા (મહુવા)

मन्ति　९, ३६,　દેશ

मर्वीश　५, १४;　મરુ (મારવાડ)નો રાજા

मरुपुरी　७, ७३;　મારવાડની રાજધાની (નાડોલ)

मयणल्ला　९, १०१;　મીનળદેવી

महेन्द्र　४, ९४; ७, ६६; મારવાડનો રાજા

मालव्य
मालविक } ७, ३१-१३५ માળવાનું

मागध　८, ४९;　મગધનું

माहेय　१६, ६;　ક્ષત્રિયની જાતિ—મહીડા (ટી. મહિયડા)

मिथिलोपवन　८, ४२-
४३-४४; (टी.) મિથિલાનું વન

मिश्रकावण　६, ६१;　એક વન

मूलराज　१, १३५;　પાટણનો રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मेद	४, ४६;	એક જાતિ
मैमत मैमतायनि	१५, १०;	રાજાઓ
याक्लोम	१६, १५;	યકૃલ્લોમન્ ગામનો રાજા
यन्ति	९, ३५;	દેશ
यमुना	८, ४२-४३-४४(टी.)	નદી-જમના
यशोवर्मा	१४, १२-१४-५२-७०-७३; १९, १३(टी.)	માળવાનો રાજા
यामुन्दायनिक यामुन्दायनी	१५, १२;	રાજાઓ
युगंधर	१६, २९-३०;	દેશ
रत्नचूड	१३, ४३;	નાગ
रसातल	१३, ८८-१०१	સપ્તપાતાળમાંનું એક
राष्ट्रिय	१६, ६;	ક્ષત્રિયની જાતિ-રાઠોડ ?
राजि	३, ९९; (टी)	મૂળરાજનો પિતા
राजिनन्दन राजेःसूनु	४, ६३; ६, १०७,	રાજિનો પુત્ર—મૂળરાજ
रेवतीमित्र	५, १-२;	શૈલપ્રસ્થનો રાજા
रुद्रमहालय	१५, १५;	સિદ્ધપુરનો રુદ્રમાળ
रुद्रमहाकाल	१२, ६; (टी.)	રુદ્રમાળના દેવ
रेवा	९, ५४;	નદી-નર્મદા
रैवतक	१५, ६१;	પર્વત-ગિરનાર
रैवतिक	१४, ७४;	રાજા
रोमक	१६, १५;	દેશ કે ગામ-ઇટાલીનું રોમ ?
रंक	१६, ११;	દેશ
लक्ष	२, १०५; ४, ४७; ५, १०५	લાખો-કચ્છનો રાજા
लक्ष्मी	७, ११३	(ટી૦) મહેન્દ્રની બહેન-નાગરાજની પત્ની
लाट	६, २७	દેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लाटपुरी	६, ५६	લાટની રાજધાની
लाटेश	६, ८४	(ટી૦) લાટનો રાજા
लोम	१५, ९८	ગામ
वत्सशाला	१६, ५८	દેશ
वर्णासा	१६, ६५; १७, १	નદી–બનાસ
वन्ति	९, ३६	દેશ
वनवास	६, २०	દેશ–ઉત્તર કાનડાનો સીરસી તાલુકો
वर्मंती	१७, ३	દેશ
वल्य	१५, ९८	શિહોર પાસેનું ગામ
वल्लभराज	७, ८–३१	પાટણનો રાજા
वसिष्ठाश्रम	१६, ३८	આબુ ઉપર
वह्नि	१६, १०	દેશ
वंग	१५, ८६	દેશ–બંગાલ
वातानुप्रस्थ	१६, २३	નગર
वाग्भट	२०, ९१	કુમારપાલનો અમાત્ય
वाघ्रिणी	७, ३१	(ટી૦) ચામુંડની બેન
वाराणसी	७, ३१	(ટી૦) કાશી
वाशिला	१५, ९६	નગરી ?
वासुकि	१३, ४४	નાગ
वासातक	१५, ८७	વસાતીનો રાજા
वार्ष्यायणि	१५, १२	રાજા
वाह्लिक	१६, १५	દેશ
विक्रमसिंह	१६, ३४	આબુનો રાજા
विजय	१९, ९८	કુમારપાલનો સામન્ત
विन्ध्य	७, १०४; ९, ३२	પર્વત–વિન્ધ્યાચલ
वृजि	१६, २१	દેશ
वृन्दावन	८, ४२–४३–४४	દેશ
वेणुक	१६, ३५	દેશ
वैकर्णेय	१४, ७०	વિકર્ણ ઋષિનો પુત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वैदिश ६, ४५; १५, ८९ વિદિશાનગરીનું (બેસનગર)

शङ्खपाल १३, ४४ નાગકુલ

शरावती ६, ६२ નગરી

शरजाचल ६, २१ દેવગિરિ

शर्करीयेट, शार्कर, शार्करिक १५, ९३ શર્કરા–હલકા પાષાણ–નો દેશ

शाकशापेयि, शाकशापेयिक १५, ११ રાજાઓ

शामीवत्य १९, ९८ શમીવત રાજાનો પુત્ર

शावरजाम्बूक २०, ७५ ગામ

शिवरूप्य १६, १४ દેશ

शिवशाण ८, ५४ દેશ–સિવાના (મારવાડ)

शिवहारा १६, ७ નદી

शैखावत्य १९, ९८ રાજા

शुक्लतीर्थ ७, ५६ (ટી૦) તીર્થ–ભરૂચ પાસેનું

शैब १५, ८६ શિબિઓનો રાજા

शैरीषक १५, ९५ ગામ–સેરીસા (કલોલ પાસે)

शैलप्रस्थ ५, १ નગર (શિલપ્રસ્થ)નો રાજા

शौरसेन १६, १५ શૂરસેન દેશનો રાજા

शृगालगर्त १६, ३२ દેશ

श्रीमाल ५, ४५ નગર–ભિન્નમાલ

श्रीस्थल ६, १०७; १२, ५ (ટી૦) નગર–સિદ્ધપુર

श्रोणितपुर ८, ४२-४३-४४ નગર

श्वभ्रमती ६, ४५ નદી–સાબરમતી

सति, सन्ति ९, ३९ રાજાઓ

सपादलक्ष १६, ७ (ટી૦) દેશ–અજમેરની આસપાસનો મુલક

सप्तगोदावर १९, ११२ દેશ–ગોદાવરીનો પ્રદેશ

समरसिंह १४, २७ (ટી૦) રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सरस्वती १२, ८; ६, १०७ (ટી૦) નદી–સિદ્ધપુર–પાટણની

सहस्रलिंग १५, ११४ (ટી૦) પાટણનું સરોવર

साखेय, साखिदत्तेय } १५, ९८ શિહોર પાસેનાં ગામ

साति ९, ३९ રાજા

सारिकावण ६, ६१ એક વન

साम्राज्य १५, ८ સમ્રાજના પુત્રો–ક્ષત્રિય

साल्व १६, ३० દેશ

साल्वागिरि ६, ६१ દેશ

सालातुर १७, ३ દેશ

सांकाश्य १६, २३ નગર

सिद्ध १९, १४; सिद्धिराट् १५, ५०; सिद्धेश १९, १३ } સિદ્ધરાજ

सिद्धपुर १५, १५; १२, ५ (ટી૦) નગર

सिन्धु ७, ३५ માળવાની નદી

सिन्धुपति ८, ५३; सिन्धुराज ६, १९; ८, ११६–११९; सिन्धुराट् ८, ८५ } સિંધનો રાજા

सिन्धुवह ८, ७४ સિંધુનો પ્રવાહ–પંચનદ

सिप्रा १४, २७; १४ ४२ માળવાની નદી

सिंहपुर १५, ९७ નગર–શિહોર (કાઠિયાવાડમાં)

सुवर्णवलज २०, ४४ દેશ

सुराष्ट्र ४, ३१; २, ६३ (ટી૦) દેશ–સોરઠ

सुरसिन्धु २०, ४६ વારાણસી–ગંગાનો પ્રદેશ

सुह्म २०, ४६ નગર

सैकोत्तर ४, ४९ સમુદ્રમાંનો પર્વત–સોકોટ્રા બેટ?

सैप्र १४, ६८ સિપ્રાનો રાજા–યશોવર્મા

सोमनाथ १५, १८ તીર્થ–પ્રભાસ

सोमेश १९, ९४ સોમનાથ મહાદેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सोमवंश	९, ४२	ચન્દ્રવંશ
सौयामायनि	१५, १०	રાજા
सौयामायनिक	१५, १२	રાજા
सौमेशवेश्म	१५ ४१	સોમનાથનું મંદિર
स्राक् सिध्रकावण	६, ६१	એક વન
स्थली (टी०)	१६, २४	દેશ–થળી (રાધનપુર પાસે)
हन्ति	९, ३६	રાજા
हम्मुक	८, ११६; ९, १ (टी०)	સિંધનો હાકેમ
हार्दिक्य	१५, ८	હાર્દિકનો પુત્ર-ક્ષત્રિય
हारितकाताः	१४, ३८	હરિતકાત્યના શિષ્યો
हुल्लड	१३, ७४–८१	નાગ
हूण	७, १०२–१३६	દેશ અથવા હૂણ દેશનો રાજા
हृद्रोल	१७, ३	એક પર્વત

ટીપઃ—(૧) સૂચિત અંકોમાં પહેલો અંક સર્ગ અને બીજો અંક શ્લોક બતાવે છે. એ અંકો મૂળ કાવ્ય અને ટીકા બંનેને માટે છે.

(૨) પ્રા. ભૂ.=Cuningham's Ancient Geography of India edited by Surendranath Majumdar Shashtri એ પુસ્તક સમજવાનું છે.

(૩) સ્થળોનો સામાન્ય પરિચય (દેશ, નદી, પુર) ટીકા પ્રમાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ–ખ

શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય અને દ્વયાશ્રય કાવ્ય

ધંધુકામાં મોઢ વણિક ચચ્ચદેવ નામનો વેપારી રહેતો હતો. તેને ચાહિણીદેવી કે પાહિણીદેવી નામની પત્ની હતી. તેને ત્યાં સંવત્ ૧૧૪૫ના કાર્તિક સુદ પૂર્ણિમાને દિવસે એક પુત્રનો જન્મ થયો, તેનું નામ ચાંગદેવ પાડવામાં આવ્યું. સં. ૧૧૫૦માં જૈન આચાર્ય શ્રી. દેવચંદ્રસૂરિ ધંધુકામાં આવ્યા, તેમણે ચાંગદેવને જોયો અને તેનાં સામુદ્રિક લક્ષણો ઉપરથી તેમને જણાયું કે આ બાળક ભવિષ્યમાં જૈન ધર્મનો ઉત્કર્ષ કરશે. આથી તેઓ ચાહિણીદેવી અને ચાંગના મામા નેમિચન્દ્રની સંમતિથી ચાંગદેવને દીક્ષા આપવા પોતાની સાથે કર્ણાવતી લઈ ગયા; પરન્તુ તેનો પિતા ચચ્ચદેવ જૈન ધર્મનો અનુયાયી નહોતો, તેથી તેણે પ્રથમ તો પોતાના પુત્રને જૈન ધર્મની દીક્ષા આપવા સામે વાંધો લીધો, પરંતુ આખરે કર્ણાવતીના આગેવાન જૈન વેપારી ઉદયન મંત્રીની સમજાવટથી તે વાત કબૂલ કરી અને સં. ૧૧૫૪માં ચાંગદેવને નવ વર્ષની ઉમરે સાધુ બનાવવામાં આવ્યો અને સોમચન્દ્ર નામ પાડવામાં આવ્યું.

તેમણે શ્રી. દેવચંદ્રસૂરિ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો અને તે જ્ઞાનની પ્રત્યેક શાખામાં પારંગત થયા હતા. સં. ૧૧૬૬માં તેમને નાગપુર (રાજપૂતાનાના નાગોર)માં સૂરિપદ આપવામાં આવ્યું અને એ રીતે બાવીસ વર્ષની ઉમરે તેઓ આચાર્ય થયા. તેમનું નામ હેમચંદ્રસૂરિ પાડવામાં આવ્યું.

સૂરિપદ મેળવ્યા પછી, હેમચન્દ્રાચાર્ય સં. ૧૧૮૧ના સુમારમાં પાટણમાં આવ્યા અને સિદ્ધરાજનો મેળાપ થયો. સિદ્ધરાજના કહેવાથી તેમણે સિદ્ધ–હૈમ નામનું સંસ્કૃતનું મહાવ્યાકરણ સં. ૧૧૯૫ના અરસામાં લખ્યું. આ વ્યાકરણના છેલ્લા અધ્યાયમાં અપભ્રંશ ભાષાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણના નિયમો આપેલા છે, તે તેની વિશેષતા છે. આ વ્યાકરણ શીખવવાને સિદ્ધરાજે ખાસ પાઠશાળા ખોલી હતી અને તેના અધ્યાપક તરીકે કાકલ નામના પંડિતની નિમણૂક કરી હતી. તે પાઠશાળાની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવતાં હતાં.

કુમારપાળે હેમચન્દ્રાચાર્યને સિદ્ધરાજની રાજસભામાં જતાં આવતાં જોયા હતા અને તેમની વિદ્વત્તા અને જનસમાજ ઉપરનો તેમનો પ્રભાવ તે જાણતો હતો, આથી જ્યારે તે સિદ્ધરાજથી નાસતો ફરતો હતો, ત્યારે તે થોડા દિવસ ખંભાતમાં શ્રીહેમચન્દ્રાચાર્યના આશ્રયે રહ્યો હતો, અને તે વખતે તેમણે તેનું ભવિષ્ય ભાખ્યું હતું કે સિદ્ધરાજ પછી પાટણની રાજગાદી તને મળશે.

કુમારપાળ સં. ૧૧૯૯માં રાજા થયો, તે પછી હેમચન્દ્રાચાર્યની તેના ઉપર લાગવગ વધી ગઈ અને તેણે ઘણી બાબતોમાં તેમની સલાહ લેવા માંડી. તેમના ઉપદેશથી તેણે ઘણાં જૈન મંદિરો બંધાવ્યાં હતાં અને જૈન ધર્મના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. તેની વિનંતીથી શ્રીહેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્ર, વીતરાગસ્તુતિ અને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત એ ગ્રંથો રચ્યા હતા. પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં કુમારપાળનો જૈન ધર્મ પ્રત્યેનો પક્ષપાત વધી ગયો હતો અને કદાચ તેણે જૈન ધર્મનો સ્વીકાર પણ કર્યો હશે.

શ્રીહેમચન્દ્રાચાર્યનો દેહાન્ત ચોર્યાસી વર્ષની ઉમરે સં. ૧૨૨૯ માં થયો હતો. ત્યાર પછી થોડા મહિને કુમારપાલ પણ મરણ પામ્યો હતો. શ્રીહેમચન્દ્રાચાર્યે નીચે પ્રમાણે ગ્રન્થો રચ્યા છેઃ—

(૧) સિદ્ધ-હૈમ વ્યાકરણ, (૨) યોગશાસ્ત્ર, (૩) સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય, (૪) પ્રાકૃત દ્વયાશ્રય કાવ્ય અથવા કુમારપાલચરિત, (૫) છન્દોનુશાસન, (૬) કાવ્યાનુશાસન, (૭) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, (૮) પ્રમાણમીમાંસા, (૯) વીતરાગસ્તુતિ, (૧૦) બે દ્વાત્રિંશિકા, (૧૧) અભિધાનચિંતામણિ, (૧૨) દેશીનામમાલા, (૧૩) અનેકાર્થસંગ્રહ, (૧૪) નિઘંટુશેષ, (૧૫) ઉણાદિગણ, (૧૬) ધાતુપારાયણ, (૧૭) લિંગાનુશાસન, (૧૮) વેદાંકુશ, (૧૯) મહાદેવસ્તોત્ર, (૨૦) પરિશિષ્ટ પર્વ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રન્થોની યાદી જોવાથી જણાશે કે જ્ઞાનની ઘણી ખરી શાખાઓમાં શ્રીહેમચન્દ્રાચાર્ય પારંગત હતા અને તેમણે વિવિધ વિદ્યાઓના આકર ગ્રંથો રચીને ગુજરાતનું નામ ભારતવર્ષમાં ઉજ્જ્વળ કર્યું છે, કારણ કે તેમના પહેલાં ગુજરાતનો સંસ્કૃત સાહિત્યમાં ફાળો અલ્પ હતો. જગતમાં એક બે વિષયો ઉપર સંખ્યાબંધ ગ્રન્થો લખનારા ઘણા મળી આવશે, પરન્તુ આટલા બધા વિવિધ વિષયો ઉપર એક જ મનુષ્યના હાથે આટલી સંખ્યામાં લખાયેલા આકર ગ્રંથોનું દૃષ્ટાંત બીજું નહિ મળી આવે.

પોતે રચેલા વ્યાકરણનાં રૂપોનો ઉપયોગ કરીને શ્રીહેમચન્દ્રાચાર્યે દ્વ્યાશ્રય કાવ્યની રચના કરેલી છે. વ્યાકરણનાં રૂપો ઉપરાન્ત મૂલરાજથી માંડી કુમારપાલ સુધીના ગુજરાતના સોલંકી રાજાઓનો ઇતિહાસ પણ તેમાં વર્ણવવામાં આવ્યો છે. તેના વીસ સર્ગો છે, તેમાંથી પહેલા પંદર સર્ગો સિદ્ધરાજના રાજ્યકાળમાં અને બાકીના પાંચ સર્ગો કુમારપાલના રાજ્યકાળમાં લખ્યા હશે એમ લાગે છે.* તે કાવ્ય ઇતિહાસવિદ્દોને અને વ્યાકરણના અભ્યાસીઓને તો ઉપયોગી છે, પરન્તુ ગુજરાતના સામાજિક ઇતિહાસને માટે પણ બહુ કીમતી છે, તે આ ગ્રંથનાં પ્રકરણો ઉપરથી જણાશે. એ ઉપરાંત પ્રાણીશાસ્ત્ર, જ્યોતિષ, વનસ્પતિશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર આદિ શાસ્ત્રોના અભ્યાસીઓને પણ તેમાંથી સારો ખોરાક મળી શકે એમ છે.

પરન્તુ સૌથી વિશેષ મૂલ્ય તો ગુજરાતના રાજકીય ઇતિહાસ તરીકે આ કાવ્યનું છે. શ્રીહેમચન્દ્રાચાર્ય પહેલાં ગુજરાતનો ઇતિહાસ લખવા કોઈએ પ્રયત્ન કર્યો નહોતો, એટલું જ નહિ પરન્તુ આનર્તના ક્ષત્રપો, વલભીના મૈત્રકો અને લાટના રાષ્ટ્રકૂટો વિશે કોઇએ સ્વલ્પ નોંધ પણ લખી નહોતી. તેમનો ઇતિહાસ સિક્કાઓ અને તામ્રપત્રો ઉપરથી જ તારવવામાં આવ્યો છે. ચાવડાઓ સંબંધી તો આવાં

* આ કાવ્યના પહેલા પંદર સર્ગો સિદ્ધરાજના સમયમાં સંવત ૧૧૯૫ થી ૧૧૯૯ સુધી અને છેલ્લા પાંચ સર્ગો સં. ૧૨૦૭ થી સં. ૧૨૧૬ સુધીમાં (અર્ણોરાજને હરાવ્યા પછી, પણ મલ્લિકાર્જુનને હરાવ્યા પહેલાં) રચાયા હતા એમ લાગે છે. તેની ટીકા અભયતિલકગણિએ સં. ૧૩૧૨માં લખી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનો પણ મળતાં નથી. તેમના વિશેની આખ્યાયિકાઓ પણ શ્રી હેમચંદ્રાચાર્યના કાળ પછી જ સંઘરવામાં આવી હતી. આથી દ્વ્યાશ્રય કાવ્ય ગુજરાતના ઇતિહાસમાં અપૂર્વ છે.

કેટલીક ચમત્કારિક બાબતો અને કવિકલ્પનાનાં વર્ણનો બાદ કરીએ તો દ્વ્યાશ્રયમાં સંગ્રહાયેલી હકીકતો સત્ય ઇતિહાસ છે, અને ઘણીખરી અન્ય સાધનોથી સત્ય પુરવાર થઈ છે. કેટલીક ઐતિહાસિક હકીકતો વિશે તેમાં ઉલ્લેખ થયો નથી, એ વાત ખરી છે; દા. ત. સિદ્ધરાજનો સૌરાષ્ટ્રવિજય, અર્ણોરાજ ઉપરની સિદ્ધરાજની ચઢાઇ, તેના પિતા કર્ણનો માળવાના ઉદયસિંહના હાથે થયેલો પરાજય, વગેરે; પણ જે હકીકતો નોંધાઇ છે તેમાંની એક પણ કાલ્પનિક નથી. કેટલીક હકીકતો છોડી દેવાનું કારણ કાવ્યનો વિસ્તાર વધી જાય અને સિદ્ધરાજ કે કુમારપાલને માઠું લાગે તેવા પ્રસંગોનો ત્યાગ તે હોવું જોઈએ. રાજ્યાશ્રયે લખાયેલા ગ્રંથોમાં એમ જ બને છે: છતાં પણ છોડી દીધેલી હકીકતોનું સૂચન અન્ય સ્થળે શ્રી હેમચન્દ્રાચાર્યે કર્યું છે. સિદ્ધરાજના સૌરાષ્ટ્રવિજયનો ઉલ્લેખ વ્યાકરણમાં અને અર્ણોરાજના પરાજયનો ઉલ્લેખ કુમારપાલના યુદ્ધ પ્રસંગે કર્યો છે. ટૂંકામાં દ્વ્યાશ્રયમાં ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ છે અને બીજા પ્રબન્ધોની હકીકતો કરતાં વધારે વજનદાર છે એ નિર્વિવાદ છે.[૧]

---

૧ મૂળરાજનું સોરઠના ગ્રાહરિપુ સાથેનું યુદ્ધ રા. દુર્ગાશંકર શાસ્ત્રી કાલ્પનિક માને છે અને ચામુંડના લાટવિજય વિશે શંકાશીલ છે, પણ તેનો ઉત્તર મેં પ્રજાબંધુના સં. ૧૯૯૫ના દીપોત્સવી અંકમાં આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ—ग

જમ્બુમાલી નદી ક્યાં આવી?

આ કાવ્યમાં જણાવેલી જમ્બુમાલી નદીનું સ્થાન હજી સુધી નિશ્ચિત થયું નથી. મૂલરાજની ગ્રાહરિપુ ઉપરની ચઢાઈનો આખો પ્રસંગ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી કલ્પિત માનતા હોવાથી, તેમણે તેનું સ્થાન નક્કી કરવા પ્રયત્ન કર્યો નથી. काव्यानुशासनના ઉપોદ્ઘાતમાં રા. રસિકલાલ છો. પરીખ તેને ભોગાવો ધારે છે, કેમકે તેના કિનારે લીંબડીની પાસે જાંબુ નામનું ગામ છે (પૃ. ૧૨૫);[1] પરન્તુ ગામના નામ ઉપરથી નદીનું નામ કાવ્યકારે બદલ્યું હોય એમ માનવું કઠિન છે. प्रबन्धचिंतामणिમાં સંઘરેલા રાણકદેવીના પ્રાચીન દુહાઓમાં ભોગાવો નદીનું નામ આવે છેઃ—

वाढीतो वढवाण वीसारतां न वीसरइ ।
सोना समा पराण भोगावह पइं भोगवइ ॥ ५ ॥

આ ઉપરથી જણાય છે કે ભોગાવો નદીનું નામ તે કાળે પણ જાણીતું હતું. તો કાવ્યકાર તેને જમ્બુમાલી એવું નામ શાથી આપે? જાંબુ ગામ ઉપરથી કાવ્યકારે ભોગાવાને જમ્બુ કહી હોય તે વાત સંભવિત નથી.

જંબુમાલી નદીનું સ્થાન નક્કી કરવાનાં કાવ્યમાં બે સાધનો આપેલાં છે. તેમાં એક તો કાવ્યકાર તેને ગિરિનદી કહે છે તે છેઃ—

नीवारवनोल्लसद्विदारी वनसुरदारु वनेरिका वनेषु ।
गिरिनद्यतिरंहसा मृगव्ये गिरिनद्यां नु सुनीरपाणमागाः ॥स. ४, श्लो. ६॥

આ ગિરિનદીને ટીકાકાર સ્પષ્ટ રીતે જમ્બુમાલી કહે છે. આ ઉપરથી જણાય છે કે જંબુમાલી ડુંગરોમાં વહેતી હશે.

બીજું સાધન એ છે કે ગ્રાહરિપુ મૂલરાજની સામે આવ્યો ત્યારે તેણે ભદ્રા નદી પાર કરી હતીઃ—

---

૧ આ જાંબુ ગામ કાવ્યમાં એક સ્થળે ઉલ્લેખાયેલું શાવર જમ્બૂક ગામ કદાચ હોઈ શકે. (૨૦; ૭૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



→ જાંબુરી નદી (પૃ. ૬૭)]   ૭૧° થી ૭૧°.૧૫' રેખાંશ × ૨૨°.૧૫' થી ૨૨°.૩૦' અક્ષાંશ વચ્ચે   [સ્કેલ ૧ ઇંચ = ૩ માઈલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूर्यातनयातटे हिमानीशीतयवानोतृप्तदन्तिदानैः ।
यवनान्या लेखयन्प्रशस्तिंतन्वेषोरण्यानीः क्षणाल्लंघे ॥ શ્લો० ७६ ॥

ટીકાકાર સૂર્યાતનયા નદી તે સુરાષ્ટ્રની પ્રસિદ્ધ ભદ્રા નામની નદી તરીકે ઓળખાવે છે. ભદ્રા તે ભાદર છે એમાં શંકા નથી; આથી એમ સ્પષ્ટ થાય છે કે જમ્બુમાલી ભદ્રાની ઉત્તરે હોવી જોઇએ.

ત્રીજું, રાસમાલામાં લખ્યું છે કે મૂળરાજ અને ગ્રાહરિપુ વચ્ચેનું યુદ્ધ આટકોટ પાસે થયું હતું એમ જનશ્રુતિ છે. (ભાષાન્તર, આવૃત્તિ બીજી, પૃ. ૮૨, ટિ. ૩) જો આ જનશ્રુતિ સત્ય હોય તો, જમ્બુમાલી નદી આટકોટની નજીકમાં હોવી જોઇએ.

આ ત્રણ કારણો ધ્યાનમાં રાખી કાઠિયાવાડના નકશાઓ મેં જોવા માંડયા તો તે જડી આવી. સર્વે ઑફ ઇન્ડિયાના નકશા નં. 41 N માં રાજકોટથી પૂર્વમાં પંદરેક માઇલ છેટે નવ ગામ–હાથીપરા પાસે એક **જંબુરી** નામની નદી છે. તે આનન્દપુર અને ચોટીલાના ડુંગરોની વચમાં આવેલી છે, તેથી તેને ગિરિનદી કહી શકાય. વળી તે ભાદર ઉપર આવેલા આટકોટ (નકશામાં આડકોટ નામ છે)થી ઉત્તરે પચીસેક માઇલ જેટલી જ દૂર છે. આથી હું ધારું છું કે આ જંબુરી નદી તે જ જમ્બુમાલી હોવી જોઇએ. ગ્રાહરિપુ સામો આવે છે તેમ ધારીને મૂલરાજે આ ડુંગરોની વચમાં આવેલી નદીના કાંઠે મુકામ નાંખ્યો હશે. ગ્રાહરિપુ પણ મૂલરાજની છાવણી જમ્બુમાલીને કાંઠે છે એમ સાંભળીને આટકોટ પાસે અટકી ગયો હશે અને ત્યાં પોતાની છાવણી નાખીને ભાદરના ઉત્તર કિનારે પડ્યો હશે, કેમકે મૂળરાજને ડુંગરોનું કુદરતી રક્ષણ હોવાથી તેના ઉપર એકાએક હુમલો થઈ શકે તેમ નહોતું. ત્યાં કદાચ ગ્રાહરિપુએ રક્ષણ માટે આડો કોટ બાંધ્યો હશે, કારણ કે તેને ડુંગરનું રક્ષણ નહોતું. આથી એ જગ્યાનું નામ આડકોટ પડયું હોય તેમાં આશ્ચર્ય નથી. મૂલરાજને વિલંબ કરવો પરવડે તેમ નહોતું, તેથી તેણે આગળ વધી ગ્રાહરિપુ ઉપર હુમલો કર્યો હશે. આટકોટ આગળ ગ્રાહરિપુએ છાવણી નાખવાનું કારણ કચ્છથી તેની મદદે આવતા લાખા ફુલાણીની રાહ જોવાનું પણ હોય.

આ બધાં કારણોથી જંબુરી નદી તે જ જમ્બુમાલી હોવાનું નિશ્ચિત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ—ઘ

સોલંકી સમયના રાજ્યાધિકારીઓ

આ કાવ્યમાં સોલંકી સમયના રાજ્યાધિકારીઓની પદવીઓ સંબંધી જૂજ ઉલ્લેખો છે. માત્ર મહામંત્રી, અમાત્ય, મહાપ્રતિહાર અને સાંધિવિગ્રહિક વિશે નોંધ છે. આથી ઉત્કીર્ણ લેખો અને બીજાં સાધનોની મદદથી આ પદવીઓ અને તેમના અધિકારો સંબંધી અહીં થોડીક હકીકત આપવી યોગ્ય ધારું છું.

નીચેના રાજ્યાધિકારીઓ સંબંધી ઉત્કીર્ણ લેખોમાં નોંધ મળે છેઃ-(૧) મહામાત્ય, (૨) મંત્રી, (૩) દેશાધિપતિ, (૪) નાયક, (૫) દંડનાયક, (૬) મહાસાંધિવિગ્રહિક, (૭) મહાક્ષપટલિક, (૮) મહામુદ્રામાત્ય, (૯) મહાપ્રતિહાર. આ અધિકારીઓના કાર્યપ્રદેશ અને તેમના અધિકારો વિશે ટૂંકામાં વિચાર કરીશું.

મહામાત્ય

મહામાત્ય રાજ્યનો વરિષ્ઠ અધિકારી હતો. રાજ્યવહીવટના પ્રત્યેક કાર્યમાં રાજા તેનો અભિપ્રાય પૂછતો અને ઘણે ભાગે તેને અનુસરતો; પરન્તુ કોઇ વખતે તેનો અભિપ્રાય બાજૂ ઉપર પણ મૂકતો; અર્ણોરાજના મહામાત્યે કુમારપાલ સાથે યુદ્ધ ન કરવાની સલાહ તેને આપી હતી, પણ અર્ણોરાજે તે ગણકારી ન હતી, એમ આ કાવ્યમાં વર્ણન છે (૧૮, ૧૫-૩૭). મહામાત્ય પાસે રાજ્યની મહામુદ્રા (Privy seal) રહેતી, એટલા માટે શિલાલેખોમાં તેને श्रीकरणादिसमस्तमुद्राव्यापारान्परिपंथयति કહેવામાં આવે છે. તેને મહામંત્રી પણ કહેવામાં આવતો હતો. કાવ્યમાં જમ્બકને મૂલરાજનો મહામંત્રી કહેવામાં આવ્યો છે (૨, ૫૬), પરન્તુ ખેરાળુના રાણા જેહુલને ટીકામાં મહાપ્રધાન કહ્યો છે, તે ટીકાકારની શરતચૂક છે. તે મહામંડલેશ્વર કે મહાસામન્ત હોવો જોઈએ.[૧]

---

૧ પ્ર. ચિં. માં કુમારપાલ પ્રબંધમાં વાગ્ભટને મહામાત્ય અને આલિંગને 'જ્યાયાન્પ્રધાન' કહ્યો છે. તેથી મહાપ્રધાન જેવી જુદી પદવી પણ સંભવિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રી

મહામાત્યના હાથ નીચે મંત્રીઓ હતા. જુદા જુદા ખાતાના મોટા અધિકારીઓ મંત્રીઓ અથવા સચિવો કહેવાતા; પરન્તુ કેટલાક મંત્રીઓ પાસે પ્રાંતો (દેશ કે મંડળ)નાં દફતરો પણ રહેતાં હતાં, કારણ કે ઘણા રાજપુરુષો લાટનો મંત્રી, સોરઠનો મંત્રી, વગેરે પદવીઓથી વિભૂષિત થયેલા જોવામાં આવે છે. આ પ્રાંત-મંત્રીઓને રાજધાનીમાં રહી પોતપોતાના પ્રાંતનાં દફતરો સાચવવાના હશે એમ જણાય છે. પ્રાંતોમાં તેમના પ્રતિનિધિ વહીવટ ચલાવતા હતા. કોઇ ખાસ પ્રસંગ અથવા તો રાજાની પ્રાંતની મુલાકાત વખતે તેમને પોતાના પ્રાંતમાં જવું પડતું હતું.

દેશાધિપતિ

પ્રાંતના સ્થળે રહીને વહીવટ કરનાર દેશાધિપતિ કહેવાતો હતો. વીસલદેવ વાઘેલાના સમયમાં લાટનો દેશાધિપતિ સલક્ષણસિંહ હતો અને અર્જુનદેવના સમયમાં સોરઠનો દેશાધિપતિ સલક્ષણનો ભાઇ સામંતસિંહ હતો એમ કાંટેલાના શિલાલેખમાં જણાવેલું છે. ભીમદેવ બીજાના સં. ૧૨૭૫ ના ભરાણાના લેખમાં સોરઠના દેશાધિપતિ અન્ય સામંતસિંહનું નામ છે. દેશાધિપતિ પોતાના પ્રાંતમંત્રીને જવાબદાર હશે અને રાજ્યપત્રવ્યવહાર તેની સાથે ચલાવતો હશે એમ લાગે છે.

નાયક

દૂરના પ્રાંતોમાં સરહદ સાચવવાને લશ્કર રાખવામાં આવતું હતું અને તે લશ્કરનો ઉપરી નાયક કહેવાતો હતો. ગોહિલવંશનો મૂલુક કુમારપાલના સમયમાં સોરઠનો નાયક હતો એમ માંગરોલની સોઢળી વાવના લેખમાં જણાવ્યું છે. નાયક દેશાધિપતિના તાબામાં હતો કે તેનાથી સ્વતંત્ર હતો અથવા તો તે પ્રાંતમંત્રીને જવાબદાર હતો કે મહાસાંધિવિગ્રહિકને તે નક્કી કરી શકાતું નથી.

દંડનાયક

પરાજિત રાજાને તેનો પ્રદેશ પાછો સોંપી ખંડિયો બનાવવામાં આવે, ત્યારે તેના ઉપર દેખરેખ રાખવાને જે અધિકારી નિમાતો હતો, તે દંડનાયકના નામથી ઓળખાતો હતો. કેટલાક તેને પ્રાંતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાકેમ ધારે છે, પણ તે બરોબર નથી. ભીમના સમયમાં ચન્દ્રાવતીમાં પરમાર રાજાઓ પાટણના સામન્ત તરીકે રાજ્ય કરતા હતા, છતાં પણ ત્યાં વિમલમંત્રી દંડનાયક હતો. સિદ્ધરાજે માળવા અને સોરઠ જીતીને ત્યાંના રાજાઓને ખંડિયા બનાવ્યા ત્યારે તેણે ત્યાં દંડનાયકો નીમ્યા હતા. સજ્જનને સોરઠનો અને દાદાકને માળવાનો દંડનાયક નીમવામાં આવ્યા હતા. સોરઠ અને મારવાડના રાજાઓની વંશાવલિઓ જોતાં એ રાજ્યો સિદ્ધરાજે ખાલસા કર્યાં નહોતાં એમ જણાય છે. મારવાડમાં આવેલા નાડોલમાં ચૌહાણોનું રાજ્ય સં. ૧૦૨૪થી સં. ૧૨૫૧ સુધી અવિચ્છિન્ન હતું, છતાં પણ ત્યાં કુમારપાલનો દંડનાયક વિજ્જયલદેવ રહેતો હતો એમ બાલીના સં. ૧૨૧૬ના શિલાલેખમાં ઉલ્લેખ છે. દંડનાયક હાલના રેસિડન્ટ કે પોલિટિકલ એજન્ટ જેવો હશે એમ લાગે છે. આ દંડનાયકોનો ઉપરી કોઈ મહાદંડનાયક હોવાનું ઉત્કીર્ણ લેખો ઉપરથી સૂચિત થતું નથી. એ ઉપરથી એમ સમજાય છે કે તેઓ મહામાત્ય કે મહાસાંધિવિગ્રહિકના તાબામાં હશે. તેના નામ ઉપરથી જણાય છે કે તેની પાસે લશ્કરી સત્તા પણ હશે.

મહાસાંધિવિગ્રહિક

આ અધિકારીને રા. દુર્ગાશંકર શાસ્ત્રી તેમના ઇતિહાસમાં પરરાષ્ટ્રમંત્રી (Foreign minister) કહે છે, તે યોગ્ય છે. પરરાષ્ટ્રોમાં જે એલચીઓ રહેતા તે સાંધિવિગ્રહિક કહેવાતા અને તેમનો ઉપરી મહાસાંધિવિગ્રહિક કહેવાતો. તેને રાજધાનીમાં રહેવાનું હતું અને રાજાની સવારીમાં પણ તે સાથે રહેતો હતો. ભીમદેવનો માળવાનો સાંધિવિગ્રહિક દામોદર હતો એમ આ કાવ્યમાં ઉલ્લેખ છે અને તેનો મહાસાંધિવિગ્રહિક ચંડશર્મા હતો એમ તેનાં દાનપત્રો ઉપરથી જણાય છે. આ અધિકારીના અધિકારોમાં પરરાષ્ટ્રવ્યવહાર ઉપરાંત ધર્માદાખાતું પણ હતું, કેમકે દાનપત્રોમાં દૂતક તરીકે તેનું નામ આપેલું હોય છે.

મહાક્ષપટલિક

દાનપત્રના લેખક (મુસદ્દો કરનાર) તરીકે આ અધિકારીનું નામ જોવામાં આવે છે. રા. ગિરિજાશંકર આચાર્ય (ગુજરાતના ઐ. લે. ભા. ૨, પૃ. ૮૮) તેને ચીફ રજિસ્ટ્રાર એટલે મુખ્ય નોંધણી કામદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણે છે, જ્યારે પંડિત ગૌરીશંકર ઓઝા તેને એકાઉન્ટન્ટ જનરલ એટલે કોશાધિકારી કહે છે (વડોદરાની પ્રાચ્યવિદ્યા પરિષદનો વૃત્તાન્ત પૃ. ૬૪૫). પરન્તુ પ્રબન્ધ ચિંતામણિમાં રાજ્યની લેખશાલા માટે 'અક્ષપટલ' શબ્દ વપરાયો છે, તે ઉપરથી રા. દુર્ગાશંકર શાસ્ત્રી તેને દફતરખાતાનો ઉપરી કહે છે; પણ દફતરખાતાના ઉપરીનો અર્થ દફતર સાચવનાર (Record-Keeper) થાય. મહાક્ષપટલિકનું કામ રાજ્યના કાગળપત્રો લખવાનું અને લેખ દસ્તાવેજો તૈયાર કરવાનું હતું અને દાનપત્રોના લેખક તરીકે પણ તેનું નામ આપેલું હોય છે; આથી તેને રાજ્ય લેખાધિકારી કહી શકાય. ગુજરાતી ભાષાનો 'પટેલ' અને મરાઠીનો 'પાટિલ' પટલિક શબ્દ ઉપરથી બન્યા હોય એમ લાગે છે. હર્ષચરિતમાં 'ગ્રામાક્ષપટલિક'નો ઉલ્લેખ છે. નગરોમાં રહેનાર લેખાધિકારી 'નગરાક્ષપટલિક' કહેવાતો હશે અને બધા અક્ષપટલિકોનો ઉપરી જે રાજધાનીમાં રહેતો હશે તે મહાક્ષપટલિક કહેવાતો હોવો જોઈએ. ગામડાંનો હિસાબ રાખનાર મહત્તર (મહેતો) કહેવાતો હશે અને રાજ્યનો હિસાબ રાખનાર મહત્તમ કહેવાતો હશે. પરન્તુ કોઈ ઉત્કીર્ણ લેખમાં એના ઉલ્લેખો નથી, એટલું જ નહિ પણ રાજ્ય-કોશાધિકારી જેવા કોઈ અધિકારી વિશે પણ નોંધ મળતી નથી.× કદાચ પાછળના સમયની માફક રાજ્યની આવક જાવકનો હિસાબ સરાફોની પેઢીઓમાં રહેતો હોય, તો તે સમયે તેવો કોઇ અધિકારી ન પણ હોય.

મહામુદ્રામાત્ય

નોંધણી સરકામદારને (ચીફ રજિસ્ટ્રારને) મળતો અધિકારી તે સમયે મહામુદ્રામાત્ય હતો. રાજ્યની મુખ્ય મુદ્રા (શાહી મહોર Privy seal) તો મહામાત્ય પાસે રહેતી હતી તે આપણે ઉપર જોયું છે. એટલે રાજ્યનાં દસ્તાવેજો અને પત્રવ્યવહાર ઉપર મહોરછાપ તો તે કરતો હશે, પરન્તુ પ્રજાનાં ખત પત્રોને સરકારી સંમતિ

× પ્ર. ચિં. માં 'કોશાધિપ'નો ઉલ્લેખ છે (કુમારપાલ પ્રબંધ-૩૮), પણ લશ્કરની છાવણીમાં તે હતો, તેથી કદાચ લશ્કરની સાથે રહેતો સરાફ પણ તે હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં જૂદી મહેર છાપ થતી હશે અને તે મહોર છાપ કરનાર અધિકારીઓ પ્રાંતના નગરોમાં રહેતા હશે. કલ્પસૂત્રની સં. ૧૨૪૭ ની પ્રતમાં લાટના મુદ્રાધિકારીનું નામ રત્નસિંહ જણાવેલું છે (પિટર્સનનો ત્રીજો રિપોર્ટ, પૃ. ૫૧). ભીમદેવ બીજાના સં. ૧૨૬૬ ના દાનપત્રમાં સોરઠના મુદ્રાધિકારીનું નામ શોભનદેવ અને સારંગદેવ વાઘેલાના સં. ૧૩૪૮ ના પાટણના શિલાલેખમાં પાલણપુરના મુદ્રાધિકારીનું નામ પેથડ આપેલું છે. આ મુદ્રાધિકારીઓનો ઉપરી રાજધાનીમાં રહેતો હતો અને તેને મહામુદ્રામાત્ય કહેવામાં આવતો હતો. ભીમદેવ બીજાના સં. ૧૨૬૫ ના આબુના શિલાલેખમાં ઠાભૂને મહામુદ્રામાત્ય કહ્યો છે,

મહાપ્રતિહાર

આ કાવ્યમાં મહાપ્રતિહારનો ઉલ્લેખ આવે છે. કોઈને રાજમહેલમાં પ્રવેશ કરાવવાનો તેનો અધિકાર હતો. તેના અધિકારમાં નગરરક્ષાનું કાર્ય પણ હોય એમ જણાય છે. કીર્તિકૌમુદીમાં લખ્યું છે કે જગદેવ જ્યારે પ્રતિહાર (વેત્રિન્) હતો ત્યારે ગુર્જરોની નગરીમાં પેસવાની શત્રુઓની હિંમત ચાલતી નહોતી; એટલે તે રાજ્યનો પોલીસ ઉપરી પણ હોય એમ લાગે છે. વળી કોઈ કોઈ દાનપત્રમાં સાંધિવિગ્રહિકને બદલે તેનું નામ દૂતક તરીકે આપેલું જોવામાં આવે છે, તેથી એમ જણાય છે કે તે રાજ્યનો મોટો અધિકારી હતો. મહાસાંધિવિગ્રહિક કોઈ વખતે રાજાની સવારીમાં સાથે ન હોય, તે વખતે તેને દૂતક તરીકે નીમવામાં આવતો હશે.

દૂતક

પ્રત્યેક દાનપત્રમાં દૂતકનું નામ જોવામાં આવે છે, પણ આ કોઈ જુદો અધિકારી નહોતો. લગભગ બધાં દાનપત્રોમાં દૂતક તરીકે મહાસાંધિવિગ્રહિકનું નામ જોવામાં આવે છે. આ દૂતકનો અર્થ શો? હું એમ સમજું છું કે રાજા તરફથી જે જમીન દાનમાં આપવામાં આવે તે ખાનગી માલિકીની હોય, તો તેના માલિક પાસેથી ખરીદી લઈ દાન લેનારના કબજામાં સોંપવી પડે. આ કામ પારકાને સમજાવવામાં કુશળ હોય તેવો માણસ કરી શકે. વાટાઘાટ કરવામાં કુશળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેવા માણસો સાંધિવિગ્રહિક તરીકે પસંદ કરવામાં આવતા હોવા જોઇએ. આથી આ કાર્ય પણ તેને સોંપવામાં આવતું હશે. એક દાનપત્રમાં દૂતક તરીકે રાજાનું પોતાનું નામ જોવામાં આવે છે. ત્યાં મહા સાંધિ૦ સમજૂતીનું કામ ન કરી શક્યો હોય અને રાજાને જાતે એ કામ કરવું પડયું હોય અથવા તો તે દાન વખતે હાજર નહિ હોય એમ લાગે છે.

બીજા નાના અધિકારીઓ

આ ઉપરાંત બીજા કેટલાક નાના અધિકારીઓની પદવીઓની નોંધ જોવામાં આવે છે. સં. ૧૨૩૧ ના અજયપાલના દાનપત્રમાં નીચેના રાજપુરુષોનો ઉલ્લેખ છેઃ (૧) દેશ ઠક્કુર, (૨) અધિષ્ઠાનક, (૩) કરણપુરુષ, (૪) શય્યાપાલ, (૫) ભટ્ટપુત્ર, (૬) વિષયાધિપ, (૭) પટ્ટકિલ. તે ઉપરાંત પ્ર. ચિં. માં (૮) સત્રાગારિક અને ગિરનારના હાથી પગલાંના લેખમાં (૯) કોષ્ઠાગારિકનું નામ જોવામાં આવે છે. આમાંથી દેશ ઠક્કુર તે કદાચ દેશાધિપતિ કે નાયક હોય; અધિષ્ઠાનક તે હાલના મામલતદાર જેવો હોય; કરણપુરુષ તે ગામડાનો મુદ્રાધિકારી હોય; શય્યાપાલ તે રાજાનો સવારી કામદાર કે ગામડામાં રાજાના મુકામનો ઉપરી હોય; ભટ્ટપુત્ર તે ગામડાનો પોલીસ અધિકારી હોય; વિષયાધિપ તે હાલના કલેકટર જેવો જિલ્લાનો અધિકારી હોય; પટ્ટકિલ× તે ગામડાની આવક ઇજારે રાખનાર ઇજારદાર હોય અથવા જકાત–અધિકારી હોય; સત્રાગારિક તે ધર્મશાળા અને અન્નક્ષેત્રની દેખરેખ રાખનાર અમલદાર હોય; અને ભાંડાગારિક તે રાજાના ભંડારનો ઉપરી અધિકારી–મુગલ સમયના ખાને–સામાન જેવો–હોય એમ લાગે છે; પણ વિગતોના અભાવમાં કંઈ નક્કી કહેવાય નહિ.

આ ઉપરાંત કોશાધિકારી, ન્યાયાધિકારી, વિદ્યાધિકારી, સ્થાનનિર્માતા (રાજ્યના બાંધકામ ખાતાનો ઉપરી) વગેરે અધિકારીઓના ઉલ્લેખો મળતા નથી.

× પ્રબંધચિંતામણિમાં વારાહીના 'પટ્ટકિલો'નો ઉલ્લેખ છે (સિદ્ધરાજ પ્રબન્ધ–૪૫), તેનો અર્થ ભા. કા. પટેલો કરે છે, પણ તે ઠીક નથી; વારાહી પ્રદેશના જુદા જુદા ગામના જકાતઅધિકારીઓ કરવો ઠીક લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ–च

સુવર્ણસિદ્ધિ અને સંવત્સર-પ્રવર્તન

આ કાવ્યમાં સુવર્ણસિદ્ધિ વિશે એક જગ્યાએ ઉલ્લેખ આવે છે. પંદરમા સર્ગના પચાસમા શ્લોકમાં લખ્યું છે કે સોમનાથના મંદિરમાં સિદ્ધરાજ ધ્યાનમાં બેઠો હતો, ત્યારે સોમનાથ ભગવાને પ્રકટ થઈ દર્શન આપ્યાં અને આશીર્વાદ આપ્યો કે પૃથ્વીને અનૃણી કરવાને માટે તું સુવર્ણસિદ્ધિ મેળવીને સિદ્ધરાજ થજે:—

क्ष्मानृण्यायाधुना स्वर्णसिद्ध्या त्वं भव सिद्धराट् ।

આમાં તો માત્ર આશીર્વાદ છે, પરન્તુ વડનગર પ્રાકાર પ્રશસ્તિ જે સિદ્ધરાજના મિત્ર (પ્રતિપન્નબંધુ) કવિ શ્રીપાલે સં. ૧૨૦૮ માં લખી હતી તેમાં તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે તેણે સિદ્ધરસથી જગતને અનૃણી (દેવા વિનાનું) બનાવ્યું હતું અને તેથી તે સિદ્ધરાજ થયો હતો:–

सद्यः सिद्धरसानृणीकृतजगद्गीतोपमानस्थिति–

र्जज्ञे श्री जयसिंहदेवनृपतिः श्री सिद्धराज स्ततः ॥ ११ ॥

આ સુવર્ણસિદ્ધિ એટલે સોનાનો કીમિયો, પરન્તુ તે મેળવીને પૃથ્વીને અનૃણી કરવાનું કારણ શું ? એનો ખુલાસો આ કાવ્યના છેલ્લા શ્લોકમાં આપ્યો છે. કાવ્યકાર કુમારપાલને આશીર્વાદ આપે છે કે, તું પૃથ્વીને અનૃણી કરીને તારો સંવત્સર પ્રવર્તાવ:—

क्ष्मानृण्यीकरणात्प्रवर्तय निजं संवत्सरं चेत्पृषी–

ध्वाघोषत्सु सदा नृपः पदविधिर्यद्वत्समर्थोऽभवत् ॥१०२॥

આ ઉપરથી જણાય છે કે સુવર્ણસિદ્ધિ મેળવીને પૃથ્વીને દેવામાંથી મુક્ત કરી નવો સંવત્સર સિદ્ધરાજે પ્રવર્તાવ્યો હતો.

(પાછળના પૃ. ૭૩ ની ફૂટનોટ ચાલુ) પ્ર. ચિ. ના કુ; પ્ર.–૫૧ માં લવણપ્રસાદના સાઢુ દેવરાજને 'પટ્ટકિલ' કહ્યો છે, તેથી તે પટેલ તો ન જ હોય. તે ગામની ઉપજના આંકડાનો કે જકાતનો ઇજારદાર જ હોવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજની ઈચ્છા વિક્રમનો સમોવડિયો થવાની હતી એ આપણે પાછળ જોયું છે. વિક્રમે જ્યારે સંવત્સર પ્રવર્તાવ્યો ત્યારે તેણે ગામેગામ પોતાના અધિકારીઓ મોકલીને લોકોનાં લહેણાં દેણાં પતાવ્યાં હતાં, તેની નોંધ પ્રભાવકચરિતના જીવદેવસૂરિ પ્રબન્ધમાં છેઃ—

इतः श्रीविक्रमादित्यः शास्त्यवन्तीं नराधिपः ।
अनृणां पृथ्वीं कुर्वन् प्रवर्तयति वत्सरम् ॥७१॥
वायटे प्रेषितोऽमात्यो लिम्बाख्यस्तेन भूभुजा ।
जनानृण्याय जीर्णं चापश्यच्छ्रीवीरधाम तत् ॥७२॥

વિક્રમે સંવત્સર પ્રવર્તાવવાનો વિચાર કર્યો, ત્યારે લોકોને ઋણ-મુક્ત કરવાને લિમ્બ નામનો અમાત્ય તેણે વાયડ ગામમાં મોકલ્યો હતો; તેણે શ્રી મહાવીરનું મંદિર જીર્ણ થઇ ગયેલું જોયું.

આ પ્રમાણે સંવત્સર પ્રવર્તાવતાં પહેલાં લોકોનાં લહેણાં દેણાંનો રાજાએ નિકાલ કરાવવો પડતો, કેમકે જૂના સંવત્સરના લહેણાની બાકી નવા સંવત્સરમાં ખેંચી શકાય નહિ. આમ લહેણાનો નિકાલ તરતમાં થઇ જતો નહિ. કોઇ દેવાદાર માણસ લહેણું ચૂકવવા અસમર્થ હોય અથવા તો ઓછી રકમ લઈ પતાવવાને લહેણદાર નારાજ હોય તેનું લહેણું રાજ્યની તિજોરીમાંથી ચૂકવવું પડતું. તે વખતે મુદતબંધી કે તોડજોડના કાયદાનું અસ્તિત્વ નહોતું અને સંવત્સરપ્રવર્તન ધાર્મિક કાર્ય હતું, તેથી તેમાં જબરદસ્તી કરાય નહિ. આથી આ કાર્યમાં રાજ્યને પુષ્કળ ધનનો વ્યય કરવો પડતો હતો. તે ઉપરથી એવું મંતવ્ય પ્રચલિત થયું હતું કે સુવર્ણસિદ્ધિ મેળવ્યા સિવાય શકપ્રવર્તન થઇ શકે નહિ.

જિનમંડનસૂરિના કુમારપાલપ્રબંધમાં એક પ્રસંગ જણાવ્યો છે કે કુમારપાલને પણ સુવર્ણસિદ્ધિ મેળવીને જગતને અનૃણી કરવાની ઇચ્છા થઇ હતી. આથી શ્રીહેમચન્દ્રાચાર્યના ગુરુ શ્રીદેવચન્દ્રસૂરિ સુવર્ણ-સિદ્ધિની રીત જાણે છે એમ જાણવામાં આવ્યાથી તેમને શ્રીસંઘની મારફતે પાટણ તેડાવ્યા હતા. શ્રી. હેમચન્દ્રાચાર્યે તેમને કહ્યું કે નાન-પણમાં એક કઠિયારા પાસેથી વનસ્પતિનો વેલો લઈને આપની આજ્ઞા પ્રમાણે ત્રાંબાનો કટકો તેના રસમાં મેળવીને અગ્નિ ઉપર તપાવતાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનાનો થઇ ગયો હતો તે વનસ્પતિનું નામ કહો. એ ઉપરથી દેવચન્દ્રસૂરિ ગુસ્સે થઈ ગયા અને શ્રીહેમચન્દ્રાચાર્યને કહ્યું કે તને જ્ઞાનનું અજીર્ણ થયું છે અને કુમારપાલને કહ્યું કે તારા ભાગ્યમાં સુવર્ણસિદ્ધિ નથી તેથી તું અમારિ ઘોષણા પ્રવર્તાવીને ઉભય લોકનું શ્રેય કર.×

ઉપરના દૃષ્ટાંતથી જણાય છે કે કુમારપાલને પણ સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરીને શક પ્રવર્તાવવાની ઇચ્છા થઈ હતી અને આ કાવ્યના છેલ્લા શ્લોકમાં આચાર્યશ્રીએ તેને સંવત્સરપ્રવર્તનનો જે આશીર્વાદ આપ્યો હતો તેને કંઇક આધાર પણ છે.

આ પ્રમાણે સુવર્ણસિદ્ધિ મેળવીને સંવત્સર પ્રવર્તાવવાની કુમારપાલની ઈચ્છા ફળીભૂત ન થઇ પણ સિદ્ધરાજની ઇચ્છા કંઇક અંશે ફળીભૂત થઈ હતી. વડનગરની પ્રશસ્તિમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સિદ્ધરાજે સિદ્ધરસથી જગતને અનૃણી કર્યું હતું. આ હકીકતમાં સત્યાંશ છે કેમકે કાઠિયાવાડમાંથી ત્રણ ચાર શિલાલેખો મળી આવ્યા છે, તેમાં સિંહ સવત્સરનો ઉલ્લેખ છે, પરન્તુ ગુજરાતના બીજા ભાગમાંથી સિંહસંવત્સરવાળો એક પણ ઉત્કીર્ણ લેખ મળી આવ્યો નથી. એ ઉપરથી જણાય છે કે સિદ્ધરાજનો એ પ્રયોગ નિષ્ફળ ગયો હતો. તેનું કારણ એમ લાગે છે કે કાઠિયાવાડના લોકોને તેણે ઋણમુક્ત કર્યા હશે, પરન્તુ તેમ કરવામાં દ્રવ્યનો પુષ્કળ વ્યય થવાથી બીજે સ્થળે આ કામ બંધ કરવું પડયું હશે અને તેથી તેને સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી, એ વાત ખોટી ઠરે છે. જો તેને તે સિદ્ધિ મળી હોત તો તેના આખા રાજ્યમાં સિંહસંવત્સર ચાલ્યો હોત. સિદ્ધરાજનો આ પ્રયોગ ગુજરાતમાં અપૂર્વ હતો. વલભીસંવત્ ગુજરાતમાં ચાલ્યો હતો ખરો, પણ તે કંઇ નવો સંવત્સર નહોતો; માત્ર ગુપ્ત સંવત્‌નું નામ ફેરવીને વલભી સંવત્ ચાલુ કરવામાં આવ્યો હતો. જયસિંહસૂરિના કુમારપાલચરિતમાં એક નોંધ છે કે મૂળરાજના એક પૂર્વજ સિંહવિક્રમે અથવા વિક્રમસિંહે, મહેશ્વરે આપેલી સુવર્ણસિદ્ધિથી આખી પૃથ્વીને દાનથી અનૃણી કરીને સમુદ્ર સુધી પોતાનો નવો સંવત્સર ચલાવ્યો હતો.

× આ પ્રસંગ પ્ર. ચિં. માં પણ છે (કુમારપાલ પ્રબંધ ૩૭).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीसिंहविक्रम इति क्षितिभृत् क्रमेण
जज्ञे महेश्वरवितीर्ण सुवर्णसिद्धिः ।
यः क्षोणिचक्रमनृणं विरचय्य दानैः
संवत्सरं निजमवीवृतदासमुद्रम् ॥१, २१॥

પરન્તુ આ સંવત્સર ચાલ્યાનું કાંઈ પ્રમાણ મળતું નથી, આથી ગુજરાતમાં સંવત્સરપ્રવર્તનનો પ્રયોગ સિદ્ધરાજનો પહેલવહેલો જ હતો અને તે થોડે અંશે પણ જે સફળતા મેળવી શકયો તેને માટે તે આપણા માનને પાત્ર છે. સિંહ સંવત્સર સં. ૧૧૭૦થી ચાલુ થયો હોય એમ લાગે છે, તેથી તે તેણે પોતાના સોરઠવિજયના સ્મારક તરીકે પ્રવર્તાવ્યો હશે એમ ધારવું ખોટું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ—છ

કુમારપાલ ક્યારે જૈન થયો હતો ?

કુમારપાલે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો એમ ગુજરાતમાં સામાન્ય રીતે લોકવાયકા ચાલી આવે છે, પરન્તુ તેના સમયના મળી આવેલા કેટલાક લેખોમાં તેનું વિશેષણ उमापतिवरलब्धप्रौढप्रतापः જોવામાં આવે છે, એ ઉપરથી ઘણા વિદ્વાનો એમ માનવા લાગ્યા છે કે તે જૈન થયો નહોતો પણ શૈવ જ હતો. તો એ સંબંધી મળી આવતાં ઐતિહાસિક પ્રમાણોનો અહીં વિચાર કરીશું.

ઉપરના બિરુદનું મૂળ

ઉપરનું બિરુદ કુમારપાલે પોતે ધારણ કર્યું હતું એમાં કંઇ શંકા નથી. જો કે કુમારપાલનું પોતાનું એક પણ તામ્રપત્ર મળ્યું નથી, છતાં પણ તેના વંશજોનાં તામ્રપત્રોમાં, તેના અધિકારીઓ અને સામંતોના શિલાલેખોમાં અને કેટલાક સમકાલીન ગ્રંથોની પુષ્પિકાઓમાં એ બિરુદ જોવામાં આવે છે. શ્રી જિનવિજયજી જણાવે છે તેમ એ બિરુદ કુલક્રમાગત નહોતું, પણ તેણે પોતે નવું ધારણ કર્યું હતું, કારણ કે તેના પૂર્વાધિકારી કોઈ રાજાના લેખોમાં એ બિરુદ જોવામાં આવતું નથી. અલબત્ત બધા સોલંકી રાજાઓ આરૂઢ શિવભક્ત હતા એ ખરું, પણ કોઇએ પોતાને શિવના વરદાનથી પ્રતાપ મળ્યાનું જણાવેલું નથી. પરન્તુ આ બિરુદથી તે શૈવ હતો એમ સિદ્ધ થતું નથી. તેનો અર્થ એટલો જ થાય છે કે શિવના વરદાનથી તેને રાજ્ય મળ્યું હતું. કુમારપાલના આ મંતવ્યનું કારણ એવું છે કે સિદ્ધરાજ જ્યારે પુત્રનું વરદાન માગવાને પ્રભાસમાં ભગવાન સોમનાથ પાસે ગયો, ત્યારે સોમનાથે તેને જણાવ્યું હતું કેઃ—

त्वद्भ्रात्रीयत्रिभुवनपालपुत्रोस्ति धूःक्षमः ।
कुमारपालः साश्वीयस्त्वदन्ते क्ष्मां धरिष्यति ॥

द्व्याश्रयकाव्य–सर्ग १५, श्लो० ५५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્ તારા ભત્રીજા ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાલ તારા પછી રાજા થશે. આમ ખરેખર બન્યું હશે કે કેમ તેની સાથે આપણને સંબંધ નથી, પરન્તુ તે વખતે આવી લોકવાયકા ચાલતી હશે એમાં શંકા નથી. આ લોકવાયકાનો દ્વયાશ્રયમાં સંગ્રહ થયો છે; પરન્તુ તે ઉપરથી એટલું સ્પષ્ટ છે કે સિદ્ધરાજનો વિરોધ છતાં પોતાને રાજગાદી મળી તેનું કારણ સોમનાથ ભગવાનનું વરદાન હતું એમ કુમારપાલનું માનવું હતું. આથી ઉપરના બિરુદ ઉપરથી નિશ્ચિત થઈ શકે નહિ કે તે જૈન થયો હતો કે શિવભક્ત રહ્યો હતો, કારણ એમાં ધર્મનું સૂચન નથી, પણ રાજ્યપ્રાપ્તિનું સૂચન છે.

જૈન મંદિરો

કુમારપાલે કેટલાંક જૈન મંદિરો બંધાવ્યાં હતાં એમ પ્રબંધો ઉપરાંત દ્વયાશ્રય કાવ્યમાં પણ ઉલ્લેખ જોવામાં આવે છે. કુમારવિહાર નામના જૈન મંદિરની પ્રશસ્તિનું સંસ્કૃત કાવ્ય પણ મળે છે. એ ઉપરાંત કુમારપાલે બંધાવેલાં અથવા જીર્ણોદ્ધાર કરાવેલાં જૈન મંદિરોના શિલાલેખો પણ મળી આવ્યા છે. આ હકીકત પણ તે જૈન થયો હોવાનો પુરાવો નથી, કેમકે તેણે શૈવ મંદિરો બંધાવ્યાના અને જીર્ણોદ્ધાર કરાવ્યાના પુરાવા પણ મળે છે. દ્વયા. કા. માં જ ઉલ્લેખ છે કે તેણે પાટણમાં કુમારપાલેશ્વરનું મંદિર બંધાવ્યું હતું અને સોમનાથ અને કેદારેશ્વરનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.× સોમનાથના મંદિરના જીર્ણોદ્ધાર સંબંધી શિલાલેખ પણ મળી આવ્યો છે.* આથી માત્ર જૈન મંદિરો બંધાવ્યાના કારણથી જ તે જૈન થયો હતો એમ ન કહી શકાય.

અમારિ (અહિંસા)

કુમારપાલે અમારિ (અહિંસા)ની ઘોષણા (ઢંઢેરો) પ્રવર્તાવી હતી એમ જૈન પ્રબંધોમાં ઉલ્લેખો જોવામાં આવે છે. અને તેને દ્વયાશ્રય અને કેટલાક ઉત્કીર્ણ લેખોનો ટેકો પણ મળે છે; પરન્તુ દ્વયાશ્રયમાં અમારિઘોષણા પ્રવર્તાવવાનું જે કારણ આપવામાં આવ્યું છે, તે

× દ્વયાશ્રય કાવ્ય, ૨૦, ૯૯-૧૦૧.

* ભાવબૃહસ્પતિની પ્રશસ્તિનો પ્રભાસનો શિલાલેખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતાં જણાય છે કે તે અમારિ તેના જૈન ધર્મમાં દીક્ષિત થયાના પરિણામરૂપે નહોતી. તેમાં જણાવ્યું છે કે વિષ્ણુપર્વણી આમલકી એકાદશી (ફાગણ સુદિ અગિયારસ)ના દિવસે એક ખેડૂત કેટલાંક પશુ લઇને કસાઇને ઘેર વેચવા જતો હતો, તે કુમારપાલના જોવામાં આવતાં તેને દયા ઉત્પન્ન થઈ તે ઉપરથી તેણે અમારિઘોષણા પ્રવર્તાવી (દ્વ્યા. કા. ૨૦, ૫-૨૨). આ ઉપરથી જણાય છે કે જૈન ધર્મના સ્વીકારના પરિણામરૂપે તેની અમારિઘોષણા નહોતી; ઊલટું વિષ્ણુના પર્વનો સંબંધ જોતાં તે સમયે તે જૈન થયો નહોતો એ સ્પષ્ટ છે.

તીર્થયાત્રા

કુમારપાલે શત્રુંજય અને ગિરનારનાં જૈન તીર્થોની યાત્રા કરી હતી એમ જૈન પ્રબંધકારોએ લખ્યું છે, તે ઉપરથી પણ તેનું જૈનત્વ સિદ્ધ થતું નથી, કેમકે એ જ પ્રબન્ધકારો લખે છે કે તેણે સોમનાથની યાત્રા કરી હતી. (જુઓ પ્રબંધ ચિંતામણિમાં કુમારપાલ પ્રબંધ ૧૩, ૧૪, જયસિંહસૂરિ કૃત કુમારપાલ ચરિત સર્ગ ૮ તથા જિનમંડનકૃત કુમારપાલ પ્રબંધ, પૃ. ૯૯). સિદ્ધરાજ પણ સોમનાથની યાત્રાએ જતાં ગિરનાર અને શત્રુંજય ઉપર દર્શન કરવા ગયો હતો, એમ દ્વ્યાશ્રય કાવ્યમાં અને પ્ર. ચિં. માં ઉલ્લેખ છે. અત્યારે પણ રાજાઓ પોતે ગમે તે ધર્મ પાળતા હોય છે, છતાં પણ અન્ય ધર્મીઓના દેવસ્થાનમાં દર્શન કરવા જાય છે અને તેમના ધાર્મિક ઉત્સવોમાં ભાગ લે છે. આ ઉપરથી કુમારપાલ જૈન તીર્થોની યાત્રાએ ગયો એટલા ઉપરથી જ તે જૈન બન્યો હતો એવું અનુમાન ન થઈ શકે. વળી રાજાઓ અન્ય ધર્મનાં મંદિરોને દાન પણ આપતા અને હજી પણ આપે છે. મૂળરાજના પુત્ર ચામુંડે લાંઘ્રણજના જૈન મંદિરને ધર્માદા જમીન આપ્યાનું તામ્રપત્ર મળ્યું છે, પણ તે ઉપરથી એમ ન કહી શકાય કે તે જૈન બન્યો હતો.

જૈન દીક્ષાનાં પ્રમાણો

(૧) જૈન

આ પ્રમાણે સંસ્કૃત દ્વ્યાશ્રય કાવ્ય ઉપરથી કુમારપાલ જૈન થયો હોવાનું સિદ્ધ થતું નથી, પરન્તુ પ્રાકૃત દ્વ્યાશ્રય કાવ્યમાં અને ત્રિષષ્ઠિશલાકાચરિતમાં શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યે કુમારપાલે જૈન ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકાર્યા સંબંધી સ્પષ્ટ ઉલ્લેખો કર્યા છે. આ સમકાલીન ઉલ્લેખો કાઢી નાંખી શકાય એમ નથી. પાછળના પ્રબંધોના ઉલ્લેખોને આપણે પૂરતું વજન ન આપીએ, પણ સમકાલીન પ્રમાણોને તો પુરાવા તરીકે સ્વીકારવા જ પડશે. ધર્મપરિવર્તનનો ખોટો આરોપ મૂકતાં પહેલાં કોઈ લેખક ઘણો વિચાર આ જમાનામાં પણ કરે, ત્યારે તે જમાનામાં તો તેમ થઈ શકે નહિ. અને તેમાં પણ રાજા ઉપર તેવો આરોપ મૂકવો તે દેહાન્ત દંડની શિક્ષા નોંતરવા જેવું ગણાય. જો કુમારપાલ જૈન થયો ન હોત તો તેના જીવતાં જ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તે જૈન થયો હતો એમ લખવાની હિંમત કરે જ નહિ. વળી, અજયપાલના સેવક યશઃપાલે મોહપરાજયમાં કુમારપાલ જૈનધર્મના આચાર પાળતો હતો એમ લખ્યું છે. હવે જો કુમારપાલ જૈન થયો ન હોત તો અજયપાલ જેવા આરૂઢ શિવભક્ત અને જૈનધર્મદ્વેષીના રાજ્ય કાળમાં તેનો રાજપુરુષ (સરકારી નોકર) રાજાના કાકા ઉપર તેવો આરોપ મૂકવાની હિમ્મત કરે ખરો ? આથી પાછળના ગ્રંથોના પુરાવા ન માનીએ, તોપણ આ સમકાલીન ગ્રંથોના પુરાવા તો માનવા જ પડશે.

(૨) જૈનેતર

કુમારપાલ જૈન થયો હોવા સંબંધી જૈનેતર પ્રમાણો પણ છે. રાસમાળામાં ભાટોના ચોપાડા ઉપરથી બે કથાઓ આપી છે. એક કુમારપાલની સિસોદિયા રાણી સંબંધી અને બીજી અમાસ-પૂનમના વાદ સંબંધી. એ બે કથાઓ ઉપરથી કુમારપાલ જૈન હોવાનું સ્પષ્ટ રીતે જણાય છે. એ દંતકથાઓ અક્ષરશઃ સત્ય ન માનીએ તોપણ તે ઉપરથી એટલું તો માલૂમ પડે છે કે કુમારપાલ જૈન હતો એવું જૈનેતરો પણ માનતા હતા.

સં. ૧૬૧૦માં રચાયેલા વૈષ્ણવધર્મના સંપ્રદાયપ્રદીપના ત્રીજા પ્રકરણમાં પણ અમાસ-પૂનમની કથાનો ઉલ્લેખ છે, એટલું જ નહિ, પણ કુમારપાલ જૈન થયો હતો એમ સ્પષ્ટ કથનો છે.

कुमारपालो राजा बभूव । ततो हेमसूरिवचनात्स्वदेशमध्ये मीमांसक-वैष्णवपाशुपतसांख्ययोगवेदान्तसंज्ञानि वेदमूलानि षड्दर्शनानि नाशं निनाय ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્ કુમારપાલ રાજાએ હેમસૂરિના ઉપદેશથી પોતાના દેશમાં મીમાંસક, વૈષ્ણવ, પાશુપત, સાંખ્ય, યોગ વેદાંત વગેરે વૈદિક દર્શનોનો નાશ કર્યો હતો.

આ ગ્રંથમાં ઘણીક અતિશયોક્તિઓ છે, પણ એ ઉપરથી જણાય છે કે વિક્રમના સોળમા શતકમાં પણ (ગ્રંથ સત્તરમા શતકના આરંભે રચાયેલો હોવાથી) કુમારપાલ જૈન થયો હતો એમ આખ્યાયિકા બ્રાહ્મણોમાં ચાલતી હતી.

પંદરમા શતકમાં રચાયેલા 'ધર્મારણ્ય પુરાણ' નામના મોઢ જ્ઞાતિના પુરાણમાં પણ કુમારપાલના જૈનત્વ સંબંધી ઉલ્લેખ છે, એમ વાંચેલું યાદ છે. અત્યારે મારી પાસે એ ગ્રંથ નહિ હોવાથી તેમાંથી અવતરણ આપી શકું એમ નથી.

કુમારપાલ પછી પચાસેક વર્ષ પછી રચાયેલા નાગર બ્રાહ્મણ સોમેશ્વર કૃત 'કીર્તિ કૌમુદી' નામના ઐતિહાસિક કાવ્યમાં કુમારપાલને वीतरागरतिः એટલે તીર્થંકર ઉપર ભક્તિભાવ રાખનાર વર્ણવેલો છેઃ–

वीतरागरतेर्यस्य मृतवित्तानि मुञ्चतः ।
दिवस्य नरदेवस्य युक्ताभूदमृतार्थिता ॥ २, ४३

આ લગભગ સમકાલીન બ્રાહ્મણ લેખકનો પુરાવો આ સંબંધમાં બલવત્તમ ગણી શકાય એવો છે.

જૈન લેખકોનાં પ્રમાણોને પૂરતું વજન ન આપીએ તોપણ આ જૈનેતર લેખકોનાં પ્રમાણો ઉપરથી પણ કુમારપાલે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો એમ સ્પષ્ટ સમજાય છે.

હવે એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કુમારપાલે જૈન ધર્મનો અંગીકાર ક્યારે કર્યો ? જૈન પ્રબંધકારો સં. ૧૨૧૬ નું વર્ષ આપે છે, પણ તે માન્ય કરી શકાય એમ નથી. સં. ૧૨૨૫ ની ભાવ બૃહસ્પતિની પ્રશસ્તિ વાંચતાં સ્પષ્ટ જણાય છે કે તે સમય સુધી તો કુમારપાલ શિવભક્ત હતો. તેમાં લખ્યું છે કે જીર્ણોદ્ધાર થયેલું કૈલાસ જેવું સોમનાથનું મંદિર જોઈને કુમારપાલને અત્યંત હર્ષ થયો હતો.

प्रासादं यदकारयत्स्मररिपोः कैलासशैलोपमं
भूपालस्तदतीव हर्षमगमन्मोवाच चेदं वचः । श्लो. १४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી પ્રશસ્તિ વાંચી જોતાં કુમારપાલ સં. ૧૨૨૫ સુધી તો શૈવ રહ્યો હતો એ નિર્વિવાદ છે. આથી કુમારપાલના ધર્મપરિવર્તનનું વર્ષ સં. ૧૨૧૬ નહિ, પણ સં. ૧૨૨૬ હોવું જોઇએ.

પરન્તુ સં. ૧૨૨૬ વર્ષ માનતાં એક પ્રમાણનો બાધ આવે છે. સં. ૧૨૨૧ ના ઝાલોરના શિલાલેખમાં કુમારપાલને 'પરમાર્હત' એટલે મહાજૈન કહ્યો છે.* પરન્તુ આ લેખ આખો વાંચી જોતાં જણાય છે કે તે સં. ૧૨૨૧ માં લખાયો નહોતો, પરન્તુ સં. ૧૨૬૮ માં લખાયો હતો. તેમાં તો કુમારપાલે સં. ૧૨૨૧ માં કરાવેલા મહાવીર સ્વામીના કુમારવિહાર નામના મંદિરનો ઉલ્લેખ છે. ત્યાર પછી એ જ લેખમાં સં. ૧૨૫૬ માં ઝાલોરના રાજા સમરસિંહના આદેશથી તેનો જીર્ણોદ્ધાર થયો હતો એમ જણાવ્યું છે અને છેવટે સં. ૧૨૬૮ માં તે મંદિરની પ્રતિષ્ઠા થઇ હતી એમ લખ્યું છે. આથી આ લેખ સં. ૧૨૨૧નો નથી, પણ સં. ૧૨૬૮નો છે એ સ્પષ્ટ છે. તે ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે સં. ૧૨૨૧ પહેલાં કુમારપાલ જૈન થયો હતો.

કુમારપાલ જૈન થયા સંબંધીનાં બે દૃઢ પ્રમાણો જે મળી આવે છે, તે સં. ૧૨૨૬ પછીનાં છેઃ—

૧. શાન્તિનાથ ચરિત્રની સં. ૧૨૨૭ ની પ્રશસ્તિના છેલ્લા શ્લોકમાં કુમારપાલને 'સુશ્રાવક' ઉત્તમ જૈન કહ્યો છે;—

संवत्सरे नगभुजार्कमिते नभस्ये मासे पुरेऽणहिलपाटकनामधेये ।
सुश्रावके कुमारपालनृपे च राज्यं कुर्वत्यलिख्यत सुपुस्तकमेतदंग ! ॥ ३४ ॥

(ગા. ઓ. સિ. માં પાટણના જૈન ભંડારોની સૂચિ, પૃ. ૨૨૬)

૨. યોગશાસ્ત્રની સં. ૧૨૨૮ માં ઉતારેલી પ્રતમાં કુમારપાલને 'પરમાર્હત' કહ્યો છેઃ—

संवत् १२२८ वर्षे श्रावणसुदि १ सोमे अद्येह श्रीमदणहिलपाटके समस्त राजावलिसमलंकृतमहाराजाधिराज**परमार्हत**श्रीकुमारपालदेवकल्याणविजयराज्ये.

(એજન, પૃ. ૧૦૫)

ઉપરનાં સમકાલીન વિશ્વસ્ત પ્રમાણો જોતાં સં. ૧૨૨૬ માં કુમારપાલ જૈન થયો હતો, એ સંબંધી શંકાને અવકાશ રહેશે નહિ.

* મુનિશ્રી જિનવિજયજી સંપાદિત 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ' ભા. ૨, લેખાંક ૩૫૨, પૃ. ૨૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચિ

અજયપાલ, ૭૩, ૮૧
અજાવિક, ૨૬
અણુવર, ૧૩
અણુ, ૮
અતસ્ય:, ૮
અધવાલિ, ૩૧
અધિષ્ઠાનક, ૭૩
અધોવસ્ત્ર, ૧૦
અનધ્યાય, ૨૪
અનુપદીનિકા, ૧૧
અનુબ્રાહ્મણો, ૨૩
અનુવર, ૧૩
અનેકતંત્રી, ૨૬
અનેકાર્થ સંગ્રહ, ૬૩
અન્ત્યજ, ૨૧
અપસ્માર, ૨૧
અભયતિલકગણિ, ૬૪
અયૂપ, ૯
અભિધાન ચિં. મ., ૬૩
અમાનુષી ચમત્કાર, ૧૮
અમાત્ય, ૬૮
અમારિ ઘોષણા, ૨૮, ૭૯
અર્જુનદેવ, ૬૯
અર્ણોરાજ, ૧૪, ૩૯, ૪૦, ૬૪,૬૫, ૬૮
અર્થશાસ્ત્ર, ૨૧
અરિખલ, ૩૩
અરિષ્ટસૂચક, ૨૧
અસુર, ૨૧
અલાબૂ, ૮
અવગુંઠન, ૩૮
અવન્તી, ૪૫
અર્હ્ત, ૪૩
અક્ષપટલિક, ૭૧
આંગવિદ્યા, ૨૩
આચિત, ૩૧
આટકોટ, ૪૨, ૬૭
આટવિકબલ, ૩૩
આઢક-કી, ૩૧
આનક, ૨૫
આનન્દપુર, ૪૨, ૬૭
આનર્ત, ૬૪
આબુ, ૫, ૪૧, ૭૨
આમિક્ષા, ૯
આમલકી, ૧૬, ૨૮, ૭૯
આલિગ. ૬૮
આલેખ્યપટ, ૨૫
ઈન્દ્રધ્વજ, ૧૭
ઇન્દ્ર મહોત્સવ, ૧૭
ઇષ્ટિકા, ૪
ઉજ્જયની, ૨૦
ઉણાદિગણ, ૬૩
ઉત્તરીય, ૧૦
ઉદયન, ૬
ઉદયસિંહ, ૬૫
ઉદ્વાહમંગલ, ૧૨
ઉદુમ્બર, ૪૩
ઉપાનસ, ૪, ૮
ઉમા, ૮
ઉર્ણનાભ, ૧૦
ઉર્ણાયુ, ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉરણુક, ૯
એકતંત્રી, ૨૬
ઔકિથક, ૨૩
ઔદિચ્ય, ૫
ઋષ્ટિ, ૩૫
ઋષભ, ૨૬
કચ્છ, ૩૯, ૪૧, ૬૭
કટક, ૫
કટકિયા વાણિયા, ૬
કઠ, ૨૩
કણય, ૩૫
કનક મંડપિકા, ૩૮
કમ્બા, ૨૪
કરણ પુરૂષ, ૭૩
કર પત્ર, ૩૫
કરવાલિકા, ૩૫
કરસુ, ૩૧
કરંભક, ૧૦
કર્ણ, ૧૩, ૩૯. ૬૫
કર્ણાવતી, ૬૨
કર્તરી, ૩૫
કર્ષ, ૩૧
કલચૂરિકર્ણ, ૩૯
કલ્પસૂત્રો, ૨૩
કલ્યાણીદ્વિતીયા, ૧૭
કસાઈ, ૭, ૧૬
કસુંબો, ૧૦
કશ્મલ, ૨૧
કળશી, ૩૧
કંક, ૩૬
કંચુકી, ૧૦
કંથાગ્રામ, ૪૩
કંપન, ૩૫
કાક, ૫
કાકલ, ૨૪, ૬૩
કાકિણી, ૩૧
કાન્દવિકાપણ, ૯
કાન્હડ. ૪૦
કાપિલેય, ૨૬
કાવ્યાનુશાસન, ૧૯, ૬૬
કાલી–કાલિકા, ૨૦
કાશ્મીર, ૧૯
કાશી, ૪૧
કાર્ષાપણ, ૩૧
કાવ્યાનુશાસન, ૧૭. ૬૩
કાંડપૃષ્ઠ, ૫
કાંટેલાનો શિલાલેખ, ૬૯
કિલાટ, ૯
કીર્તિકૌમુદી, ૪. ૩૪, ૭૨, ૮૨
કીર્તિસ્તંભ, ૨૫
કુડવ, ૩૧
કુદ્દાલ, ૩૫
કુન્ત, ૩૪
કુમારપાલ, ૫, ૧૩. ૨૩, ૨૬, ૨૮, ૨૯, ૩૪, ૩૮, ૪૦, ૬૩, ૬૪, ૬૫, ૬૮, ૬૯, ૭૬, ૭૮, ૭૯, ૮૦, ૮૧
કુમારપાલચરિત, ૬૩
કુમારવિહાર, ૨૮, ૭૯, ૮૩
કુમારેશ્વર, ૨૮, ૭૯
કુશ, ૩૫
કુશી, ૩૬
કુંકુમ, ૧૧
કૂર્ચ, ૧૧
કેકાણ, ૪૧
કેદારેશ્વર, ૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેલ્હણ, ૪૦
કોષ્ઠાગારિક. ૭૩
કોલ્હાપુર, ૪૧
કોશાધિપ, ૭૦
કૌટિલીય અર્થશાસ્ત્ર, ૩૩
કૌશાંબી, ૪૩
કૌક્ષેય, ૩૬
કૌંચબંધ, ૩૨
કૃશાશ્વ, ૨૬
કૃષ્ણ. ૪૦
ખડ્ગ, ૨૪
ખતીબ, ૧૯
ખસા, ૬
ખાદ્ય, ૯
ખારી, ૩૧
ખોહા. ૯
ખેરાળુ, ૬૮
ગદા, ૩૫
ગર્ભવિઘ્ન, ૧૪
ગવાક્ષ, ૪
ગંડ, ૩૯
ગ્રામાક્ષપટલિક. ૭૧
ગ્રાહરિપુ, ૭, ૧૦, ૩૫, ૩૯, ૪૨, ૬૫, ૬૬, ૬૭
ગાંધાર, ૨૬
ગિરનાર, ૨૮, ૪૧, ૪૨, ૮૦
ગુજરાત, ૭, ૩૪, ૬૪
ગુડધાના, ૮
ગુર્જરો, ૧૧
ગુપ્તસંવત, ૭૬
ગુપ્તિ, ૩૨, ૩૬
ગુલામી, ૩૨
ગુલિકા, ૩૫
ગેડીદડા, ૧૮
ગોફણિ, ૩૫
ગોવર્ધન મહોત્સવ, ૧૭
ગોવર્ધન પૂજા, ૧૭
ગોવિંદરાજ, ૪૦
ગોહિલવંશ, ૬૯
ગૌતમશાસ્ત્ર. ૨૩
ગૃહ્યસૂત્ર, ૨૩
ગ્રીષ્મદોલા, ૧૬
ઘટગ્રહ, ૨૪
ઘન, ૩૫
ચક્ર, ૩૪
ચન્દ્રવેશ્મ, ૨૫
ચન્દ્રશાલા, ૪
ચમાર, ૭
ચર, ૩૭
ચંડશર્મા, ૭૦
ચંડાતક, ૧૦
ચાહડગદેવ, ૬૨
ચામુંડ, ૩૪, ૬૫, ૮૦
ચાવડા, ૬૪
ચાહડ, ૪૦
ચાહિણી, ૬૨
ચાંડાલ, ૭
ચિત્રપટ, ૨૫
ચુલ્ય. ૪૩
ચૂતભંજિકા, ૧૮
ચેદિ, ૩૩
ચોટિલા, ૪૨, ૬૭
ચોપાટ, ૧૪
ચોલક, ૧૦
ચૌલુક્ય, ૫
છન્દોનુશાસન. ૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદેવ, ૭૨
જયચંદ, ૪૦
જલક્રીડા, ૧૮
જલજાત્રા, ૧૭
જામે ઉલ હિકાયત, ૧૯
જંબુક, ૬૮
જંબુમાલી, ૪૨, ૬૬, ૬૮
જંબુગામ, ૬૬, ૬૭
જંબુરી, ૬૭
જીવદેવસૂરિપ્રબંધ, ૭૫
જુગાર, ૧૯
જેહુલ, ૬૮
ઝલ્હણા, ૧૩
ઝાલોર, ૮૩
ટક્કા, ૬
ઠાભૂ, ૭૨
ડચ્યૂસ, ૩૫
ડાહુ, ૩૫
ઢક્કા, ૨૫
ઢૂંઢા, ૧૬
તરવારિ, ૩૫
તંત્ર, ૨૩
તંદુલ, ૮
તામ્રચૂડધ્વજ, ૩૩
તાંડય, ૨૩
તિથિશ્રવણ, ૩૮
તિલ, ૮
ત્રિશષ્ટિશલાકા પુ. ચ., ૬૩, ૮૦
ત્રિશૂલ, ૩૪
ત્રિભુવનપાલ, ૭૯
તુમ્બકર, ૮
તૂરી, ૩૮
તોમર, ૩૪
દત્તા, ૩૯
દદ્દ, ૩૯
દધિમચતિલક, ૧૨
દધિસક્તુ, ૧૦
દરદ, ૩૯
દલ્મિ, ૩૫
દશાવતારી મંદિર, ૪, ૨૭
દશાવતારી રમત, ૧૮
દંડનાયક, ૬૮, ૬૯
દંષ્ટ્રિકા, ૧૧
દ્રમ્મ, ૭, ૩૧
દાઢિકા, ૧૧
દાદાક, ૭૦
દામોદર, ૭૦
દારૂબંધી, ૨૮
દિગંબર, ૨૬
દિનાર, ૭
દિવ્યજલપાન, ૨૧
દુર્ગા, ૨૨
દુર્ગાદેવી, ૨૨
દુર્લભદેવી, ૬
દુર્લભરાજ, ૧૪
દુસ્ફોટ, ૩૫
દૂતક, ૭૨, ૭૩
દ્રુમતિ, ૪૨
દેવચંદ્રસૂરિ, ૬૨
દેશીનામમાલા, ૬૩
દોલોત્સવ, ૧૬
દેશાધિપતિ, ૬૮, ૬૯
દેશઠક્કુર, ૭૩
દોહદ, ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોણ, ૩૧
દ્વાત્રિંશિકા, ૬૩
દ્વયાશ્રયકાવ્ય, ૬૩, ૬૫, ૭૯
ધનુર્વિદ્યા, ૨૩
ધનુષ, ૩૪
ધર્મલાભ, ૨૮
ધર્મવિદ્યા, ૨૩
ધર્મારણ્ય, ૮૨
ધવલ, ૧૨
ધવલગૃહ, ૨૮
ધંધુકા, ૬૨
ધાતુપારાયણ, ૬૩
ધાના, ૯
ધૈવત, ૨૬
નગરાક્ષપટલિક, ૭૧
નગરદુર્ગ, ૩
નગરરચના, ૩
નટસૂત્રો, ૨૩
નડ્વલ, ૪૩
નર્મબંધુ, ૩૭
નવઘણ, ૬
નવરાત્રિ, ૧૭
નાગપુર, ૬૨
નાગોર, ૬૨
નાગર, ૫
નાગરલિપિ, ૨૪
નાગરેચક, ૫
નાગલોકો, ૧૯, ૨૦
નાડોલ, ૫, ૪૦
નાન્દીપુર, ૪૩
નાભિનન્દનોદ્ધાર પ્રબંધ, ૮
નામકરણ, ૧૫
નાયક, ૬૮
નારંગી, ૧૦
ન્યાયશાસ્ત્ર, ૨૩
નિઘંટુશેષ, ૬૩
નિમ્બન્ન, ૨૭
નિષ્ક, ૩૨
નિષાદ, ૨૬
નીરાજન, ૩૮
નીલવસ્ત્ર, ૩૮
નેમિચંદ્ર, ૬૨
નૃત્યકલા, ૨૬
નૃવંશવિદ્યા, ૧૯
પટલિક, ૭૧
પટ્ટકિલ, ૭૩
પટ્ટિશ, ૩૫
પણ, ૩૧
પત્તિ, ૩૩
પદ્મમંત્રી, ૬, ૧૫
પદ્માનન્દકાવ્ય, ૧૫
પરદારાગમન, ૨૮
પરિખા, ૩
પરમારો, ૫
પરશુ, ૩૪
પરિશિષ્ટપર્વ, ૬૩
પલ્લી, ૪૩
પંચમ, ૨૬
પંચિકા, ૧૮
પંચતંત્ર, ૨૪
પ્રભાવકચરિત, ૨૩, ૭૫
પ્રબંધચિંતામણિ, ૯, ૧૦, ૧૯, ૨૨, ૬૬, ૭૧
પ્રભાસ, ૩૯, ૭૮, ૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમીમાંસા, ૬૩
પ્રલાપ, ૨૧
પ્રશ્નોરા, ૫
પ્રસ્થ, ૩૧
પાખંડ, ૨૭
પાટણ, ૩, ૨૩, ૩૮, ૬૨
પાટિલ, ૭૧
પાદ, ૩૧
પાર્શ્વનાથચૈત્ય, ૨૮
પાલણપુર. ૭૨
પાલી, ૩૧
પારા, ૩૫
પાહિણી, ૬૨
પ્રાતર્વિધિ, ૩૮
પ્રાકૃતદ્વ્યાશ્રય, ૮, ૩૮, ૮૦
પિતૃ, ૨૧
પુંખણ, ૧૩
પેથડ, ૭૨
પોતવણિક, ૬
પોરવાડ, ૬
પોલિકા, ૯
પૃથ્વીરાજ, ૧૪, ૪૦
પૃથ્વીરાજ રાસો, ૧૪
બર્બરક, ૧૯, ૩૫, ૩૯
બલિમહ, ૧૬
બલ્લોલ, ૫, ૩૪, ૪૦
બ્રહ્મરાક્ષક, ૫
બારપ, ૩૯
બાલી, ૭૦
બ્રાહ્મણક, ૫
બિલ્હણ, ૧૧
બિસ્ત, ૩૧, ૪૨
બૂડખોટ. ૧૯
બોધિસત્ત્વ, ૨૬
બૌદ્ધધર્મ, ૨૬
ભટ્ટપુત્ર, ૭૩
ભદ્રા, ૪૨, ૬૬, ૬૭
ભરુચ, ૩૯
ભલ્લિકા, ૩૪
ભસ્મક, ૨૧
ભંગા, ૮
ભાક્તશાલિ, ૧૦
ભાગિક, ૩૨
ભાટ, ૩૧
ભાદર, ૬૭
ભાવબૃહસ્પતિ, ૭૯, ૮૨
ભિત્તિચિત્ર, ૨૫
ભિન્દિમાલ, ૩૫
ભીમદેવ, ૭, ૨૧, ૩૩, ૩૮, ૩૯
ભૂત, ૨૧
ભેરી, ૨૫
ભોગવતી, ૧૯
ભોગાવો, ૬૬
ભોજ, ૩૯
ભૃતકબલ, ૩૩
મજીઠ, ૧૦
મણિચવ્ય, ૮
મદિરાપાન, ૧૭
મદ્યભૂમિ, ૧૭
મધુપર્ક, ૧૨
મધુમતી, ૪૩
મધ્યમ, ૨૬
મન્દેહ, ૩૯
મલ્લિકાર્જુન, ૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મચણલ્લા, ૧૩, ૨૫, ૩૯
મચા, ૩૬
મહાદેવસ્તોત્ર, ૬૩
મહાપ્રતીહાર, ૩૭, ૬૮, ૭૨
મહામંત્રી, ૬૮
મહાલક્ષ્મી, ૨૭, ૩૮
મહામાત્ય, ૬૮, ૬૯, ૭૦
મહામુદ્રામાત્ય, ૬૮. ૭૨
મહાવન, ૧૪, ૧૯
મહાસાંધિવિગ્રહિક, ૬૮, ૬૯, ૭૦, ૭૨
મહાક્ષપટલિક, ૬૮, ૭૦
મક્ષિકા, ૩૪
મંત્રી, ૬૮, ૬૯
મંડ, ૯
માતૃવેરમ, ૧૨
માણક, ૩૧
મારવાડ, ૪૧
માષ, ૮, ૩૧, ૩૨
માહેયા, ૬
માળવા, ૧૧, ૬૫
માળિયા, ૪૧
માંગરોળ, ૬૯
માંગુઝાલા પ્રબંધ, ૭
મુદ્રા, ૮
મુદ્ગર, ૩૫
મુદ્રાધિકારી, ૭૨
મુદ્રારાક્ષસ, ૨૭
મુશલ, ૩૫
મુલૂક, ૬૯
મુષ્ટિ, ૩૫
મુષ્ટિયુદ્ધ, ૧૮
મુસલમાન, ૭
મૂલરાજ, ૫, ૨૧, ૩૮, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૮૦
મુંજાલ, ૬
મેદ, ૬
મેચાસ, ૬
મેવાડ, ૬, ૪૦
મ્લેચ્છ, ૭
મ્લેચ્છાચાર, ૩૮
મૈત્રક, ૬૪
મોઢ, ૫, ૬
મોઢેરા, ૪૦
મોદક, ૮, ૯
મોરબી, ૪૩
મોહપરાજય, ૮૧
મૌલબલ, ૩૩
યમ, ૨૭
યવ, ૮
યવક, ૮
યવનલિપિ, ૨૪
યશ:પાલ, ૮૧
યક્ષ. ૨૧
યજ્ઞશાસ્ત્ર, ૨૩
યાત્રા મહોત્સવ, ૨૭
યોગશાસ્ત્ર, ૬૩, ૮૩
રજપૂતાના, ૧૧
રત્નદીપ, ૪
રત્નસિંહ, ૭૨
રમઝાન, ૭
રાજકોટ, ૬૭
રાજદુર્ગ, ૩
રાજપ્રાસાદ, ૩૭
રાણકદેવી, ૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્રસૂરિ,
રાષ્ટ્રકૂટ, ૬૪
રાષ્ટ્રયા, ૬
રાસ, ૨૬
રાસમાલા, ૪૨, ૬૭, ૬૮
રાક્ષસ, ૨૧
રુદ્દતીવિત્ત, ૨૮
રુદ્રમહાલય, ૨૮
રુપક, ૩૨
રેવા, ૩૧
લવણોત્તારણ, ૧૩
લાંઘણજ, ૮૦
લાખો ફુલાણી, ૩૯, ૬૭
લાટવિજય, ૬૫
લાટ, ૩૪, ૪૧, ૬૪, ૬૯
લિંગાનુશાસન, ૬૩
લુંઠિ, ૩૫
લેખપદ્ધતિ, ૩૨
લોહિત, ૩૧
લૌકાયતિક, ૨૩
વજ્ર, ૩૪
વટક ૯
વટી, ૯
વઢવાણ, ૬૬
વડનગરાનાગર, ૫, ૧૫
વડનગર, ૭૪
વનવાસ, ૪૧
વનાવલિ, ૪
વલભી, ૬૪
વલભીસંવત, ૭૬
વસન્તવિલાસ, ૩, ૪
વસન્તોત્સવ, ૧૬
વસાતી, ૪૩
વસ્તુવિનિમય, ૩૨
વાઙ્ગમય સત્ર, ૨૩
વાગ્ભટ. ૬૮
વાગ્ભટાલંકાર, ૩૩
વાર્તિક, ૨૩
વામનસ્થલી, ૪૨
વાયડ, ૭૫
વાયડાવણિક, ૬ ૧૫
વારાહી, ૭૩
વિક્રમ, ૨૦, ૭૫
વિક્રમાંક દેવચરિત, ૧૧
વિજય, ૪૦
વિદ્યાધર, ૨૦
વિદ્યામઠ, ૨૩
વિનાયક, ૨૧
વિમલમંત્રી, ૭૦
વિસવાન્, ૪૩
વિષયાધિપ, ૭૩
વીણા, ૨૬
વીતરાગસ્તુતિ, ૬૩
વીસનગરા નાગર, ૫, ૧૫
વીસલદેવ, ૬૯
વ્રીહિ, ૮
વ્યૂહરચના, ૩૪
વેદાંકુશ, ૬૩
વૈશ્યરાક્ષસ, ૨૧
વૈજલદેવ, ૭૦
શક્તિ, ૩૪
શતઘ્ની, ૩૫
શતપથ, ૨૩
શત્રુંજય, ૨૮, ૪૨, ૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શય્યાપાલ, ૭૩
શલ્યી, ૩૬
શષ્કુલી, ૯
શંકુ, ૩૫
શંખ, ૨૫
શંખોદ્ધાર, ૪૧
શ્મશ્રૂ, ૧૧
શાકંભરી, ૫
શાન્તિનાથ ચરિત્ર, ૮૩
શાર, ૧૮
શાવરજંબૂક, ૬૬
શાર્ક્ર, ૪૩
શાટિકા, ૧૦
શાલિ, ૮
શાલિહોત્ર, ૨૪
શિકાર, ૧૮
શિલાક્ષેપકયંત્ર, ૧૯, ૩૫
શિવશાણ, ૪૩
શીઘ્રસ્થાપત્ય, ૨૫
શ્રીપાલ, ૭૪
શ્રીમાળી, ૫, ૬
શુદ્રરાક્ષસ, ૨૧
શૂર્પ, ૩૧
શેકુ, ૩૩
શેત્રંજ, ૧૮
શ્રેણિકબલ, ૩૩
શોભનદેવ, ૭૨
શૌરીષક, ૪૩
શૃગાલગર્ત, ૪૩
ષડ્દર્શન, ૨૩
ષડંગુલ, ૩૦
ષડ્જ, ૨૬
ષષ્ટિ, ૮
સજ્જન, ૭૦
સણધાન્ય, ૮
સત્રાગારિક, ૭૩
સપ્તશતી, ૧૭
સમરસિંહ, ૮૩
સમરરાસુ, ૪
સમૂહક્રીડા, ૧૮
સમૂહચિત્ર, ૨૫
સલક્ષણસિંહ, ૬૯
સમૂહવિહાર, ૧૮
સરસ્તીપુરાણ, ૪
સહસ્રલિંગ, ૪, ૨૩, ૨૭
સંપુટ, ૧૨
સંપ્રદાયપ્રદીપ, ૮૧
સંયુક્તા, ૧૪
સંવત્સરપ્રવર્તન, ૭૪, ૭૫, ૭૬
સ્થલી, ૪૩
સ્વયંવર, ૧૪
સ્વસ્તિક, ૩
સાકે, ૧૭
સાખિદત્તેય, ૪૩
સાખેય, ૪૩
સાઢમારી, ૧૮
સામંતસિંહ, ૬૯
સાભ્રમતી, ૩૪
સાંકાશ્ય, ૫
સાંધિવિગ્રહિક, ૩૮, ૬૮, ૭૨
સાંસર્ગવિદ્યા, ૨૩
સાંયાત્રિક, ૬
સિંધણ, ૩૪
સિદ્ધપુર, ૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરસ, ૭૪
સિદ્ધરાજ, ૧૯, ૨૦, ૨૩, ૨૭, ૨૮, ૩૦, ૩૩, ૩૫, ૩૯, ૪૦, ૪૨, ૬૨, ૬૪, ૬૫, ૭૯, ૮૦
સિદ્ધ–હૈમ, ૬૨, ૬૩
સિંધ, ૭, ૩૮, ૩૯
સિંહવિક્રમ, ૭૬
સિંહપુર, ૫, ૪૩
સિંહસંવત્સર, ૭૬, ૭૭
સીમંત, ૧૪
સુર, ૨૧
સુરાષ્ટ્ર, ૬૭
સુરગ્રહ, ૨૩
સુવર્ણસિદ્ધિ, ૭૪, ૭૫, ૭૬
સુરથોત્સવ, ૧૫
સુહૃદ્બલ, ૩૩
સૂતમાતૃકા, ૧૪
સૂત્રો, ૨૩
સેઇ, ૩૧
સૈકોત્તર, ૪૩
સોમચંદ્ર, ૬૨
સોમનાથ, ૧૬, ૧૯, ૨૮, ૮૦
સોમેશ્વર, ૧૫, ૪૦, ૭૯, ૮૨
સોરઠ, ૧૧, ૩૮, ૪૧, ૬૯
સોરઠીઓ, ૧૧
સૌરાષ્ટ્રવિજય. ૬૫
હલ્લીસ, ૨૬
હળ, ૩૫
હળવા, ૩૦
હાલા, ૧૭
હિમપ્ર ઉસ, ૨૦
હિમાદ્રિ, ૫
હુલ્લડ, ૧૯
હૂણ, ૬
હેડચ, ૩૨
હેમચંદ્રાચાર્ય, ૬, ૭, ૨૮, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૮૦, ૮૧
હેરિક, ૩૭
ક્ષત્રપ, ૬૪
ક્ષત્રરાક્ષસ, ૬૧
ક્ષાત્રવિદ્યા, ૨૩
ક્ષિપકા, ૩૬
ક્ષુરિકા, ૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્તિ

પૃષ્ઠ	પંક્તિ		વધારો
૫	૧૫	"ઔદીચ્ય બ્રાહ્મણો"	ટિપ્પણ ૨. સંવત્ ૧૦૮૬ના પહેલા ભીમના દાનપત્રમાં 'ઉદીચ્ય' બ્રાહ્મણોનો ઉલ્લેખ છે.
૬	૧૧	"હૂણ"	ટિપ્પણ ૩. મેવાડના એક રાજાની રાણી હૂણવંશની કન્યા હતી એમ એક સ્થળે વાંચ્યાનું યાદ છે.
૬	૧૮	"કટકિયા વાણિયા"	ટિપ્પણ ૪. કાન્હડદે પ્રબંધમાં કટકિયા વાણિયાનો ઉલ્લેખ છે (૨, ૮૮). પાટણમાં કટકિયાવાડો અને અમદાવાદમાં કટકિયાવાડ નામના મહોલ્લા છે.
૧૦	૮	"બ્રાક્તશાલિ"	સૂચનાંક–(૧૭, ૧૧૯)
૧૧	૧૬	"કૂર્ચ"	કૂર્ચ–દાઢી
૧૮	૫	"પંચિકા"	સૂચનાંક-(૫, ૩૯)
૩૭	૧૧	"ડાંગર"	ટિપ્પણ ૨. મૂળમાં ઘણું કરીને "લાજા" શબ્દ છે. તેનો અર્થ ડાંગરની ધાણી થાય.
૭૦	૧૨	"મહાદંડનાયક"	ટિપ્પણ સં. ૧૨૧૬ના બાલીના લેખમાં વૈજલ્લને "મહાપ્રચંડ દંડનાયક" કહ્યો છે, તેથી કદાચ "મહાદંડનાયક"ની પદવી હોઇ પણ શકે. જો તેમ હોય તો તેના અધિકારો વાઇસરોયના પોલિટિકલ સેક્રેટરી જેવા હોવા જોઇએ.
૭૧	૧૭	"કોશાધિકારી"	ટિપ્પણ જાહિલ્લ પહેલા ભીમનો 'વ્યયકરણ અમાત્ય' હતો (જૈન સાહિત્યનો ઇતિહાસ. ટિ. ૨૩૩) અને સોમ સિદ્ધરાજનો કોશાધિકારી હતો (કી. કૌ. ૩, ૧૪), એ જોતાં કોશાધિકારી જેવો કોઇ અમલદાર કદાચ હશે ખરો, જોકે ઉત્કીર્ણ લેખોમાં તેવા કોઇ રાજપુરુષનું નામ જોવામાં આવતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિપ્રાય

— પ્રો. ડોલરરાય રંગીલદાસ માંકડ —

" કર્તાએ હેમચંદ્રાચાર્યના સંસ્કૃત દ્વયાશ્રય કાવ્યમાંથી નગર, નગરજનો, અન્ન, વસ્ત્ર, સાંસારિક રિવાજ, ઉત્સવો, વિલાસો, ચમત્કારો, વહેમો, વિદ્યા, કલા, ધર્મ, ખેતી, ઉદ્યોગ, વેપાર, સૈન્ય, શસ્ત્રાસ્ત્ર, રાજકુલ, ઇતિહાસ, ભૂગોળ, આદિ બાબતોની વીગતો તારવી કાઢીને પ્રકરણવાર ગોઠવી છે. તેમ કરવામાં મૂળ તેમ જ તેની અભયતિલક ગણિએ કરેલી ટીકા, જે એની વચ્ચે લગભગ એક સો વર્ષનું અંતર છે તે બંનેનો આધાર લીધો છે, પણ જ્યાં ટીકાનો આધાર લીધો છે, ત્યાં લગભગ બધે તેનો નિર્દેશ કર્યો છે, તેથી સ્પષ્ટતા આવી છે. વળી લગભગ તે જ કાળના બીજા કેટલાક ગ્રન્થોમાંથી પૂરક માહિતી પણ પાદનોંધોમાં કર્તાએ આપી છે. આથી ગ્રન્થની ઉપયોગિતા વધી છે.

" છેલ્લે જે પરિશિષ્ટો આપ્યાં છે તે બધાં ઉપયોગી છે.

" વિષયનું નિરૂપણ તેમ જ લખાણની પદ્ધતિ યોગ્ય રીતે શાસ્ત્રીય છે. આથી કરીને આ નાનો ગ્રન્થ પ્રમાણભૂત બને તેવો છે."

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા

૧ સિદ્ધહેમનો અપભ્રંશ વિભાગ (અનુવાદ)	અધ્યા. મધુસૂદન મોદી અને પં. કેશવરામ કા. શાસ્ત્રી
૨ બીમ્સના ઉપોદ્‌ઘાતનો અનુવાદ	,, ,, ,,
૩ છંદોનુશાસન (પ્રાકૃત–અપભ્રંશ ભાગ)	અધ્યા. જીવણલાલ ત્રી. પરીખ
૪ ગુજરાતી છંદો	અધ્યા. રામનારાયણ વિ. પાઠક
૫ અસાઈતનું 'હંસાઉલી' કાવ્ય	પં. કેશવરામ કા. શાસ્ત્રી
૬ ભીમનું 'સદયવત્સકથા' કાવ્ય	અધ્યા. મંજુલાલ ર. મજમુદાર
૭ પુરાણોમાં ગુજરાત	અધ્યા. ઉમાશંકર જે. જોષી
૮ જૈન આગમોમાં ગુજરાત	મુનિ શ્રીપુણ્યવિજયજી
૯ ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઇસ્લામ યુગ)	શ્રી. રત્નમણિરાવ ભી. જોટે
૧૦ પંચમહાલના ભીલ	શ્રી. પાંડુરંગ ગો. વણીકર
૧૧ રાનીપરજ	શ્રી. જુગતરામ દવે અને અધ્યા. ઉમાશંકર જે. જોષી
૧૨ ગુજરાતની પ્રજાની મૂળ જાતિઓ	અધ્યા. છોટુભાઇ એમ. ધીવાળા
* ૧૩ દ્વ્યાશ્રય કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ (કી. રૂ. સવા)	શ્રી. રામલાલ ચુ. મોદી
* ૧૪ ગુજરાતી અટકોનો ઇતિહાસ (કી. રૂ. સવા)	અધ્યા. વિનોદિની નીલકંઠ
૧૬ ગુજરાતનું મૂર્તિવિધાન	શ્રી. કનૈયાલાલ ભા. દવે
* ૧૭ આપણા–કવિઓ–ખંડ ૧ (કી. રૂ. એક)	પં. કેશવરામ કા. શાસ્ત્રી
* ૧૮ રણમલ્લછંદની ઐતિહાસિક સમાલોચના (કી. આના ચાર)	મૌ. સૈયદ અબુ ઝફર નદવી
* ૧૯ 'અખો'–એક અધ્યયન (કી. રૂ. બે)	અધ્યા. ઉમાશંકર જે. જોષી
* ૨૦ Indo-Aryan and Hindi (કી. રૂ. સાડા ત્રણ)	ડૉ. સુનીતિકુમાર ચાટુર્જ્યા
૨૧ Archæology and Ancient Indian History	ડૉ. હીરાનંદ શાસ્ત્રી
* ૨૨ મુઝફ્ફરશાહી (મૂળ અને અનુવાદ) (કી. રૂ. સવા)	મૌ. સૈયદ અબુ ઝફર નદવી અને શ્રી. છોટુભાઈ ર. નાયક

સૂચના—આવી * નિશાનીવાળાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે: અંક ૫, ૧૦ અને ૨૧ છપાય છે; જ્યારે બાકીનાં તૈયાર થવાની જુદી જુદી સ્થિતિમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar